અનન્ય પરિવર્તન

September 2016, Mumbai • Volume 6 • Issue 5

Shrimad Rajchandra AatmaTatva Research Centre

Rajnagar, Parli

પર્યુષણ મહાપર્વ – ૨૦૧૬

મૂર્તિમાન મોક્ષ... એ જ માર્ગ



પર્યુષણ મહાપર્વ – ૨૦૧૬ : સ્પર્શ ભક્તિ, વીર વંદના















અનુક્રમણિકા

પ્રાર્થનામૃત ૩

પત્રોની પાંખે ૪

જ્ઞાન સાગર ૫

પૂજ્યશ્રી કી અમૃતવાણી ૧૦

The Master's Voice ૧૫

પ્રશ્નોત્તરી ૧૮

જીવનમાં યુ ટર્ન ૨૦

ધારાવાહિક નવલિકા ૨૩

પર્યુષણ મહાપર્વ - ૨૦૧૬ ..... ૨૬

વિશેષ અહેવાલ ૨૮

Shree Raj Educational Centre ૨૯

વિશેષ અહેવાલ ૩૦

સત્ પુરુષાર્થ ૩૨

પુરુષાર્થની પાઠશાળા ૩૪

Health To Happiness ૩૫

શ્રી રાધાવતાર ૩૬

RIYF ૪૨

સોહામણું સત્ય ૪૪

The Reader's Forum ૪૬

Kidzone ૪૭

Recent News ૪૮

તત્ત્વ ઉકેલ ૪૯

Forthcoming Events ૫૦

From Us... to You ૫૧

Sponsorship ૫૨











Editorial

શ્રીમદ્ વીતરાગ શાસનમેં, ઉત્તમ ક્ષમાકી સ્થાપના,
આત્માર્થે કરીએ ખામના, સબ દોષ પાપ હો જાય ફના.

આત્મશુદ્ધિથી આત્મસિદ્ધિ તરફ લઈ જતાં, ક્ષમાપનાના મહાન પર્વ, પર્વાધિરાજ પર્યુષણના મંગળ પ્રસંગે વર્ષ દરમિયાન જાણતા - અજાણતા થયેલ ભૂલોની મન-વચન-કાયાના યોગે હૃદયપૂર્વક ક્ષમાપના યાચીએ છીએ.

મિચ્છામિ દુક્કડમ્

પર્યુષણ પર્વના આ પાવન દિવસો દરમિયાન આપણા પ્રત્યક્ષ શ્રી ગુરુના મુખેથી ગુરુ-શિષ્ય સંબંધ અને શિષ્યના આત્મવિકાસમાં ગુરુના યોગદાનનું અદ્‌ભુત મહાત્મ્ય આપણે સહુએ ગ્રહણ કર્યું. ખરેખર, મુર્તિમાન સદ્‌ગુરુ દ્વારા જ મોક્ષનો માર્ગ સમજાય છે, મળે છે. બસ, પુરુષાર્થ દ્વારા એ માર્ગે પગલા પાડવાની આપણી તૈયારી જોઈએ. એકપણ શિષ્ય બનાવ્યા વગર ગુરુ મોક્ષે જઈ શકે છે, પણ ગુરુ બનાવ્યા વગર શિષ્ય મોક્ષે જઈ શકતો નથી. આ આઠ દિવસો દરમિયાન સહુને ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ''નું વેદન થયા વગર રહ્યું નહીં હોય.

શ્રી ગુરુ દ્વારા મોક્ષમાર્ગનું રહસ્ય ત્યારે જ મળે છે જ્યારે શિષ્યની યોગ્યતા તૈયાર થઈ હોય. આ યોગ્યતા તેમના પ્રત્યે શ્રદ્ધાના બળવાનપણાથી પ્રાપ્ત થાય છે. આ શ્રદ્ધા જો અખંડપણે ટકી રહે તો અનંત ભવોથી અદ્રશ્યમાન રહેલું તત્ત્વ, દ્રશ્યમાન થાય છે. માત્ર આત્મપ્રાપ્ત ગુરુ દ્વારા જ આપણો આત્મા, પરમ આત્મા બનવાની તૈયારી કરી શકે છે. જો ''હું આત્મા છું, અજર-અમર-અવિનાશી છું, મારું મૃત્યુ નથી'' એવો દ્રઢ નિશ્ચય થઈ જાય તો વિકલ્પના બધા કારણો હટી જઈ એક પ્રકારની નિર્ભયતા આવી જાય છે અને શ્રી ગુરુની કૃપાએ જગતના બાહ્ય આકર્ષણો પ્રત્યેનો રાગ ભાવ દૂર થઈ, વીતરાગતા તરફની યાત્રા શરૂ થાય છે.



'રાજરોટી' - શ્રી ગુરુની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલી અનોખી માનવસેવા યોજના, જેનાથી જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ખીલી, અન્યોનય શુભ ઋણાનુંબંધ બંધાઈ, આત્મધર્મનો લક્ષ પમાડવાનો હેતુ પાર પડી રહ્યો છે. તદ્‌ઉપરાંત હાલમાં જ રાજનગર પર્લી ખાતે શિક્ષણની અત્યાધુનિક સુવિધા ધરાવતી હાઈસ્કુલની નવી બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન થયું જે સુધાગઢ તાલુકાની પ્રથમ હાઈ-ટેક શાળા હશે. આ બન્નેનો અહેવાલ આ અંકમાં વાંચવાનું ચૂકશો નહીં.

અનંત ક્ષમા



હું.... આત્મા છું.... હું ..... આત્મા છું...

હું અનંત ક્ષમાનો ધારક....

ક્રોધાદિક કષાય એ મારૂં સ્વરૂપ નથી.... નિમીત્તાધીન થઈ..... આજ્ઞાનવશ.... હું ક્રોધ કરું છું..... પરિસ્થિતિનું અજ્ઞાન..... મારી શક્તિનું અજ્ઞાન.... કુદરતનાં કાનુનનું અજ્ઞાન મને અસમતા કરાવે છે.... માટે હું મને જાણું.... મને સમજું..... મારી પરિસ્થિતિનું જ્ઞાન કરું..... મનના સંયોગોનું કારણ જાણું.... મને અસમતા નહીં થાય...

ભવ ભવના ભ્રમણમાં.... વિષય ભાવમાં રમ્યો છું.... ક્યારેક ને ક્યારેક.... આ વિષમ ભાવો છોડવા પડશે..... અનંત ક્ષમાને ધારણ કરવી પડશે..... એ અનંત ક્ષમા મને મુક્તિ આપશે.... સમતા સહજ છે. વિષમતા કૃત્રિમ છે. ક્રોધ કરવો પડે છે. ક્ષમા સહજ છે. વિષમતા આવેગ ને આવેશ સાથે થાય છે. મારા આવેગોને, મારા આવેશોને શાંત રાખું.... પરિસ્થિતિનું પરીક્ષણ કરું. મારું જ્ઞાન મેળવું.... હું ક્ષમાવંત બની શકીશ....

અનંત ક્ષમાશીલ મહાવીરનો અનુયાયી હું પણ મહાવીર જેટલી શક્તિ ધરાવું છું. એ મારી શક્તિઓને જાગૃત કરી મારે મારામાં અનંત શાંતિ જોઈતી હોય.... શક્તિ જોઈતી હોય.... તો ક્ષમા એનો ઉપાય છે..... અનંત ક્ષમાને જાગૃત કરવા માટે.... શુદ્ધાત્માનું ચિંતન.....

હું ..... આત્મા છું..... હું ..... આત્મા છું.....

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ◆

સૌજન્યઃ- પૂ.ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીના પુસ્તક 'આત્મચિંતન'માંથી.

સૌજન્ય : દિનેશ બાબુલાલજી ચોરડીયા, ઓસ્ટ્રેલિયા

પત્રોની પાંખે

નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્ય શ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દૃષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

પરમ પ્રિય સ્નેહીને,

પત્રો લખવા શરૂ કર્યા તે સારું છે, પરંતુ કંટાળી ન જશો. ધીરજથી લખ્યા કરશો. દરેક વખતે વિચાર માટે ભાર આપવામાં આવે છે, તે જ પ્રમાણે જે કંઈ પણ લખાય તે જરૂર થોડો સમય વિચારવું.

''આત્મસ્વરૂપ અગમ્ય તે, અવલંબન આધાર,
જિનપદથી દર્શાવીઓ, તેહ સ્વરૂપ પ્રકાર.''

આત્મા જેમ છે તેમ પોતાની મેળે ન ઓળખાય તેવો અગમ્ય છે. માટે જ કંઈક અવલંબન લઈને સમજવા જેવો છે. આમ જે અવલંબન લેવાનું છે તે જિનપદનું જણાવ્યું. જિનપદ એટલે જે વ્યક્તિએ (જ્ઞાની/સત્પુરુષ) એ આત્માને પ્રાપ્ત કરી ખૂબ દશા વધારી છે તે.

આમ આત્મા ઓળખાતો નથી તે આત્માનું દુઘર્ટપણું છે. એટલે જો જ્ઞાની / સત્પુરુષ ઓળખાય તો આત્મા ઓળખાય. જ્ઞાનીને ઓળખવા એટલે કે તે કેટલા નિઃસ્પૃહ થઈને જીવે છે તે બરાબર હૃદયથી જાણવું. આમ તેની વર્તનાને નજીકથી (closely) અવલોકન કરતાં આ વાત બરાબર સમજાય છે અને અંતરંગથી સંસારનાં સર્વ પ્રસંગ, સંગથી અળગા રહે છે અને અખંડ તેમજ રહેવા પ્રયત્ન કરે છે. આ વસ્તુ સમજી શકાય છે, અનુભવાય છે, જ્ઞાનીની ઓળખ થઈ શકે છે. આમ આત્માને ઓળખવા માટે જ્ઞાનીને અંતરંગથી ઓળખવાની જરૂર છે. માટે હવે હું કહું તે તેમજ કર.

સ્નેહીના સ્નેહીને વંદન. ◆



ભક્તિના સાધનો અને પ્રાર્થના ક્રમ

***શ્રદ્ધાનું સ્વરૂપ અને ભગવાનનાં ભક્તની શ્રદ્ધા, ભાવના.**

હે પ્રભુ! આપનો ઉપકાર અપરંપાર છે. આપ કેટકેટલી શક્તિઓનાં અંશો પ્રત્યેક જીવને તેનાં સ્વાત્મકલ્યાણાર્થે આપો છો. જીવ જો સમજે અને તેનો યથાર્થ લાભ લેવાનો નિર્ણય કરે તો આત્મવિકાસ સાધી આત્મશ્રેય સુલભતાએ પ્રાપ્ત કરી શકે.

સદ્‌ગુરુને જ્યારે ખાતરી થાય કે શિષ્યએ યોગ્યતા પ્રાપ્ત કરેલી છે તો એ આત્મિક ગુણોના અંશો એને પ્રાપ્ત કરાવે છે. અનંતકાળમાં જે આત્મા ઓળખી નથી શકાતો એવો આત્મા હવે ઓળખી શકાય છે. અનન્ય એવી શ્રદ્ધા હોય કે આ જ મોક્ષમાર્ગનાં દાતા છે, જે કહે છે એજ મોક્ષનો માર્ગ છે, ત્યારે શક્તિનાં અંશો પ્રત્યેક જીવને જે રીતે આત્માનું કલ્યાણ થાય, એ રીતે એ પ્રગટ કરાવે છે. જીવને વર્ષો પછી ખબર પડે છે કે આ ગુણો પ્રગટ થયા છે, આ દોષો ગયા છે.

'હું આત્મા છું' અને મારામાં ગુરુકૃપાએ આવા આત્મિક ગુણો અને અનંત શક્તિઓનાં અંશો પ્રગટ થયા છે; જો પ્રગટ થયા છે તો વિશેષ પ્રગટ થશે, આગળ વધાશે એવું માનવું એનું નામ શ્રદ્ધા અને પ્રગટ નથી થયા તો, 'હું આત્મા છું,' ગુણો અંતરમાં રહેલા છે એને પ્રગટ કરવાના છે. જેમ બી વાવી દીધું હોય તો કંઈ દેખાય નહીં પણ વિશ્વાસ હોય કે બી વાવેલું છે અને બરાબર પાણી, ખાતર છંટાતું હોય તો અમુક સમય પછી છોડ જમીનને ફાડીને બહાર નીકળી આવે છે. એવી જ રીતે 'હું આત્મા છું' એ વિશ્વાસ એનું નામ શ્રદ્ધા. એ શ્રદ્ધાથી અંકુર ફૂટે એટલે કે આત્માની શક્તિઓ ચોક્કસ પ્રગટ થાય.

આત્મામાં અનંત શક્તિ છે. આત્માનો જેમ જેમ વિશેષ લક્ષ અને અનુભવ થતો જાય છે, એ રીતે આત્મવિશ્વાસ અત્યંત અત્યંત બળવાન થતો જાય છે અને એ પ્રમાણે સંસારનાં કોઈપણ પ્રસંગની અંદર, કોઈપણ બીજા પદાર્થનાં સંયોગને કારણે અંશમાત્ર ભય રહેતો નથી. એવી સમજણ છે કે આત્માને કંઈ કરતાં કંઈ થતું નથી અને કર્મનાં કારણે જે કંઈ થાય છે એ તો દેહને થાય છે, જે પર પદાર્થ છે. જો દેહ સાથે તાદાત્મ્યપણું છે, તો દેહના દુઃખે આપણે દુઃખી થઈએ છીએ. શારીરિક વેદના કે દુઃખના કારણે કોઈને દુઃખ લાગતું નથી; 'હવે શું

સૌજન્ય : દિપક હેમેન્દ્ર શાહ, મુંબઈ

થાશે' એવા વિચાર માત્રથી જ આ દુઃખ છે અને જ્યારે લક્ષ આવે છે કે આ બધા કર્મનાં ઉપદ્રવો છે, હું પરમ શુદ્ધ પ્રકૃષ્ટ એવો આત્મા છું, અને આ કર્મથી મારો કંઈ સંબંધ નથી, તો પછી કર્મનાં ઉદયનાં કારણે, કોઈપણ ભાવ ન હોય એ સ્વાભાવિક છે.

શ્રદ્ધા આત્માનો ત્રિકાળી ગુણ છે, શ્રદ્ધા એ જીવનનું અમૃત છે, હૃદયમાંથી વહેતું પરમ માધુર્ય છે, સત્પુરુષનાં અનુગ્રહની ઉત્તમ પ્રસાદી છે, પરમપદ પ્રાપ્તિનું કલ્યાણકારી બીજ છે, સિદ્ધિનું પ્રથમ અને અંતિમ સોપાન છે. શ્રદ્ધા એ પ્રેરણા છે, પ્રકાશ છે. મોહની જડતામાં ચેતનની સરવાણી એટલે શ્રદ્ધા. શ્રદ્ધા એ જ સાચું વાસ્તવિક જીવન છે. શ્રદ્ધાથી જીવવું એટલે ભગવાન અર્થે જીવવું.

કોઈપણ વસ્તુની પ્રાપ્તિ માટે, સૌથી મોટું કારણ છે જીવનો ભાવ કે મને આ જોઈએ છે અને પછી, આ પદાર્થની મને પ્રાપ્તિ થઈ શકે છે એવો વિશ્વાસ; એ પદાર્થ કેવી રીતે પ્રાપ્ત થાય એવો વિચાર અને પછી એવો પુરુષાર્થ, તો જરૂર એ પદાર્થની પ્રાપ્તિ થાય જ છે. ભાવ કરવો, વિચાર કરવો કે મને આ જોઈએ છે, એ જડનો ગુણ નથી, આત્માનો ગુણ છે. શ્રદ્ધા એ આત્માનો ગુણ છે માટે જો આત્મા નિત્ય છે તો પછી આ શ્રદ્ધા પણ નિત્ય છે, અમર છે, સિદ્ધની દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી.

> **આત્માનાં ગુણોનો વિકાસ ધારીએ એટલો કરી શકીએ અને પરમપદનું, 'હું આત્મા છું, અજર, અમર છું' એવું દ્રઢત્વ અને આત્મા જે કંઈ ભાવ વારંવાર કર્યાજ કરે, એ ભાવ ચોક્કસ પુરા થાય એવો વિશ્વાસ હોય તો.**

આત્માનાં જે જે ગુણો છે, એ ગુણોનો વિકાસ ધારીએ એટલો કરી શકીએ અને એટલો વિકાસ થાય તો છેવટની દશા કહેતાં પરમપદની પ્રાપ્તિ પણ સંભવિત છે. 'હું આત્મા છું, અજર, અમર છું' એવું દ્રઢત્વ અને આત્મા જે કંઈ ભાવ વારંવાર કર્યાજ કરે, એ ભાવ ચોક્કસ પુરા થાય એવો વિશ્વાસ હોવો જોઈએ. પરમાર્થે એકાદ ભવ કે વધારે ભવ લાગે અને સંસારની અપેક્ષાએ હોય તો ૫-૭ કે ૧૦ વર્ષની અંદર એની પ્રાપ્તિ થઈ શકે છે. પણ મને મળશે કે નહીં એવી આશંકામાં જ આખું જગત જીવે છે.

આ શ્રદ્ધા બળવાનપણે ફળશે જ એવો વિશ્વાસ એ માટે નથી આવતો કારણ કે આત્માની ઓળખાણ વગર દેહાધ્યાસથી મન, ચિત્ત, બુદ્ધિની મારફત આપણે શ્રદ્ધા કરીએ છીએ જડ પદાર્થની પ્રાપ્તિ માટે, જેનો વિયોગ કે નાશ છે જ. થોડા વખત સુધી એ પદાર્થની સાથે રહીએ અને અચાનક કંઈક બને તો ગમે તેવી કિંમતી ચીજ હોય એ ચોરાઈ જાય, તૂટી ફૂટી જાય અને કોઈ પ્રિય વ્યક્તિ હોય તો એ આપણી રહે કે ન રહે એની ગેરંટી નથી. સંસારમાં અનેક ભવોથી આ શ્રદ્ધા વારંવાર તૂટતી આવે છે, માટે શ્રદ્ધા ઉપર પણ અશ્રદ્ધા હોય છે.

શ્રદ્ધા આત્માનો ત્રિકાળી ગુણ છે.

જો આ સમજવામાં આવે કે આત્મા અમર છે, તો શ્રદ્ધા પણ અમર જ છે. ૨-૩ ભવ સુધી શ્રદ્ધા ટકી રહે અને બળવાન પરમાર્થ પુરુષાર્થ કરવામાં આવે તો સમકિત અથવા જ્ઞાનનો વિકાસ કહેતા, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વિગેરેનો વિકાસ ચોક્કસ થાય.

શ્રદ્ધા એ જીવનનું અમૃત છે અને હૃદયમાંથી વહેતું પરમ માધુર્ય છે.

કોઈપણ જીવ કોઈપણ વસ્તુની માંગણી કરે તો સારામાં સારી ચીજની જ કરે ને ? શ્રદ્ધા બે જગ્યાએ થઈ શકે. આ વ્યક્તિ મને મળી જાય અથવા કોઈ પદાર્થ કહેતાં જડ પદાર્થ મને મળી જાય. જ્યાં સુધી એ પદાર્થની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી હૃદયની અંદર આનંદ જ છે કે મળશે, મળશે.

આ સંસારની શ્રદ્ધા, કોઈ વ્યક્તિ પ્રત્યેની અથવા તો કોઈ પદાર્થ પ્રત્યેની જો જીવની અંદર માધુર્ય લાવી

શકતી હોય, તો જો શ્રદ્ધા થાય કે 'હું આત્મા છું,' આત્માનાં બધા ગુણો મારામાં રહેલા છે, આત્માનાં ગુણો પ્રગટ થઈ શકે છે અને આ રીતે જો આત્માનો વિચાર કરવામાં આવે તો આત્મા પોતે, પોતાના સ્વભાવને પ્રાપ્ત કરી શકે છે.

ભગવાન મહાવીરે કહેલા નવ તત્ત્વની ઊંડાણથી સમજણ, પછી જીવ-અજીવનું અનુભવે કરીને જ્ઞાન, મને ચોક્કસ થશે એવું ભાન એ ત્રિકાળી શ્રદ્ધા. એવી જ રીતે આત્માનાં છ પદ, પરમકૃપાળુ દેવે, ભગવાન મહાવીરે આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરી, એ આત્મામાં સ્થિર થઈ, એ આત્માને જે રીતે જાણેલો છે, એ રીતે આપણને જણાવેલો છે કે આત્માને છ પ્રકારે ઓળખવા જેવો છે. એ છ પદ મને ચોક્કસ શબ્દથી સમજાશે, પછી 'હું આત્મા છું' અનુભવે કરી એ છ પદ સપ્રમાણ અને પૂર્ણ વિસ્તારથી ચોક્કસ મને સમજવામાં આવશે એવું માન્યા જ કરવું એ શ્રદ્ધા. એજ પ્રમાણે ગુરુ-દેવ-ધર્મ; સત્‌ગુરુની પ્રાપ્તિ થાય તો સાચા ધર્મની સમજણ મળે જેનું છેલ્લું પરિણામ છે દેવ તત્ત્વ. જેને માનીએ છીએ, એ આત્મપ્રાપ્ત પુરુષ છે એવી ખાતરી થઈ ગયા પછી એમનાં પ્રત્યે અનન્ય એવી શ્રદ્ધા રહે કે એ જે કહે છે એ રીતે મોક્ષનો માર્ગ સમજાશે અને દેવ તત્ત્વ સમજાયા પછી એ તત્ત્વની પ્રાપ્તિ મને થશે.

શ્રદ્ધા સત્પુરુષના અનુગ્રહની ઉત્તમ પ્રસાદી છે, પરમપદ પ્રાપ્તિનું કલ્યાણકારી બીજ છે, સિદ્ધિનું પ્રથમ અને અંતિમ સોપાન છે.

આપણે બધા જન્મજન્માંતરથી કોઈને કોઈ જડ પદાર્થની આશામાં જ જીવીએ છીએ એટલે કે મરીએ છીએ. હવે એવી સમજણ લેવાની છે કે કયા પદાર્થની સત્‌શ્રદ્ધા કરવામાં આવે કે એ પદાર્થની પ્રાપ્તિ અવશ્ય થાય અને એનો ક્યારેય પણ નાશ ન થાય; એવી જે શ્રદ્ધા છે એ સત્પુરુષના અનુગ્રહની પરમ પ્રસાદી છે. સાચા પુરુષ મળ્યા પછી 'શ્રદ્ધા આત્માનો વિશિષ્ટ ગુણ છે' એવી સમજણ થઈ; અત્યાર સુધી શ્રદ્ધાનું જે સ્વરૂપ સંસાર પ્રત્યે હતું તે પરમાર્થિક, આત્મા પ્રત્યે થઈ જાય છે. જીવને આશ્ચર્ય લાગે એ રીતે શ્રદ્ધાની સાચી સમજણ પડે છે.

'હું આત્મા છું' અને આત્માના અંશો વિશેષ પ્રગટ થાય એ જાતનો ગુરુકૃપાએ, ગુરુઆજ્ઞાએ પુરુષાર્થ થાય તો આ શ્રદ્ધા અવશ્ય હાજર થાય કે 'મોક્ષનું બીજ - સમક્તિની પ્રાપ્તિ અવશ્ય થશે.' આ શ્રદ્ધા ને શ્રદ્ધા સમકિત કહીએ જે મોક્ષનું બળવાન કારણ થાય છે માટે સિદ્ધિનું પ્રથમ અને અંતિમ સોપાન છે.

> **અત્યંત ખેદ સહિત જો દેહની બધી ક્રિયાઓ થતી હોય તો ચોક્કસ માનજો કે બહુ જ જલ્દી આ શ્રદ્ધા બળવાન થશે. સંસારની કોઈપણ ક્રિયા રસપૂર્વક થઈ નહીં શકે, નિરસપણે થશે અર્થાત નિર્જરાનું કારણ થશે અને દશા ચોક્કસ આગળ વધશે.**

શ્રદ્ધા એ પ્રેરણા છે, શ્રદ્ધા એ પ્રકાશ છે.

સર્વજ્ઞ ભગવાન મહાવીરની તત્ત્વ વિશે વાતો ઉપર પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ. બાહ્ય જડ પદાર્થોનું વર્ણન કેવલી ભગવંતે એમના વર્તમાન સમયમાં કરેલું છે અને જડ પદાર્થ નિરંતર બદલાતા હોય છે તો એ વર્ણનમાં ફરક પડી શકે. પણ તત્ત્વની જે વાતો છે કે રાગ-દ્વેષ-અજ્ઞાનથી નિવૃત થવું, નવતત્વ, આત્માના છ પદ વિગેરે એમાં કોઈપણ ભૂલ ન હોઈ શકે. એ જગ્યાએ જો અશ્રદ્ધા થતી હોય, તો આ શ્રદ્ધાને વિચારીને ચોક્કસ બળવાન કરવાની છે. આ શ્રદ્ધા એ પ્રકાશ છે. અંધારામાં જે પદાર્થો ન દેખાય એવા પદાર્થોને દેખાડવાનું કામ પ્રકાશનું છે. સદ્‌ગુરુની શ્રદ્ધાએ અને આજ્ઞાએ આજે જે કંઈ કરીએ છીએ એનાથી અનાદિકાળથી અત્યાર સુધી જે આત્માના છ પદ, આત્માનો સાક્ષાત્કાર, આત્માની સાચી ઓળખાણ નથી થઈ તે થાય છે. શ્રદ્ધા જેમ વિશેષ બળવાન થતી જશે એ પ્રકારે અદ્રશ્ય એવો આત્મા જે

સૌજન્ય : અશોક કલ્યાણજી ભેદા, મુંબઈ

અનાદિકાળથી અત્યાર સુધી આપણી સાથે રહ્યા છતાં અદ્રશ્ય રહ્યો, ક્યારેય આપણે જોઈ કે અનુભવી ન શક્યા એ પ્રકાશિત થશે.

અખંડપણે સાચી શ્રદ્ધા એ છે કે આ મોક્ષનો માર્ગ પંદર ભવે પૂરો થાય; જેટલી જેની સ્પીડ એ પ્રમાણે ઓછા ભવ થાય. ચોથા ભવે મોક્ષે જઈ શકીએ એટલો પુરુષાર્થ અને એટલી આત્મિકદશા આજે વધી શકે છે. સંસારની કોઈપણ ક્રિયા કરતી વખતે જો મનમાં ખેદ ન વર્તે તો એ પાકી શ્રદ્ધા નથી જ. આના વગર મારે કેમ ચાલતું નથી એવી રીતે અત્યંત ખેદ સહિત જો દેહની બધી ક્રિયાઓ થતી હોય તો ચોક્કસ માનજો કે બહુ જ જલ્દી આ શ્રદ્ધા બળવાન થશે. સંસારની કોઈપણ ક્રિયા રસપૂર્વક થઈ નહીં શકે, નિરસપણે થશે અર્થાત નિર્જરાનું કારણ થશે અને દશા ચોક્કસ આગળ વધશે.

મોહની જડતામાં ચેતનની સરવાણી એનું નામ શ્રદ્ધા.

અનંતકાળથી આ મોહનીયકર્મથી ફસાયેલા છીએ. શબ્દથી 'આત્મા' બોલતા હોઈએ, પણ આત્માનું યથાર્થ ભાન કે અનુભવ નથી જ; પરપદાર્થના મોહની અંદર એવા આસક્ત અને મૂઢ થયા છીએ કે પરમાર્થના કોઈ વિચાર માત્ર કરવાની જીવને ઈચ્છા નથી. ધર્મના નામે વર્ષોથી દેરાસર, સામાયિક, પ્રતિક્રમણ બધું જ કરવામાં આવતું હોય પણ જો 'આત્મા, ચેતન એ હું છું, એ મને પ્રગટ થાય', એવો જો લક્ષ ન હોય તો બધી જ ક્રિયાઓ પરમાર્થ પ્રાપ્તિ માટે ચોક્કસ નિષ્ફળ છે.

'આત્મા, ચેતન એ હું છું, એ મને પ્રગટ થાય', એવો જો લક્ષ ન હોય તો દેરાસર, સામાયિક, પ્રતિક્રમણ બધી જ ક્રિયાઓ પરમાર્થ પ્રાપ્તિ માટે ચોક્કસ નિષ્ફળ છે.

દર્શન કે ચારિત્ર મોહનીય કર્મ ગમે તેવા બળવાન હોય પણ અંતરમાં 'હું આત્મા છું અને આ આત્મા મને પ્રગટ થાય' એવો ફક્ત એક વિચાર એ મોહની જડતામાં ચેતન કે શ્રદ્ધાની સરવાણી છે. સરવાણીનો અર્થ એ થાય જમીનમાંથી જરાક પાણી નીકળે, પછી ધીરે ધીરે વધતું જાય અને આખું સરોવર થઈ જાય. ગુરુકૃપા અને ગુરુશ્રદ્ધા એ અત્યંત જરૂરી છે. ગુરુએ કહ્યું છે એટલે હું માનું છું, એ સાચા છે એનો મને અનુભવ છે. બસ આટલી પણ એક શરૂઆત થાય તો નક્કી માનજો થોડા વર્ષની અંદર આત્મા વિશેષ, પ્રકારે પ્રગટ થશે.

શ્રદ્ધા એ જ સાચું અને વાસ્તવિક જીવન છે. શ્રદ્ધાથી જીવવું એટલે ભગવાન અર્થે જીવવું.

સાચું અને વાસ્તવિક જીવન કોણ જીવે છે? જીવન કોનું? જડનું કે શરીરનું? જે જીવે છે એ દેહ નહીં, જીવ છે. જડના સંયોગે ચેતન વારંવાર મરે છે એ અવાસ્તવિક છે; જડના સંયોગે કરી વારંવાર મરણ ન હોય તો એ વાસ્તવિક એટલે કે સાચું જીવન કહેવાય. હું જીવું છું, દેહ છે એ સંયોગ છે. સંયોગ છે એનો વિયોગ છે. સંયોગ હોય કે વિયોગ, હું જીવું છું, હું આત્મા છું એવી બળવાન નિરંતરની શ્રદ્ધા અને છેવટે પરમપદ, સિદ્ધપદ એ ચોક્કસ મને પ્રાપ્ત થવાનું છે એવો વિશ્વાસ એ પરમ શ્રદ્ધા. તો આવી શ્રદ્ધાએ, જીવને સમજીને જીવ્યા કરવું તે અત્યારનું વાસ્તવિક જીવન અને સિદ્ધની દશા પ્રાપ્ત થાય, તો ખરેખર નિશ્ચયથી એ વાસ્તવિક જીવન. ભગવાન અર્થે જીવવું એટલે એ પદની મને અવશ્ય પ્રાપ્તિ થશે એ વિશ્વાસ કે શ્રદ્ધાએ જીવવું. આ રીતે શ્રદ્ધાની સાચી સમજણ આવે તો સમકિત અને પછી આ ભવ સફળ ચોક્કસ છે.

ભગવાનનાં અમૃતમય વચનનાં આશયનો સ્વીકાર, તે પ્રત્યે ચિત્તનું એકાગ્ર વલણ અને તેમાં તલ્લીનતા તે શ્રદ્ધા; સર્વ પદાર્થમાં શું આદરવા યોગ્ય છે, પ્રાપ્ત કરવા યોગ્ય છે; તેનો વિવેક કરાવવા ઉપરાંત જે અદ્રશ્ય પદાર્થ અને તેના રહસ્યો છે તેની ખાતરી નિશ્ચય કરાવનાર જે તત્વ તે શ્રદ્ધા. જે જે દ્રશ્ય છે તે સર્વ ક્ષણિક અને વિનાશી છે તથા જે અદ્રશ્ય છે, તે શાશ્વત અને અવિનાશી છે એવું ભાન કરાવે તે શ્રદ્ધા.

મહાવીર ભગવાન અને પરમ કૃપાળુ દેવના જ્ઞાન

અને ચારિત્રમાં કોઈ ફરક નથી માટે કૃપાળુ દેવનાં વચનો પણ અમૃતમય વચનો છે. એમના વચનોનો યથાર્થ આશય સમજી એ પ્રત્યે ચિત્તની એકાગ્રતા થાય અને એ ભાવમાં તલ્લીનતા થાય તે શ્રદ્ધા.

સંસારમાં રહીને અત્યાર સુધી આપણે જે શ્રદ્ધા કરી છે એ જડ પદાર્થો પ્રત્યે જ. શ્રદ્ધા આત્માનો ગુણ છે અને પારકી જગ્યાએ કામ લાગે તો સાચી શ્રદ્ધા કહેવાય કે અંધશ્રદ્ધા કહેવાય? આ અપેક્ષાએ વિચારી જુઓ. આખું જૈન જગત અંધશ્રદ્ધા કે અશ્રદ્ધાએ જ વર્તે છે, નહીં તો મોક્ષ કેમ દૂર હોય? માટે વિવેકથી તત્ત્વની સમજણ કે આ જડ છે, આ ચેતન છે, જડનો એટલે દેહનો અનાદિકાળથી સંયોગ છે, એનાથી પર એવો હું ચૈતન્ય છું, મને મારા ગુણો પ્રગટ કરવા જ જોઈએ, એનું નામ શ્રદ્ધા છે.

પાંચ ઈન્દ્રિયોથી જે જે પદાર્થનો પરિચય થાય છે એ બધા જ પદાર્થો ક્ષણિક છે, વિનાશી છે. અદ્રશ્ય પદાર્થને કોઈ ભવમાં જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી. એવો જે પદાર્થ તે હું જ છું અને જડના સંયોગે કરી ભ્રમીત છું. આ સંયોગથી પર થવું એ મારો ધર્મ છે. આવો વિચાર, સમજણ અને દ્રઢતાપૂર્વક એને આચરવું એ છે સત્‌શ્રદ્ધા. સદ્‌ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, ત્યાર પછી એના વચનો પ્રત્યેની શ્રદ્ધા, પછી પોતાને જે અનુભવ થાય એના ઉપરની શ્રદ્ધા; આ એક અનુભવ છે, તો છેવટના અનુભવનું ચોક્કસ કારણ બનશે એવો વિશ્વાસ તે શ્રદ્ધા.

પાંચ ઈન્દ્રિયોથી જે જે પદાર્થનો પરિચય થાય છે એ બધા જ પદાર્થો ક્ષણિક છે. અદ્રશ્ય પદાર્થને કોઈ ભવમાં જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી. એવો જે પદાર્થ તે હું જ છું અને જડના સંયોગે કરી ભ્રમીત છું. આ સંયોગથી પર થવું એ મારો ધર્મ છે. આવો વિચાર, સમજણ અને દ્રઢતાપૂર્વક એને આચરવું એ છે સત્‌શ્રદ્ધા.

આ શ્રદ્ધારૂપી ચક્ષુદ્વારા ગુપ્ત રહેલા કરુણાસાગર આત્મપ્રભુ અને અદ્રશ્ય જગતની વાસ્તવિક ચમત્કૃતિઓનું પ્રથમ અપ્રત્યક્ષ અને અંતે પ્રત્યક્ષ દર્શન થાય છે.

સદ્‌ગુરુ કૃપાએ જો 'શ્રદ્ધા' સમજાઈ જાય અને અખંડપણે ટકી રહે તો દિવ્યચક્ષુ બની જાય છે. ચર્મચક્ષુથી જે ક્યારેય જોયું કે અનુભવ્યું ન હતું એવી અદ્રશ્ય વસ્તુને દ્રશ્યમાન, પ્રત્યક્ષ કરે છે. અલૌકિક દ્રષ્ટિ સમજવામાં આવે છે એટલે કે મતિજ્ઞાનની અત્યંત નિર્મળતા થતી જાય છે. આત્માનો એક નાનો એવો અનુભવ થઈ જાય પછી અનુભવ ચાલ્યા કરે તો અનંતકાળના પરિભ્રમણની અંદર આજ સુધી જે સમજવામાં કે અનુભવમાં નથી આવેલું, જે અત્યાર સુધી અદ્રશ્ય હતું એવા અદ્‌ભુત અદ્‌ભુત અનુભવ થાય છે. સહજાસહજ બેઠા હો અને બ્રહ્માંડના કોઈ એવા રહસ્ય ખૂલી જાય છે કે આશ્ચર્ય થાય, વિશ્વાસ ન આવે. અપ્રત્યક્ષ દર્શન એટલે મનને, બુદ્ધિને, આત્માને સમજણ પડે છે કે કાંઈક અદ્‌ભુત જોયું પણ પછી વ્યક્ત કરી ન શકીએ. અંતે પ્રત્યક્ષ દર્શન એટલે આત્મા જ્યારે ઊંડી, ગાઢ, પરમ અવગાઢ એવી સમાધિમાં હોય એ વખતે આત્માથી ડાયરેક્ટલી સાક્ષાત, અત્યંત બળવાન અનુભવ, બ્રહ્માંડના બધા રહસ્યો જેમ છે એમ સમજાય છે. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

સૌજન્ય : ધન્ય મિલન ધ્રુવ, મુંબઈ

वचनामृत पत्र २५४

सदगुरु की कृपा से ही सच्ची मुमुक्षुता प्राप्त हो सकती है। संसार में सुख के प्रसंगो में जिनको दुःख लगे, सुख भ्रांतिरूप लगे, संसार में फसानेवाले संजोग लगे वह मुमुक्षुता है। मुमुक्षुता की प्राप्ति होने पर जीव को स्वदोष दर्शन होतें हैं और जिन जिन के परिचय में जीव आता है, वहां प्रमोद भाव खिलने के कारण उसे उनके गुण दिखाई पडतें हैं।

सत्पुरुष में ही परमेश्वरबुद्धि, इसे ज्ञानीयोंने परम धर्म कहा है; और यह बुद्धि परम दीनता को सूचित करती है, जिससे सर्व प्राणियों के प्रति अपना दासत्व माना जाता है और परम योग्यता की प्राप्ति होती है। यह 'परम दीनता' जब तक अविरत रही है तब तक जीवकी योग्यता प्रतिबंधयुक्त होती है। सब से बड़ा धर्म क्या है? धर्म के अलग अलग अनुष्ठान होतें हैं, क्रियायें होती हैं पर सब से एहम है सत्पुरुष में परमेश्वरबुद्धि। जब सत्पुरुष की सही पहेचान अनुभव से हो तब सारी दुनिया के लिए वो क्या हैं वह महत्व का नहीं है, मुझे मेरे अनुभवसे बराबर लगता है कि यह सत्पुरुष है, ज्ञानी पुरुष है, आत्म प्राप्त है, उनसें आत्मा मिल सकती है। उनके प्रति आदर भाव, बहुमान होना चाहिए।

कितने जन्मो जन्म से हम अनजाने परमात्मा की मन ही मन अंधश्रद्धा करतें हैं कि वह सब कुछ कर सकता है, सब देख सकता है, सब समझ सकता है। सही परमात्मा को किसी ने जाना नहीं है। अब यह लगना चाहिए के ये ज्ञानी पुरुष मेरे लिए साक्षात परमात्मा है।

पहेले तो अनुभव से समझने में आना चाहिए कि ये मेरे सत्पुरुष है, ज्ञानी पुरुष हैं। यह समझ के बाद यह समझना चाहिए कि यदि यह ज्ञानी पुरुष हैं तो मुझे उनके पास ज्ञान लेना चाहीए। ज्ञान का दुसरा नाम ही तो आत्मा है। जिसके पास ज्ञान है वह तो संसार में सिर्फ चेतन पदार्थ है।

'आत्मा ज्ञान पदार्थ है तो सारे जगत का वह ज्ञान करता है। पर का ज्ञान करे वह अज्ञान है, अपने को जाने तो वह ज्ञान है।'

हम आत्मा है वह हम मानते ही नहीं। पर पदार्थ में यह ज्ञान बहता है, अलग अलग टेक्नोलोजी और विद्या सीखकर समझते है हम बहोत ज्ञानी हैं। लेकिन अपने आप को जाने उसे ज्ञान कहेते हैं। आत्मा को जानना, आत्मा को जानने के बाद उसका शुद्धिकरण करना और आत्मा से परमात्मा हो जाना, मैं परमात्मा हो सकता हुँ यह समझ आती है। ज्ञानी पुरुष के एक निमित् से मैं परमात्मा तक की सब ईश्वरीय शक्ति प्राप्त कर सकता हुँ। यह जब महेसूस हो के इन सत्पुरुष के माध्यम से अनंत संसार काटकर कर्मो से मुक्ति मिल सकती है, मैं भी आत्मा से परमात्मा हो सकता हुँ तब वे वाकई परमात्मा लगते है।

सत्पुरुष गुरु को छोडकर गोवींद को भजे तो कभी गर्भवास नहीं मिटता।

डायरेक्ट भगवान पहेचाने नहीं जाते। जिनको नहीं पहेचानते उनकी भक्ति का फल कैसे मिलेगा? आत्मप्राप्त गुरु ही भगवान की पहेचान करा सकतें है। इसलिए कई जगह गुरु का महात्म्य बताया गया है। उनके मिलने से ही कर्मो से मुक्ति, आत्मा बंधन से छुट सकता है।

सारे दर्शन आत्मा को कर्म के बंधन से, इस शरीर के बंधन से छुटने को ही कहेते हैं।

जब ज्ञानी के प्रति परमेश्वर बुद्धि हो जाती है तब जीव इतना विनयी हो जाता है कि उनके आगे मैं कुछ भी नहीं हुँ। जो मार्ग अनादि काल से आज तक अनेक धर्म क्रिया, अलग अलग जन्म में, अलग अलग दर्शन में करने के बावजूद नहीं मिला वह एक ज्ञानी पुरुष के प्रति परमेश्वर बुद्धि करने मिल सकता है, 'मान' क्षय हो सकता

है। सर्व प्राणीयों के प्रति अपना दासत्व माना जाता है। किसी को भी मिलते हैं तो लगता है कि उनसे मैं निचा हुँ, मुझमें दोष ज्यादा हैं, दुसरों में गुण ज्यादा है।

'सारी दुनिया का दासत्व जिसको प्राप्त होता है, उसीको आत्मा प्राप्त होता है और वही ज्ञानी या गुरु हो सकतें हैं।'

जिसके पास सारी दुनिया का दासत्व नहीं है वह गुरु हो ही नहीं सकता। गुरु का मतलब गुणो की गुरुता है, अहंम भाव, मान भाव नहीं है।

परमात्मा बुद्धि होने से संसार में मनुष्य को छोडकर, जितने भी प्राणी है पशु, पक्षी उनके प्रति अजीब तरह का प्यार, करुणा भाव, दया भाव बेहता रहेता है। यह दीनता जिस तरह से खिलनी चाहीए, यदि वह न हो, उस पर एक आवरण है, तो जीव आगे नहीं बढ सकता।

परम कृपालु देव मोक्ष मार्ग में आगे बढ़ने की रुकावट लिए यह दोष बता रहें हैं।

१. आत्मिक सुख छोड़कर संसार के मायिक सुख की ईच्छा नहीं होनी चाहिए। यदि वैसा सुख मिलता रहे उसे कर्म समझकर, ज्यादा हर्ष के साथ न भोगते हुए समता भाव में रहेना।

ज्ञानी पुरुष के एक निमित् से मैं परमात्मा तक की सब ईश्वरीय शक्ति प्राप्त कर सकता हुँ। यह जब मेहसूस हो के इन सत्पुरुष के माध्यम से अनंत संसार काटकर कर्मो से मुक्ति मिल सकती है, मैं भी आत्मा से परमात्मा हो सकता हुँ तब वे वाकई वोह परमात्मा लगते है।

२. जब सत्पुरुष के प्रति परमात्मा बुद्धि हो तब संसार के सब जीवों प्रति समता भाव, दीनता भाव आता है।

बडे पुरुषार्थ के साथ यदि जीव को यह दो चीज प्राप्त हो चूकी है, जब जब संसार का सुख है तो मन के अंदर अवश्य विचार आता है यह सुख भ्रांति वाला है, पूर्व कर्म है इसलिए भोग रहा हुँ मगर मुझे आत्मिक सुख चाहिए।

मेरे अंदर अंश मात्र अहंम भाव, मान भाव नहीं आना चाहिए, मेरा पूरा मान किसी के चरणों में रख दिया जाय, वह परमेश्वर बुद्धि हुई।

कदाचित ये दोनों प्राप्त हो गये हों तथापि वास्तविक तत्व पानेकी कुछ योग्यताकी न्यूनताके कारण पदार्थ - निर्णय न हुआ हो तो चित व्याकुल रहेता है और मिथ्या समता आती है; कल्पित पदार्थ में 'सत्' की मान्यता होती है; जिससे कालक्रमसे अपूर्व पदार्थमें परम प्रेम नहीं आता और यही परम योग्यताकी हानी है।

ये तीनों कारण प्रायः हमें मिले हुए अधिकांश मुमुक्षुओंमें हमने देखे हैं। मात्र दूसरे कारण की कुछ न्यूनता किसी-किसी में देखी है और यदि उनमें सर्व प्रकारसे (परम दीनताकी कमीकी) न्यूनता होनेका प्रयत्न हो तो वे योग्यता को प्राप्त होते हैं ऐसा जानते हैं। परम दीनता इन तीनों में बलवान साधन है; और इन तीनोंका बीज महात्माके प्रति परम प्रेमार्पण है।

मान लीजीए के यह दो दोष कुछ मात्रा में कम हो चूकें हैं पर तीसरा दोष जो है वह जन्मो जन्म हमारे साथ है और उसके कारण हम भ्रांति में रहेतें हैं। वह है 'पदार्थ का अनिर्णय' मतलब आत्मा को जिस तरह अनुभव से समझना चाहिए यदि समझा न हो तो पदार्थ का निश्चितरूप से निर्णय नहीं हुआ है।

आत्मा की अनुभूति जीव को हो गई है। ओल ध टाईम फील होता है, 'देह से भिन्न मैं आत्मा हुँ, मेरे में ज्ञान है'। सम्यक् ज्ञान-दर्शन बराबर समझ में आ गया है।

उसके बाद आत्मा अजर, अमर, अविनाशी है यह सिर्फ बोलने से नहीं चलेगा। जैसे महेसूस होता है कि मैं आत्मा हुँ, वैसे ही आत्मा का नित्यपना, अमरत्व अनुभव में आना चाहिए। मरने के बाद हम जिंदा है वह याद रहे तो कहेंगे मैं अमर हुँ। अज्ञानी आत्मा मरने के बाद जन्म लेतें हैं तो मालूम नहीं कहां से आये हैं, तो फिर आत्मा अमर है वह कैसे महेसूस किया जाए? यह महेसूस नहीं होता तो पदार्थ का पक्का निर्णय नहीं हुआ।

कोई भी क्रिया हम करतें हैं तो यह क्रिया मैं करता हुँ कि आत्मा करता है? मैं करता हुँ तो मैं कौन हुँ? यदि आत्मा करता है तो उसको बंधन तो होना ही चाहिए। जन्म से लेकर मरण तक कुछ न कुछ हम करते ही रहेतें

सौजन्य : डॉ. सीमा अनंत मोरे, मुंबई

हैं, तो कर्म बंधन तो होते ही रहेंगे। तो छुटेंगे कैसे?

आत्मा का पूर्ण रूप से निश्चय होना ही चाहिए।

'आत्मा हुँ' समझने में आया। उसके बाद आत्मा 'नित्य' है। शुरु शुरु में ५-७-१० साल जो प्रोसेस हो गया उसके बाद गाडी अटक जाती है। उसी तरह मोक्ष है पर मोक्ष कैसे मिले यह पता ही नहीं। आज जैन में से कई लोग पूछतें हैं कि आपके पास कौनसा प्रुफ है कि महावीर मोक्ष गये हैं? आत्मा के जो छह पद हैं वह अनुभव में आने चाहिए। यदि अनुभव में नहीं आते तो समझने में तो आने ही चाहिए।

ज्ञानी पुरुष, तीर्थंकर प्रभु, अरिहंत प्रभु ने जिस तरह से आत्मा के छह पद कहे हैं उस तरह से सप्रमाण, सविस्तार समझने में आने चाहिए। छे में से एक ही हुआ तो सिर्फ १/६ हुआ फिर फ्रशट्रेशन के चान्स हैं।

५-७-१० साल पुरुषार्थ करके 'आत्मा हुँ' यह पक्का हो गया। उन सालों के पुरुषार्थ में संसार की पांचो इन्द्रियो के रस में अवश्य कमी होगी। उसी तरह कषाय - क्रोध, मान, माया उनको भी कम किया होगा। कषायो की मंदता और विषयों के उपशम की वजह से संसार में यह भी नहीं चाहिए, वह भी नहीं चाहिए, समता भाव डेवलप हो गया है। उसके बाद मुख्य समता; जो आत्मा है उसकी पूरी पकड़ नहीं आयी। तो यह समता भ्रांति रूप समता हो जाती है और आगे चलके लगता है कि मुझे कुछ नहीं मिलने वाला। और जीव फिर से संसार के अंदर राग, द्वेष, कषाय, विषय में चला जाता है।

मिथ्या समता का अर्थ यहां समझ ले। आत्मा की पहेचान नहीं और धर्म के नाम पर सारी दुनिया पुरुषार्थ करती है। हर जीव अपने आप यह सोचता है कि मुझे क्रोध नहीं करना है। फिर मस्तक से इन्सट्रक्शन्स देते हैं क्रोध नहीं करना, क्रोध नहीं करना, क्रोध नहीं करना। संसार के कैसे भी संजोग हो वहां पर समता होनी चाहिए।

यदि मुमुक्षुता प्राप्त हो चूकी है और संसार में पहेले जैसा रस नहीं रहा, संसार असार और निरस लगता हो तो अलौकिक दृष्टि जीव की खिल चूकी। उस जीव को ज्ञानी का ज्ञानीपना अवश्य समझने में आएगा।

सारी दुनिया धर्म के नाम से मस्तक को इन्सट्रक्शन देती है यह करना, यह नहीं करना। आत्मा जो मुख्य स्त्रोत है उसको तो कुछ भी पता नहीं है। वहां तक इन्सट्रक्शन पहोंच ही नहीं सकते, जबरदस्ती इन्द्रियो को कंट्रोल करेगा। कुछ समय के बाद यह कंट्रोल अवश्य केन्सल हो जाएगा।

'मै आत्मा हुँ' तो आत्मा के गुण डेवलोप होते हैं। समता अंदर से अपने आप क्रिएट होती आगे बढ़ती जा रही है और मोक्ष तक का यह साधन बन जाता है। यह बात किसी के समझ में आ ही नहीं सकती। यदि आत्मा की सही पहेचान नहीं है और सारी दुनिया कहेती है समता है, समता है, वह भ्रांति वाली समता है, सही समता नहीं है। इसी कारण हर जन्म में धर्म करते हुए भी, दिक्षा लेकर आचार्य भी हो गये पर अगले भव में एक से शुरु करना पड़ता है।

तीर्थंकर भगवान ने आत्मा जीस तरह से समझा है और कहा है वह तो मेरी समझ में नहीं आया और मेरी समझ में आया की आत्मा कैसा होना चाहीए तो क्रोध न करे वैसा, माया न करे वैसा, संसार के अंदर भोग न भोगे ऐसा और इस तरह से अपनी कल्पना का आत्मा क्रिएट किया हुआ है वह तो सत् नहीं है, असत् है। सही आत्मा नहीं पहेचाने तो आत्मा के जो गुण हैं वह कहां डेवलप होंगे? जब तक आत्मा का, पदार्थ का पक्का निर्णय न हो तब तक भ्रांति रहेगी।

आत्मा के छे पद के बारे में पूरी समझ थीयरोटीकल १००% इस भव में आ सकती है। उसके बाद के भव में वन बाय वन आत्मा के छह पद प्रेक्टीस में भी आ जाऐंगे। इसी भव में भी आ सकते हैं, कैसा पुरुषार्थ है उस पर आधार रखता है।

'पदार्थ का निर्णय' मतलब तीर्थंकर भगवान ने जिस आत्मा को जिस प्रकार से अनुभव करके वाणी द्वारा कहा है, उसी तरह से हम आत्मा को समझें उसका नाम भी

समकित है। आत्मा का जितना महात्म्य लगे कि मैं भी परमात्मा हो सकता हुँ, यह अगर दृढ नहीं हुआ तो कोई भी काम हम करें उसमें कुछ न कुछ आशंका रहेगी।

परम कृपालु देव कहेते हैं कि ज्यादातर लोगो में यह तीन दोष दिखाई पडते हैं। अब दोष का होना एक बात है। यह दोष है वह समझ लिया वह दूसरी बात है। अज्ञानी दोष को पहेचानते ही नहीं। जिनको आत्मा की थोडी समझ है और सद्गुरु के आश्रित हैं उनको समझने में आता है इनको दोष कहेते हैं। जब यह समझ में आये कि यह दोष है तो फिर जीव उसको रख ही कैसे सकता है? घर के अंदर सर्प निकल आये और फिर उसको कोई रखे यह असंभव है।

आत्मा की तुलना में कौन कौन से दोष समझने में आने चाहीए और वह समझने में आये कि आत्मा के लिए यह दोष है, दोष १००% जाएंगे। भूल यह नहीं होनी चाहीए के दोष को हम गुण समझे। अक्सर दोष को हम गुण समझकर भवोभव फोलो करतें है।

सत्पुरुष में परमेश्वर बुद्धि, ज्ञानी के प्रति ऐसा विनय भाव हो तो अवश्य वह जीव की मोक्ष मार्ग के लिए योग्यता है ऐसा परम कृपालु देव कहेते हैं।

मैं आत्मा हुँ, अजर, अमर, अविनाशी हुँ। पदार्थ का निश्चय हो जाने से निःशंकता आती है, फिर संसार का कोई भी दुःख उसे भय नहीं देता। वह तो कर्म और देह की बात है, मेरी बात नहीं है। जीव निर्भय हो जाता है। उससे निःसंगता आती है।

परम कृपालु देव कहेतें हैं कि सब से एहंम बात है कि सत्पुरुष के प्रति अनन्य भक्ति भाव होना चाहीए, परमेश्वर बुद्धि होनी चाहीए तब ही जीव को मोक्ष मार्ग की योग्यता प्राप्त होती है। यदि यह प्राप्त होती है तो पदार्थ का अनिर्णय और सुख की ईच्छा अवश्य कम होती है। मगर कई जन्मो से कुगुरु के फंदे में फसें हुए हैं। ९९% लोगों को इस तरह से हानी पहोंची है। इतने भवो के संस्कार की वजह से वे कहेंगे गुरु नहीं चाहिए, गुरु की प्रथा गलत है, गलत है। हम अपने आप आगे बढ़ेगे। १% यदि उनमें से कोई सच्चे हो और सच्चे की पहेचान हो तो ९९% कुछ भी कहें, अनुभव से वह कहेंगे कि हमको जो मिले हैं उनसे बढ़कर कोई नहीं है। जब तक उनकी भक्ति न हो, मोक्ष का मार्ग असंभव है।

अधिक क्या कहें? अनंत कालमें यही मार्ग है। परम दीनता की जो कमी है वह दूर होनी चाहिए। सत्पुरुष के प्रति, ज्ञानी पुरुष के प्रति अनन्य प्रेम भक्ति होनी ही चाहिए। तन, मन, धन, वचन सब कुछ उनको अर्पण हो गया तो मोक्ष मिल गया। अधिक क्या कहें? अनंत कालमें यही मार्ग है।

परम कृपालु देव कहेते है कि इसी मार्ग से हमें मोक्ष का मार्ग मिला है। भगवान ऋषभदेव के ९९ पुत्रो को इसी तरह से मार्ग मिला है। जिन जिन को निर्वाण मिला है वे यही मार्ग से गये हुए हैं।

पहले और तीसरे कारण को दूर करने के लिए दूसरे कारण की हानी करना और महात्मा के योगसे उसके अलौकिक स्वरुप को पहचानना। पहचाननेकी परम तीव्रता रखना, तो पहचाना जायेगा। मुमुक्षु के नेत्र महात्मा को पहचान लेते हैं। सत्पुरुष के प्रति प्रेम अर्पणता हो तो इस लोक की अल्प सुखेच्छा और पदार्थ का अनिर्णय ये दो दोष दूर होते है।

सारी दुनिया उन्हें सत्पुरुष कहे और हम मानेंगे तो यह अंधश्रद्धा होगी। जीव को अपने अनुभव से सत्पुरुष की सत्पुरुषता या ज्ञानी का ज्ञान कहां है वह जानना चाहिए। तब ही उनके प्रति परमानंद, प्रेम और सर्वस्वार्पण हो सकता है।

अलौकिक स्वरूप यदि ज्ञानी का पहेचानना हो तो लौकिक दृष्टि से पहेचाना नहीं जाएगा। मतलब जन्मो जन्म से जिस तरह हम संसार में लोगों की पहेचान चर्म चक्षु से करते है, उसी तरह यदि ज्ञानी को पहेचानने की कोशिश की तो अवश्य वे पहेचाने नहीं जाएंगे।

परम कृपालु देवने कोई एक पत्र में लिखा है कि जैसे जैसे ज्ञानी की दशा बढ़ती जाती है तो उनके अंदर दोष भी हाजिर हो जाते हैं। वे छुपाकर कुछ भी नहीं करतें। कर्म का केन्सलेशन करतें हैं और वहां सारी दुनिया को

सौजन्य : हीनाबेन पंकज वोरा, मुंबई

उनके दोष नजर आते हैं। ज्ञानी कुछ अटपटी दशा में रहेते हैं, साधारण जीव को उनकी अलौकिक दशा समझने में बहोत ही कठीनाई होती है।

महात्मामें जिसे दृढ निश्चय होता है उसे मोहासक्ति दूर होकर पदार्थ का निर्णय होता है। उससे व्याकुलता मिटती है। उससे निःशंकता आती है जिससे जीव सर्व प्रकार के दुःखों से निर्भय हो जाता है और उसीसे निःसंगता उत्पन्न होती है और ऐसा योग्य है।

यदि मुमुक्षुता प्राप्त हो चूकी है और संसार में पहेले जैसा रस नहीं रहा, संसार असार और निरस लगता हो तो अलौकिक दृष्टि जीव की खिल चूकी है। उस जीव को ज्ञानी का ज्ञानीपना अवश्य समझने में आएगा।

यह महात्मा सच्चे हैं, ऐसा दृढ निश्चय है तो फिर एक लगन लग जाती है कि आत्मिक शक्ति प्रगट हो, आत्मिक वैभव प्रगट हो, अैश्वर्य शक्ति प्रगट हो। वहां लगाव रहेता है तो संसार के किसी भी पदार्थ में मन नहीं लगता। संसार के सगे संबंधीयो से व्यवहार देह से करना पड़ता है, अंतरंग से अलिप्त रहेते हैं। संसार के प्रति लगाव अवश्य कम हो जाता है और ज्ञानी के प्रति लगाव बढता है और उनका महात्म्य लगता है।

आत्मा अवश्य समझने में आता है। 'आत्मा है, नित्य है, किस प्रकार से कर्ता है, किस प्रकार से अकर्ता है,' हम कर्तापणे में हैं तो कौन सा पुरुषार्थ करें के हम अकर्ता होकर सिद्ध की दशा प्राप्त कर सकें। पदार्थ का निर्णय हो चूका कि मैं ही आत्मा हुँ, परमात्मा हो सकता हुँ, पूरा प्रोसेस समझ में है फिर किसी भी तरह की संसार में व्याकुलता उस जीव को हो ही नहीं सकती।

मैं आत्मा हुँ, अजर, अमर, अविनाशी हुँ। न कोई मुझे काट सकता है, न जला सकता है, न डूबा सकता है। छेदन भेदन कुछ भी मेरे आत्मा में हो ही नहीं सकती। पदार्थ का निश्चय हो जाता है, निःशंकता आती है, फिर संसार का कोई भी दुःख उसे भय नहीं देता। वह तो कर्म और देह की बात है, मेरी बात नहीं है। जीव निर्भय हो जाता है। उससे निःसंगता आती है।

सर्व पदार्थ से असंग हो जाए, निःसंग हो जाए, किसी का संग न हो, एक आत्मा ही, एकत्व भावना आत्मा की समझ में आ जाए वह छेवट की दशा है।

जब निर्भय है तो किसी कि सहायता लेने का भी सवाल नहीं है। जब भय रहेता है तब सब कि सहायता लेते हैं। सर्व प्रकार से निर्भय हो गये हैं तो किसी की जरूरत नहीं है। आत्मा सर्व शक्तिमान है, सर्व व्यापी है। सब गुण क्रमशः प्राप्त होते हैं। फिर कोई और ख्वाईश, इच्छा मात्र न होने से निःसंगता प्राप्त होती है। आखिर की निःसंगता वह सिद्ध दशा है।

एक निश्चय हो जाए मैं ही आत्मा हुँ, आत्मा के सब गुण, अैश्वर्य मेरे में प्रगट होकर रहेंगे, कोई भय नहीं है, तो किसी से डरना क्या? किसी से डरते नहीं तो अकेले रहें तो क्या फरक पड़ता है? डर की वजह से ही संग है।

अगर आप विझ्युलाईस करें कि कोई इस दुनिया में नहीं है, मै अकेला हुँ, बडे मझे में हुँ, तो यह बात सोचते सोचते आप अकेले नहीं हो जाओगे? मझा नहीं आएगी? ये तो एक्सपरीमेन्ट करने जैसी बात है बस!

परम कृपालु देव कहेतें हैं कि, 'मात्र आप सब मुमुक्षुओं के लिये यह अति संक्षिप्त लिखा है; इसका परस्पर विचार करके विस्तार करना और इसे समझना।'

हमने इसमें बहुत गूढ़ शास्त्रार्थ भी प्रतिपादित किया है।

आप वारंवार विचार कीजिये। कलियुग है, इसलिये क्षणभर भी वस्तुविचार के बिना नहीं रहना चाहिये यह महात्माओं की शिक्षा है।

महावीर के शास्त्र जिसमें आचारंग सूत्र, भगवती सूत्र, उत्तराध्यायन सब इसमें समा जाते हैं। परम कृपालु देव ने पूरे शास्त्र का मर्म, एक एक पत्र के अंदर लिख कर दिया है। कोई भी पत्र पढ़ीये मिथ्यात्व से लेकर मोक्ष तक का मार्ग बताया गया है। ◆

ॐ शांतिः शांतिः शांतिः

नोंधः पूज्यश्री द्वारा दिये गये 'वचनामृत पत्र २५४' के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

SHRIMAD RAJCHANDRA VACHANAAMRUT

Patrank : 37 *(Contd.)*

To recapitulate from the previous issue.....

Param Krupaludev, who had addressed this Letter to Shri Juthabhai advises him to keep the soul's focus (upyog) flawless by forgoing all worldly desires (sankalps) or doubts (vikalps) and reminisce about the elevated aatmic state of Lord Parshwanath which HE too is longing for; not forgetting the 4 primary attributes of the soul – physical (dravya), area (kshetra), time (kaal) and sensitivity (bhaav); and lastly, forgetting all the philosophies of the World, all thoughts of being a Jain focusing only on the soul and seeking forgiveness for disrespecting the Lord's Preaching.

..... and continue herein below

***In any manner, don't be elated or sad for your Senior in whom you believe.**

Where there is intense love, devotion, admiration and adoration for the virtues of Guru and if someone speaks ill about a Gyani such as Param Krupaludev, just listen quietly and if HE is being insulted, respond merely that you do not agree. Bear in mind that the result of an act done, making another do it or lending support for such doing is the same. Being vigilant of one's own reactions in this manner, understanding deepens, soul goes higher and the coverings on it will also slowly and gradually fall off.

***HIS only wish is to be free of desires (sankalp) and doubts (vikalp).**

Param Krupaludev desires such a state that HE should not get even a single thought and be free of all sankalps – vikalps. "Why did the person say such thing about me?" Such thoughts should not arise because the person is addressing to his body. "I am not this body, that's my karma, I am the Peaceful, Pure, Chaitanyamay, Gyanswaroop soul". When you abuse me, speak ill about me, it is not addressed to me but to my karma (body), that "I am soul" is not known to you. All my behavior is due to my karma and that is my biggest shortcoming. Such an understanding leads to an increase in equanimity (Samta Bhaav).

***HE has nothing to do with this weird World. Therefore, has no desire at all for any thoughts that arise for it or whatever anyone may say.**

There are 2 entities in this World –living and non-living, i.e. soul and body. Whichever things we enjoy within this World is through our 5 senses and they are non-living matter. We forget the soul and become unhappy if such non-living things go away from us. The entire World is made up of such inanimate things-

Best wishes : Jaysukhlal Vrajlal Mehta, Mumbai

parents, brothers-sisters, sons-daughters, wife (they being bodies-not souls), wealth etc. I (soul) have nothing to do with them. They (karmas) are all in contact or relationship with me today only due to my (soul's) mistakes of the past lives.

Due to soul's ignorant and mistaken identification with its body, it has in turn got connected with worldly things. These mistakes can be rectified only by a true understanding (that "I am soul and not the body").

***HIS desire to be debt free from all the particles (according to Jain philosophy, the subtlest particle in this universe is called "parmanu" and it is more subtle than atom, protons, neutrons) of this World and return them back to it. This is HIS constant, loving, ultimate focus and eternal desire; except this HE doesn't know and doesn't desire anything else.**

My goal is only one - soul – self focused, eternal and ultimate. In past lives whatever karmic particles I have accumulated, I wish to return them back and become debt free. The physical body is made of subtle particles which have covered the soul due to its attraction or revulsion towards them resulting in formation and accumulation of karmas. These have to be returned back (i.e. shed) slowly and gradually one by one. Due to soul's ignorant and mistaken identification with its body, it has in turn got connected with worldly things. These mistakes can be rectified only by a true understanding (that "I am soul and not the body"). This debt (karma bondage) has been with us since ages and will not go away, always keeping us debtors and therefore, we have to smartly become debt free. Whenever any karma comes to give its fruits, endure it from within with true understanding – no attraction or revulsion or any kind of sensitivity towards it – just being without any feelings, keeping flawless focus. If such a course of action is adopted without any sankalp-vikalp, then karmas will get discharged. If you react against it, the karma will remain as it is. Whatever the situation, bear up with it without any gladness or sadness and the situation will fade away. We don't even realize that since time immemorial, we have accumulated these karmic debts. Now after acquiring this true understanding, our goal should be to become debt free from karmas. How should I make this human birth successful? All our smartness ought to be directed or focused on this one objective.

Whenever any karma comes to give its fruits, endure it from within with true understanding – no attraction or revulsion or any kind of sensitivity towards it – just being unmoved or without any feelings, keeping flawless focus. If you are impatient and react against it, the karma will remain as it is.

***HE IS moving about in this World only according to HIS past karmas; understand this and be content, keep this a secret.**

A Self Realized one lives and performs all duties and actions in this World only according to his past karmas. So, do not in the least doubt his behavior. Whoever speaks against or insultingly acts against me, that is my karma and I have to discharge it by bearing up with it. When you are in close contact with a Self Realized Gyani and discover something mysterious in his behavior then you can't reveal it to others who lack such understanding. It is between you and Gyani. An ignorant person will allege how can you call HIM a Gyani? And you also will develop a doubt and deviate from the path of liberation. So, unless and until you have become very steadfast in your beliefs, don't share this with others and keep it secret.

***There is no need to showcase to the World why do we believe or behave in a particular way.**

Whatever true understanding you have acquired about atma dharma, act accordingly without bothering about the people in this World or disclosing the same. at I am doing dharma in such and such manner. They perform dharma by resorting to outer activities (like pooja, rituals, yatras etc.) and will not have faith about this path of liberation.

Param Krupaludev had achieved an elevated aatmic state. In each and every utterance of HIS, there is tremendous energy and if we grasp and understand that, in this life itself, within a few years, we will realize the difference in our own selves and that we are treading on the right path.

***The only question to be asked to soul is, do you desire liberation? Then shed all sankalp-vikalp, attraction-revulsion (raag-dvesh).**

Ask your own soul, do you desire liberation? If "yes", then forgo all desires and all kinds of thoughts, which are nothing but raag-dvesh. "I want to do this" is raag or attraction. "I don't want to do this" is dvesh or revulsion. "This I will do with my people" is attachment.

We indulge in all sorts of rituals and religious activities but don't have a true understanding of how to release ourselves (from karma bondage) and what is the soul's flawless and unblemished focus (upyog). There is nothing wrong in doing pious activities with proper understanding but here the point is that we have such intense likes or dislikes even while doing such activities. Wherever there is fanaticism, intense likes, dislikes, attachment and the belief that what I am doing is the only right dharma, that is intense revulsion or disgust.

As an aspirant if you are having any difficulty in shedding raag-dvesh or desires-doubts and feel that you can't do it daily pray to Param Krupaludev that I am unable to do so, you will experience that your soul has started abiding and 100%, it will forgo attractions-revulsions

***And if you are facing any impediments in forgoing (attractions-revulsions) let the soul know. The soul on its own will abide and leave them.**

As an aspirant if you are having any difficulty in shedding raag-dvesh or desires-doubts and feel that you can't do it, pray to Param Krupaludev daily that I am unable to do so. You will experience that your soul has started abiding and 100%, it will forgo attractions-revulsions and they will disappear. That there is so much power in HIS utterances is experienced when you sincerely believe that HE is right in HIS every utterance, the path of liberation is contained. Unfortunately, jiv(aspirant) has not surrendered unto HIM in the true sense. When you truly surrender unto Lord, all shortcomings have to go…. That's the principle.

***My only dharma is to be free from attractions-revulsions from everywhere and at this point of time, I impart the same teaching to you.**

The ignorance of the soul must go and whatever means are available for achieving that is my only dharma…… that's what I feel to be the best and the only thing which ought to be done, making untiring efforts to keep the soul's focus flawless for getting rid of attractions-revulsions.

AUM SHANTI: SHANTI: SHANTI:

…….. (to be continued)

Note: This translation and edited version of Param Pujya Premacharyaji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan

* Indicates textual material

Best wishes : Parul Kamlesh Shah, Mumbai



Q વેદનીય કર્મ આવે તો કયો પુરુષાર્થ કરવો ?

આ શરીર વેદના માટે જ બનાવેલું છે એટલે વેદનીય કર્મ આવે, આવે ને આવે જ. જો શરીર જ ન હોય તો વેદના ક્યાંથી આવે ? માટે જ્યારે વેદના આવે તો મારા જ કરેલા કર્મનું આ ફળ છે, હું તો આ દેહથી ભિન્ન આત્મા છું. દેહ ઉપર જેટલો ઓછો મોહ હશે એટલી વેદના નહીં થાય. જેટલો રાગ છે, મોહ છે, એટલું દુઃખ થશે, થશે અને થશે જ. જો દેહ ઉપર મોહ ન હોય અને આત્માનો ઉપયોગ, ઉપયોગમાં હોય તો કોઈપણ જાતનું દુઃખ લાગતું નથી, વેદનાની અસર થતી નથી. ઘણીવાર નાના છોકરાઓ રમતાં હોય છે. રમતા રમતા પડી જાય અને લાગી જાય છે. પગમાંથી લોહી પણ નીકળતું હોય, પણ રમવાની ધૂનમાં ને ધૂનમાં નાચે છે એ વખતે એને શરીરનો લક્ષ નથી, લક્ષ રમતમાં છે. ઘરે આવ્યા બાદ મા એને નવરાવે અને પૂછે કે શું થયું ? તો પછી જોરથી રોવાનું શરૂ કરે. એટલે વેદના થાય છે એવો વિચાર ઓછો કરો. બાકી જતું કરતા શીખો.

Q મારે આત્મજ્ઞાન જોઈએ છે અને શુદ્ધ સમકિતના દાતા આપ જ છો. તો મારે કેવી રીતે અને શું પુરુષાર્થ કરવો ?

આ દુનિયામાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈપણ ન કરી શકે. એટલે પરમ કૃપાળુ દેવ ધારે તો પણ મને કે તમને સમકિત આપી ન શકે. એટલે એ જે કાંઈ બોધ આપે છે એ નિમિત્તરૂપ છે. એ નિમિત્તના કારણે તમે ઉંડા વિચાર કરો જેથી સંસારનું આકર્ષણ ઓછું થઈ વૈરાગ્ય ઉત્પન્ન થાય. આ રીતે પરમ કૃપાળુ દેવના નિમિત્તથી તમે જે પુરુષાર્થ કરો એનાથી સમકિતની પ્રાપ્તિ થાય છે. એમને સમકિતના દાતા એટલા માટે કહીએ છીએ કે એ બોધ આપે છે એનાથી મોટા કલ્યાણનું કારણ થાય છે. જેની પાસે આત્મા છે એ ગમે તે ભાષામાં અને ગમે તે રીતે બોલે, તો જે જીવ સાચો મુમુક્ષુ છે, જીજ્ઞાસુ છે એ આ નિમિત્તથી પુરુષાર્થ ઉપાડે અને સમકિતની પ્રાપ્તિ ચોક્કસ કરે. એટલે પુરુષાર્થ તો જીવે જ કરવો પડે. આ નિમિત્તની સાથે જો તમારું ઉપાદાન પણ તૈયાર હોય તો કાર્ય થાય. સત્સંગમાં પણ ઘણા લોકો બેઠા હોય ને જ્ઞાની બોધવચનો કહેતા હોય છે. તો પણ એમાંથી પાંચ -

પંદરને જ એ કામ લાગે છે, બીજાને નહીં. કારણ કે બીજાનું ઉપાદાન તૈયાર નથી.

Q 'જ્ઞાની પુરુષ પ્રત્યે રાગની અપેક્ષા પરિગ્રહાદિકમાં વિશેષ રાગ' - આ વચન સમજાવો ?

જ્ઞાની પુરુષ પ્રત્યે તમને જેટલો પ્રેમ હોય એનાથી ક્યાંય વધારે પ્રેમ ધારો કે તમને તમારી પત્ની પ્રત્યે છે. એટલે જ્ઞાનીપુરુષને તમે જેટલો રાગ કે પ્રેમ કરો છો એનાથી ઘણો વધારે પ્રેમ તમે પત્નીને કરશો. જો તમારી પાસે ૧૦૦-૨૦૦ કરોડ રૂપિયા આવી જાય તો પછી એ રૂપિયાને તમે પત્ની કરતાં વધારે પ્રેમ કરશો. આટલા રૂપિયા આવી જાય તો એ રૂપિયાને બદલે 'હું કાંઈક છું' એવા તમારા અહમ્ને વધારે પ્રેમ કરો છો. ટૂંકમાં સંસારમાં રહેલા પદાર્થને તમે તન-મન-ધનથી પ્રેમ કરો છો, અને જ્ઞાની પુરુષને નથી કરતાં. આવું ન થવું જોઈએ. જો સાચા આત્મપ્રાપ્ત સત્પુરુષ મળી જાય તો પછી એનાથી વધારે પ્રેમ સંસારના કોઈપણ પર પદાર્થ પર થવો ન જ જોઈએ. ત્યારે જ આત્માની પ્રાપ્તિ થઈ શકે, અન્યથા નહીં.

Q સત્સંગમાં આવ્યા બાદ આત્મા-આત્મા કરતા શીખી લેવાય છે અને એનાથી સંસારના ઋણાનુંબંધીઓ સાથેના વર્તનમાં પણ શાંતિ અનુભવાય છે. હવે એનાથી આગળ વધી આત્માનો અનુભવ કરવા માટે શું કરવું જોઈએ ?

આત્મા એક ચેતન પદાર્થ છે, એને છોડીને બીજા બધા જડ પદાર્થ છે. જો જડ પદાર્થને જ જબરદસ્તી પકડી રાખશો તો આત્મા તો નહીં મળે ને ! તો જેમ જેમ જડ પદાર્થો પ્રત્યેનો મોહભાવ, આસક્તિભાવ, રાગભાવ ઓછો થતો જશે તો આત્મા વિશેષ પ્રકારે શુદ્ધ થતો જશે. આને સમકિત કહીશું, જેનાથી આત્માની અનુભુતિ થઈ શકે છે. જડનું બીજું નામ છે તમારો દેહ, તમારા પતિ, તમારા મિત્ર, ઘરની તિજોરીમાં રાખેલું દ્રવ્ય વિગેરે. બીજા શબ્દોમાં કહીએ તો સંસાર જેટલો વહાલો લાગે એટલું આત્મજ્ઞાન દૂર થાય. બન્ને એકબીજાના દુશ્મન છે. બન્ને સાથે રહી ન શકે, નક્કી તમારે કરવાનું છે કે તમારે સંસાર જોઈએ છે કે આત્મજ્ઞાન ! ◆

સૌજન્ય : સ્મિતાબેન વિપીન દોશી, મુંબઈ

જીવનમાં યુ ટર્ન



■ પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

બાહ્ય અપેક્ષાઓ અને બાહ્ય સુખમાં પ્રબળ આકર્ષણ અનુભવીને અપાર આનંદ શોધતા માનવીનું ચિત્ત અશુદ્ધ ભાવો અને અશુદ્ધ વિચારોમાં લીન હોય છે; પરંતુ જ્યારે એ ઈન્દ્રિયોની ગુલામીનો ત્યાગ કરીને મુક્ત બને છે, ત્યારે એના જીવનમાં 'યુ ટર્ન' જેવું પરિવર્તન આવે છે.

જ્યાં સુધી એ ઈન્દ્રિયોનો દોડાવ્યો દોડતો હતો, ત્યાં સુધી એનું ચિત્ત સતત ટેન્શનમાં રહેતું હતું. એના જીવનમાં પ્રાપ્તિની હાંફળી-ફાંફળી દોડધામ દ્રષ્ટિગોચર થતી હતી અને તેને માટે આંધળી દોડ લગાવતો હતો. એક-બે નહીં, પણ પાંચ-પાંચ ઈન્દ્રિયોને સતત પોષવાની હોવાથી એને ક્યાંય પગ વાળીને બેસવાની નિરાંત સાંપડતી નહોતી; પરંતુ જે સમયે એ આત્મશુદ્ધિ પ્રત્યે જાગૃત બને છે ત્યારે એના જીવનમાં પરિવર્તન આવે છે.

પહેલાં જેમાં અપાર રસ હતો, એ પ્રત્યે હવે લેશમાત્ર આકર્ષણ નથી. અરે ! એના તરફ એ દ્રષ્ટિ પણ નાખતો નથી. જેની પ્રાપ્તિમાં એને જીવનનું પરમ અને સર્વોચ્ચ ધ્યેય દેખાતું હતું, એ ધ્યેય જ બદલાઈ જાય છે એટલે પ્રાપ્તિની કોઈ કામના રહેતી નથી.

એ સમયે ઈન્દ્રિયોની બળબળતી લાલસામાંથી આધ્યાત્મિક મુમુક્ષતા પ્રત્યેની ગતિમાં જવા માટે એને કપરી અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. આ એક ઊંચો કૂદકો છે, એક મોટી છલાંગ છે, એક એવું કાર્ય છે કે જે બાહ્ય દ્રષ્ટિએ દેખાતું નથી, કિંતુ માનવીને એક કિનારાથી છેક બીજા કિનારા સુધી લઈ જાય છે. એક કિનારા પર અપાર આકર્ષણો હતાં, મોજ-મજા હતી અને છલાંગ મારીને બીજા કિનારા પર જાય છે, ત્યારે ત્યાં કોઈ ભૌતિક ચીજ-વસ્તુઓ કે આકર્ષણો હોતાં નથી, પરંતુ માત્ર ને માત્ર ચિત્તની પરમ શાંતિ હોય છે.

ભૌતિકમાંથી આધ્યાત્મિક તરફની આ છલાંગ વિશે વિશેષ ચિંતન કરવાની જરૂર છે. આપણે દુન્યવી ભૌતિકતાની કે ઉચ્ચ આધ્યાત્મિકતાની વાત કરીએ છીએ, કિંતુ આ છલાંગનો, આ હરણફાળનો વિચાર કરતા નથી. હકીકતમાં પ્રત્યેક ધર્મનું કાર્ય છે તેમને ભૌતિકતામાંથી આધ્યાત્મિકતામાં છલાંગ મારવા માટે પ્રેરિત કરવાનું. ધર્મગ્રંથોનો પણ પહેલો અને મહત્વનો આદર્શ તો એ છે કે માનવી જીવનની વિલાસિતાની વ્યર્થતાને ઓળખે અને છલાંગ મારીને વૈરાગ્ય પ્રતિ પોતાની જીવનનૌકાને લાંગરે.

એને માત્ર ઈન્દ્રિયની ભ્રામકતા જ સમજાતી નથી; પરંતુ એની પાછળની વ્યર્થતાને એ ઓળખે છે. એ વિચારે છે કે સ્વાદની પાછળ આટલું બધું દોડ્યો, મેવા-મીઠાઈ અને ફાસ્ટ-ફૂડ આરોગ્યા, પણ અંતે શું મળ્યું ? એને ખ્યાલ આવે છે કે અંતે તો એના શરીરને જીવલેણ વ્યાધિની પ્રાપ્તિ થઈ. યુવાનીમાં ઈન્દ્રિયોની વાસનાની પાછળ ખૂબ ઘેલો બન્યો; પરંતુ સમય જતાં વિચારશે કે આ વાસનાઓએ વેદના આપી અને જે ઈન્દ્રિયોના સુખ પાછળ એ દોડ્યો હતો, એ ઈન્દ્રિયો જ સ્વયં જીર્ણ અને દુર્બળ બની ગઈ.

આખી જિંદગી કોઈની નિંદા સાંભળવામાં ઊંડો રસ લીધો હતો; પરંતુ કશું થયું નહીં, પણ નિંદા સાંભળી - સાંભળીને એના કાન અને એનું ચિત્ત કલુષિત થયાં. જે મુલાયમ સ્પર્શની ખેવનામાં એ ખુવાર થયો, એ સ્પર્શે એને શું આપ્યું ? આ રીતે એને ખ્યાલ આવે છે કે ઈન્દ્રિયો માણસના મનને, શરીરને અને જીવનને પોતાની પાછળ આકર્ષે છે; પરંતુ જો માણસ એના સરવાળો કરવા બેસે તો ખ્યાલ આવે કે એ તો હતો ત્યાંનો ત્યાં જ છે, ઠેરનો ઠેર છે, કારણ એટલું કે ઈન્દ્રિયોરૂપી પાંચેય અશ્વોએ એને આમતેમ દોડાવ્યો રાખ્યો અને એને પરિણામે એના જીવનનો રથ તો જ્યાં હતો, ત્યાં જ રહ્યો. એ જીવનરથે સહેજે ગતિ કે પ્રગતિ કરી નહીં.

કોઈપણ પ્રકારના સાધકને માટે શરીરનું સ્વાસ્થ્ય જરૂરી છે. તપ અને ત્યાગની પરાકાષ્ઠા પ્રગટ કરનાર ભગવાન મહાવીરે પણ દર્શાવ્યું છે કે, 'શરીર નાવ છે અને આત્મા નાવિક છે.' આનો અર્થ જ એ કે આત્માને માટે શરીરની આવશ્યકતા છે. એ સાચું કે શરીરને જાળવવું જોઈએ; પરંતુ વ્યક્તિનું ચિત્ત માત્ર શરીરના સુખમાં જ રમે તેવું થવું જોઈએ નહીં. એ બન્નેનો પોતપોતાને સ્થાને મહિમા છે.

શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું છે કે, 'શરીર છાશનો લોટો છે અને આત્મા ઘીનો લોટો છે.' બન્ને એકમાંથી ઉત્પન્ન થયાં હોવા છતાં છાશ કોઈ ફરી ભરી આપે છે, પણ ઘીનો લોટો કોઈ ફરી ભરી આપતું નથી. આનો અર્થ એવો નથી કે છાશના લોટાનો ત્યાગ કરવો જોઈએ, બલ્કે જીવનમાં છાશના લોટા અને ઘીના લોટા વચ્ચેનો ભેદ જાણવો જોઈએ. ઘીના લોટા કરતાં છાશના લોટાને વધુ મહત્વનો માનનાર ભૂલ કરે છે એટલે કે દેહની સંભાળ લેવી જરૂરી છે, પણ એ એક અર્થમાં મરજિયાત છે, જ્યારે આત્માનો મહિમા ઘીના લોટા જેવો હોવાથી એને સંભાળવાની વ્યક્તિ કે સાધકની પૂર્ણ ફરજ અને પરમ કર્તવ્ય છે. દેહની સંભાળ સ્વાસ્થ્યની આવશ્યકતાની દ્રષ્ટિએ થવી જોઈએ, જ્યારે આત્માની સંભાળ વ્યક્તિના આધ્યાત્મિક સ્વાસ્થ્યની દ્રષ્ટિએ થવી જોઈએ.

બહાર દોડાવતી ઈન્દ્રિયો જ્યારે અંતર્મુખ બને છે, ત્યારે એનામાં અધ્યાત્મની એક નવી તૃષા જાગે છે. પહેલાં ઈન્દ્રિય-સુખની પ્રાપ્તિની જે તરસ હતી, તે તરસ હવે અતિન્દ્રિય આનંદની પ્રાપ્તિમાં પલટાઈ જાય છે. પહેલાં મન બહારનાં આકર્ષણોમાં ડૂબેલું હતું, હવે એને ભીતરનું આકર્ષણ જાગે છે. ધીરે ધીરે એ બાહ્ય આકર્ષણોનો ત્યાગ કરીને ભીતરમાં વધુને વધુ વસવાની ખેવના રાખે છે. પહેલાં એનું મસ્તક કોઈ ઈશ્કી શાયરી કે પ્રેમકાવ્યથી ડોલતું હતું, હવે એ જ મસ્તક કોઈ અનહદના નાદની વાતે ડોલવા લાગે છે. પહેલાં વ્યવહારના સંબંધોમાં ભાવુકતાનો અનુભવ થતો હતો. દીકરો થોડી અવજ્ઞા કરે તો હૃદય પર આખો પહાડ તૂટી પડતો હતો. પત્નીની કોઈ ક્ષતિ થાય તો મન અકળાઈ ઊઠતું હતું.

સૌજન્ય : શિતલબેન શરદ બૌઆ, મુંબઈ

આધ્યાત્મિકતાનો અણસાર પામ્યા પછી પણ જીવનમાં આ બધી ઘટનાઓ બને છે ખરી; પરંતુ એનાથી ચિત્ત ગ્રસિત થતું નથી. વ્યક્તિ સાક્ષીભાવે એ સઘળું જોતો હોય છે.

આધ્યાત્મિક છલાંગ એટલે આત્માની ભીતરમાં જાગેલી તીવ્ર ઈચ્છા. આ ઈચ્છા વ્યક્તિને એક જુદે માર્ગે લઈ જાય છે. એના મનમાં નરસિંહ મહેતા જેવી ઈશ્વર પ્રત્યેની ભક્તિ, મીરાં જેવી પ્રભુમિલનની તૃષા અને આનંદઘન જેવી 'આતમ પિયાલો' પીધા પછીની મસ્તી જાગે છે. આ ભક્તિ સાધકની સમક્ષ એક ભાવ જગત રચે છે. એને પોતાની ચોપાસ પરમાત્મા, પરમાત્મા અને પરમાત્મા જ દેખાય છે.

એનામાં એક એવી તૃષા જાગે છે કે જે પિપાસા હવે પરમાત્માના મિલન વિના તૃપ્ત થવી શક્ય નથી. એનામાં એવી મસ્તી જાગે છે કે બાહ્ય સુખોમાં મેળવ્યું નહોતું એવું સુખ એને એની આત્મઅનુભૂતિમાંથી સાંપડે છે. એની આ છલાંગમાં એક પ્રકારની તીવ્ર તરસ હોય છે. એ પરમાત્મા-પ્રાપ્તિની તરસ છીપાવવા નીકળે છે અને ત્યારે એના હૃદયમાં બસ માત્ર એક જ રટણ હોય છે કે સર્વસ્વ સમર્પણ કરીને મારે મારા પરમાત્માને પ્રાપ્ત કરવો છે.

વ્યક્તિ જ્યારે આધ્યાત્મિક છલાંગ લગાવે છે, ત્યારે એને વ્યવહાર જગતની પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેના જીવનમાં ક્યારેય આવી પરમના સ્પર્શની ઈચ્છા જાગી જ નથી, એને વળી આની તડપનનો શું ખ્યાલ આવે? જેના મનમાં આવી તીવ્ર તૃષા પ્રગટી નથી, એને વળી આ તરસની ઓળખ ક્યાંથી સાંપડે? આને પરિણામે વ્યક્તિને વ્યવહાર જગતનો ઉપહાસ સહન કરવો પડે છે.

આ સ્થિતિ કે દશા સાહસ માગે છે કે તમારે વ્યવહાર જગત તરફથી આવતા સંકટો, મુસીબતો અને ઉપેક્ષાઓનો સામનો કરવાનો હોય છે. સંત એકનાથ કે તુકારામ, મીરાં કે આનંદઘન, વિવેકાનંદ કે ગાંધીજી વ્યવહાર જગતની મુશ્કેલીઓથી મૂંઝાઈ ગયા હોત તો? તો એમને ક્યારેય કશી 'પ્રાપ્તિ' થઈ ન હોત; પરંતુ એમની આધ્યાત્મિકતાએ એમના હૃદયમાં એક અપૂર્વ સંકલ્પશક્તિ પ્રગટ કરી હતી. જેમ કોઈ વીર યોદ્ધો રણ મેદાનમાં આવતી આપત્તિઓ પર વિજય મેળવે છે, એ જ રીતે સાધક પણ એ પછી આવતી આપત્તિઓ સામે સંકલ્પપૂર્વક લડે છે અને એના પર વિજય મેળવે છે. આનો અર્થ જ એ કે જેવી વીરતાની જરૂર યુદ્ધના મેદાનમાં શત્રુને પરાજિત કરવા માટે છે, તેનાથી પણ વધુ મોટી વીરતા અધ્યાત્મના મેદાનમાં આવતા આંતર-બાહ્ય શત્રુઓના વિજયમાં છે. ◆

નોંધઃ પદ્મશ્રી કુમારપાળ દેસાઈના વિવેચનનું આ સંક્ષિપ્ત સ્વરૂપ 'અનન્ય પરિવર્તન'ના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

આગન્તુક

■ ધીરુબહેન પટેલ

(૨)

બન્ને જણ ઈશાનના ઓરડા આગળ જઈને ઊભા રહ્યા. આશુતોષે બારણું ખખડાવ્યું કે તરત ઈશાને એ ખોલ્યું. સામે અર્ણવને પણ ઊભેલો જોયો એટલે તરત ખસી જઈને એણે બન્નેને અંદર આવવાની જગ્યા કરી આપી અને આસ્તેથી કહ્યું, 'આવો ને !'

અર્ણવ આમતેમ જોઈને સોફા પર બેસી ગયો. આશુતોષ એની બાજુમાં બેઠો.

વાત શરૂ કરવી હતી, પણ કંઈ ફાવતું નહોતું. આખરે અર્ણવની વાચાળતા મદદે આવી. એણે કહ્યું, 'તમારે ઉત્તર કાશીમાં તો અત્યારે ઠંડી હોય, નહીં ? અહીં તો સોલિડ બફારો થાય છે. આશુભાઈ, આ રૂમમાં તમે એ.સી. નથી નખાવ્યું ?'

આશુતોષે અણગમાથી અર્ણવ સામે જોયું. એને આવી ચાંપલાશ જરાકે ન ગમી. છતાં જવાબ વાળ્યો, 'આ રૂમ ખાસ વપરાતો નથી ને !'

'હા, એ ખરું ! અને નંખાવો તો પાછો સીતારામ જ લાંબો થઈને સૂઈ જાય. તમારે પાછાં રીમાભાભી ચિડાય.'

આશુતોષે તીખી નજરે અર્ણવ સામે જોયું. અર્ણવ ખોંખારો ખાઈને ઊભો થયો અને બારી પાસે જઈ બહાર જોવા લાગ્યો. 'અહીંથી વ્યુ બહુ સરસ આવે છે, ગમે છે ને ?'

ઈશાને ધાર્યું હોત તો આ બન્નેને મદદ કરી શક્યો હોત. એ જાણતો હતો કે આ લોકોને શું પૂછવું છે, એમને શાની ચિંતા છે. છતાં એ મૂંગો રહ્યો. આગળ વધીને એમનો હાથ પકડવાની લેશમાત્ર વૃત્તિ થઈ નહીં. વળી એના જવાબ પણ તૈયાર નહોતા. હજી લગી એ સમજી શક્યો નહોતો કે આગળ ઉપર શું કરવું જોઈએ કદાચ એ પણ એના ભાઈઓની ઈચ્છા જાણવા માગતો હતો. ત્યાર પછી એ વિચારી શકે...

'ઈશાન !'

ઈશાને જવાબ ન આપ્યો, માત્ર સામે જોયું. કેવી એ દ્રષ્ટિ ? ના કોઈ સવાલ, ના જવાબ. એકેય વાદળ વિનાનું અસીમ આકાશ ! એની સામે કેટલો વખત જોઈ શકાય ?

'તારા કાગળો અમને મળ્યા હતા, અમને બન્નેને. પણ અમે કંઈ નવરાશ કાઢીને બેસીએ, વિચારીએ, તને જવાબ લખીએ એ પહેલાં તો તેં નક્કી પણ કરી નાખ્યું ને તાર પણ કરી દીધો. તાર હજુ મળે ન મળે એટલામાં જાતે આવી પણ ગયો ! તારે વિચારવું જોઈએ. અમારી પણ કંઈ મુસીબતો હોય, જવાબદારીઓ હોય.. અમને ફાવે એમ છે કે નહીં. એ તારે જોવું જોઈએ ને ?'

'અચ્છા ?'

એક સાદા શબ્દમાં ઈશાને શાંકરભાષ્ય ભરી દીધું. એ કોઈ એવો સવાલ નહોતો કે જેનો જવાબ આપવો પડે. એમાં કોઈ તહોમતનામું નહોતું કે બચાવ માટે વકીલો રોકવા પડે. નાનકડો નિર્દોષ શબ્દ... અચ્છા ? પણ આશુતોષને થયું કે ઘણા લાંબા વખત લગી - કદાચ મરતાં લગી આ શબ્દ એનો કેડો નહીં મૂકે, મનના એકાંતમાં ઊઠતાં ને બેસતાં કાયમ એના ખુલાસા કર્યા જ કરવા પડશે. ધૂંધવાઈને એણે અર્ણવને કહ્યું, 'તું કેમ કંઈ બોલતો નથી ?'

'હા, બરાબર, બિલકુલ બરાબર છે. અને હમણાં તો અહીં સીઝન પણ કેવી ખરાબ છે ? આટલા તાપમાં તમને હિમાલયવાળાઓને અહીંયા ફાવે જ નહીં ને ! માંદા પડી જાઓ વગર મફતના.'

ઈશાને એવી જ નિર્મળ નિર્વિકાર દ્રષ્ટિ અર્ણવ તરફ ઠેરવી. મૂંઝવણ ઢાંકવા અર્ણવ ખડખડાટ હસી પડ્યો. હસતાં હસતાં જ પૂછ્યું, 'તે તારો હવે શો પ્રોગ્રામ, ઈશાન ?'

'કંઈ નહીં.'

'લો, એવું તો કેવી રીતે ચાલે ? કંઈક તો નક્કી હોવું જોઈએ ને ? હા, જતાં પહેલા એક દિવસ મારે ત્યાં જમવાનું નક્કી રાખજે હં... આશુભાઈ તમે ભાભી ને છોકરાં પણ આવજો. મળીએ બધાં નિરાંતે.'

'મને કંઈ એવી જરૂર નથી લાગતી.'

'કેમ ? એમ કેમ બોલે છે ? આખરે તું અમારો ભાઈ તો ખરો જ ને ? જૂનું ઘર હવે કાઢી નાખ્યું છે. અર્ણવ કફ પરેડ રહેવા ગયો છે અને હું અહીં રહું છું.' આશુતોષે કહ્યું.

તક જોઈને અર્ણવે ઝંપલાવ્યું. 'આશુભાઈનું ઘર મોટું છે. ભલે નાનો તોયે આ એક સ્પેર રૂમ ખરો. જ્યારે મારે ત્યાં તો ત્રણ જ બેડરૂમ છે. એક અમારો, એક નેન્સીનો અને એક ગેસ્ટ રૂમ... પણ એમાં કોઈને રાખી ન શકાય. ઓચિંતા કોઈ ગેસ્ટ આવી પડે તો શું કરીએ ? આશુભાઈને તો અલગ ગેસ્ટ રૂમ છે જ.'

'એટલે તું શું કહેવા માગે છે ? ક્લબમાં આપણે આ બધું

સૌજન્ય : લીનાબેન અશ્વીન શાહ, મુંબઈ

ડિસ્કસ કરી ગયા છીએ.'

અત્યાર લગી ઈશાન ઊભો હતો. હવે એ હળવેથી ખુરસી પર બેસી ગયો. અર્ણવે કહ્યું, 'મને પૂછ્યું હોય તો હું તને કપડાં બદલવાની ના પાડત. તને ખબર નથી, અહીં હાઈ સોસાયટીમાં તમારા ભગવાં કપડાનું જરા સ્ટેટસ છે. ચાલ, પણ હવે વાત તો કર ઓચિંતુ આ બધું શું થઈ ગયું ? તારા ગુરુજીએ તને કેમ કાઢી મૂક્યો ?'

'એવું નથી. ગુરુજીનો દેહાન્ત થયો.'

'ઓહો ! એટલે તું અહીંયાં આવતો રહ્યો ? તુંયે ખરો છે ને, ઈશાન ! અહીં બા મરી ગયાં એટલે ઘર છોડીને જતો રહ્યો અને ત્યાં ગુરુજી મરી ગયા એટલે આશ્રમ છોડીને આવતો રહ્યો... કમાલ છે તું !'

'આ બધું તમે માનો છો એટલું સીધુંસાદું નથી હોતું અર્ણવભાઈ !'

'જવા દે અર્ણવ - જમવાનું મોડું થાય છે. તારે ખરેખર ન જમવું હોય ઈશાન તો પછી... તું વિચાર કરી રાખજે, ક્યાં જવું છે, શું કરવું છે ! અમે જમી લીધા પછી તને બોલાવીએ. પાછું અર્ણવને ઘેર જવાનું ને !'

'હા. શાલુને ખાલી ખોટી ચિંતા કરવાની ટેવ પડી ગઈ છે. હું ઘેર પહોંચું નહીં ત્યાં લગી જાગ્યા જ કરે. પાછું આપણેય એ લોકોની તબિયતનું ધ્યાન રાખવાનું ને ?' અર્ણવનું પોકળ હાસ્ય ચારે બાજુ રેલાયું.

એ લોકો ગયા પછી ઈશાને બારણું બંધ કરી દીધું. આખો દિવસ જેમાં રહ્યો હતો એ ઓરડીને ફરી એકવાર નરી આંખે જોઈ. એ બન્ને જણની વાતોના બાવાજાળા ચોમેર લટકતાં હતા. વાતો કરતાં વાતોના પડછાયા વધારે ભયંકર હતા. એમના મનનો ડર ઠેર ઠેર ડોકિયા કરતો હતો. એ લોકો નહોતા ઈચ્છતા કે એમના સરખી રીતે ગોઠવાઈ ગયેલા સુખી સંસારમાં કોઈ ધૂમકેતું આવીને ઉપદ્રવ મચાવે. સાથે સાથે એમ પણ ડરતા હતા કે રખે ને કોઈ એમને લાગણી વગરના કે સ્વાર્થી કહે. ઈશાન પોતાની મેળે જો એમ કહી દે કે હું ચાલ્યો જાઉં છું તો તેઓ બહુ ખુશ થઈ જાય. કદાચ પ્રેમથી બોલાવે પણ ખરા. આ ઓરડીમાં આખો વખત બેસાડી રાખવાને બદલે આખા ઘરમાં ફરવા દે. છોકરાઓ સાથે વાત પણ કરવા દે.

મંત્રોચ્ચારથી વાતાવરણનું સંમાર્જન કરીને ઈશાન જમીન પર પદ્માસન વાળીને બેઠો. કપડાનો રંગ બદલાયો હતો. તેથી આસન, પ્રાણાયામ કે ધ્યાનમાં કશો ફરક ન પડ્યો. ધીરે ધીરે પ્રણવમંત્રમાં મન લીન થઈ ગયું.

બહાર અતિશય ઉશ્કેરાટ હતો. અર્ણવે મુદ્દાની વાત શરૂ કરી હતી. 'બાપુજી ગયા પછી બધો વહીવટ તમે જ સંભાળો છો એટલે જવાબદારી તો તમારી જ કહેવાય. આ તો ઠીક છે, હું તમને મદદ કરવા આવ્યો. બાકી મારે શું છે ?'

'અરે વાહ ! જેવો મારો ભાઈ છે તેવો તારો ભાઈ છે. તારી કંઈ ફરજ જ નથી ?'

'તમે જ કહો ને, મને શું મળ્યું છે સહિયારી મિલકતમાંથી ?'

'કેમ નથી મળ્યું ? તને અમેરિકા મોકલવાનો ખર્ચ કોણે કર્યો હતો ?'

'ત્યારે તો બાપુજી જીવતા હતા.'

'ફક્ત છ મહિના. ને તું તો ખાસા પાંચ વરસ રહ્યો.'

'પછી તો હું કમાતો હતો.'

'તે હશે, પણ તારી કમાણી અમે નથી જોઈ. ચોપડામાં તારે નામે સાડા પાંચ લાખ બોલે છે.'

રીમા ચીડાઈ ગઈ. 'તમે બન્ને અંદરોઅંદર જ લડ્યા કરશો કે આવી પડેલી ઉપાધિનો વિચાર કરશો ?'

'એ શું કરવા માગે છે તે કંઈ સમજાતું નથી, નહીં અર્ણવ ?'

'મને તો દાળમાં કંઈ કાળું લાગે છે. એમ ગુરુજી મરી જાય એટલે સાધુઓ પાછા સંસારમાં પેસી જતા હશે ?'

'એની તપાસ કરવી જોઈએ. શું થયું, કેમ નીકળી આવ્યો, બધું જાણવું જોઈએ.'

'આપણે જાણીને શું કામ છે ? જે હોય તે, અહીંથી વિદાય કરો ને, એટલે પત્યું.'

'શું કરવાનો છે તે કંઈ સમજાતું નથી. કંઈ બોલતો નથી.' આશુતોષે કહ્યું, 'દિવસે તારી કે છોકરાઓ જોડે વાત કરતો હતો ?'

'કરણ તો બહુ ઊંચોનીચો થતો હતો. મેં જવા જ ના દીધો. એ તો આખો દહાડો અંદર બેસી રહ્યો હતો.'

'શાલુને એને જોવાનું બહુ મન છે.'

'લઈ જાઓ ને !'

'તમેય ભાભી, ખરી મશ્કરી કરો છો.'

'એમાં મશ્કરી શાની ? આશુતોષ ભાઈ છે એમ તમેય ભાઈ છો. તમારો સ્વભાવ હસવા બોલવાનો એટલે તમારી જોડે કદાચ વાતે વળગે. આપણને ખબર પડે એના પેટમાં શું છે.'

'અર્ણવ, આઈડિયા ખોટો નથી. લેટ અસ ટ્રાય ઈટ.'

'પણ મારે શાલુને પૂછવું પડે. નેન્સીની એક્ઝામ આવવાની. પ્લસ મારે મારા જોબનું પણ જોવાનું.'

'જોબનું શું જોવાનું ? એ વાત ખોટી છે અર્ણવભાઈ. તમારે ઘેર તમારો ભાઈ મહેમાન થઈને આવે તેમાં તમારા જોબને શી આંચ આવવાની હતી ?'

'ઈશાને શું કર્યું હોય, શું નહીં... કાલે ઊઠીને કંઈ લફરું

થાય... ના, બાબા ના, તમારે બાપુજીનો ધંધો છે - મારે તો બહુ પંચાત થઈ જાય.'

'ધંધો બાપુજીનો નથી, મારો છે. મેં રાતદહાડો મહેનત કરીને જમાવ્યો છે. હવે તો આ ધંધો મારો જ છે, મારા એકલાનો. તારો યે નહીં અને ઈશાનનો યે નહીં.'

'એમાં એટલા ગરમ નહીં થાઓ. વારું, ચાલો હવે એને બોલાવી લઈએ ? નહીંતર આપણે જ ત્યાં જઈએ.'

બારણું ખુલ્લું હતું. ઈશાન કોઈક પુસ્તક વાંચતો હતો. એ ઊંચું જોઈને શાંત ભાવે બોલ્યો, 'આવો.'

'તો પછી બોલ, તેં શું નક્કી કર્યું ?'

'હજી તો કંઈ નક્કી કર્યું નથી.'

'અરે, પણ આશ્રમમાંથી નીકળ્યો ત્યારે કંઈક તો વિચાર કર્યો હશે કે નહીં ?'

'મુંબઈ આવવાનો વિચાર કર્યો હતો.'

આશુતોષ અને અર્ણવ એકબીજાની સામે જોવા લાગ્યા. ઈશાનને એમની દયા આવી ગઈ. આસ્તેથી બોલ્યો, 'તમને તકલીફ જેવું હોય તો બીજે કશે રહેવા જઈશ. માણસે જિંદગીનો એક પણ દિવસ - અરે એક પણ કલાક વ્યગ્રતામાં ન કાઢવો. એ પાછો નથી આવતો. તમને અનુકૂળ ન હોય તો બોલી દો. હું કાલે જ જતો રહીશ.'

'ના, ઈશાન તું રહે.'

'વારુ' કહી ઈશાન પાછો વાંચવા લાગ્યો. બન્ને ભાઈઓ પાછા વળ્યા. જરાક આઘે જઈને અર્ણવે પૂછ્યું, 'તમને શું થઈ ગયું આશુભાઈ ? ટાઢે પાણીએ ખસ જતી હતી. ના શું કરવા પાડી ?'

'રીમાને કહેતો નહીં.'

'નહીં કહું, પણ મને કહો તો ખરા, એને કેમ જવા ન દીધો ?'

'એમાં એવું છે ને... એ ક્યાં જાય, ક્યાં નહીં... આપણું સારું ના દેખાય એટલે.'

ડ્રોઈંગરૂમમાં રીમા રાહ જોતી હતી. આશુતોષે તરત કહી દીધું, 'એકાદ અઠવાડિયા પછી બધું શાંતિથી ગોઠવીશું. હમણાં છો અહીંયા રહેતો. અને રીમા ! એ જમતો નથી તો એને દૂધ જોઈતું હોય તો પૂછી જોજે.'

રીમાની આંખો પહોળી થઈ ગઈ, પણ આશુતોષનું એ તરફ ધ્યાન નહોતું. ઈશાન ધીમેથી બોલ્યો કે તમને તકલીફ જેવું હોય તો બીજે કશે રહેવા જઈશ, ત્યારે એનો અવાજ અદ્દલ બાપુજી જેવો લાગ્યો હતો. ખાલી અવાજ નહીં, બોલવાની લઢણ પણ... જાણે બાપુજી જ બોલ્યા... આશુતોષના બાપુજી... અને સંસ્મરણોનાં ઘટાટોપ વાદળો ચડી આવ્યા. એમની છાયમાં આશુતોષ નાનો થઈ ગયો. નિશાળે જતો આશુતોષ, બાની સાથે ઝઘડા કરતો આશુતોષ, બેય નાના ભાઈઓને દબડાવતો આશુતોષ, બાપુજીનો પડ્યો બોલ ઝીલતો આશુતોષ. એ આશુતોષે જ ઈશાનને રહેવાનો આગ્રહ કર્યો હતો, એણે જ દૂધ મોકલવાની કાળજી કરી હતી અને આ મોટા આશુતોષને એ કશું સમજાયું નહોતું. એને માત્ર થાક લાગ્યો હતો. અનહદ થાક. આંખો મીચીને એ સોફામાં પડ્યો.

બધા કામકાજથી પરવારીને સીતારામ દૂધનો પ્યાલો લઈ ઈશાન પાસે જઈ ઊભો.

ઈશાને પ્યાલો લઈ દૂધ પી લીધું. સીતારામે જતાં જતાં પૂછ્યું, 'બીજા કામ અસલા તો સાંગા.'

'ના. નમો નારાયણ'

આખા દિવસમાં પહેલીવાર ભગવાનનું નામ મોંમાથી નીકળ્યું. સારું લાગ્યું. વર્ષોથી સવારથી સાંજ સુધીમાં કંઈ કેટલીયે વાર આ શબ્દ બોલવાની આદત હતી. સીતારામને કહેવાથી જાણે ઉપવાસ છૂટ્યો. સીતારામ સામે જોઈ રહ્યો અને આસ્તેથી બે હાથ ઊંચા કરી વિઠ્ઠલ ! વિઠ્ઠલ ! કરતો ચાલ્યો ગયો.

એના ગયા પછી મન હળવું લાગ્યું. પુસ્તક આઘું મૂકી મુંબઈના ભક્તોના નામ - સરનામાં નોંધેલી ડાયરી કાઢીને નજર ફેરવી. સાત આઠ જરા એવા હતા તો ખરા જેમનો સંપર્ક થઈ શકે. પણ હમણાં નહીં.

હમણાં તો પેલા પ્રશ્નોનો જવાબ શોધવાનો છે. હવે ક્યાં રહેવાનું છે અને શું કરવાનું છે ? એકવાર સંન્યાસ સ્વીકાર્યા પછી આ ઘર પર કશો હક રહેતો નથી. અને સંન્યાસનો ત્યાગ કર્યા પછી ભક્તોએ આપેલી ભીક્ષા કે ભેટ સ્વીકારવાનો પણ હક રહેતો નથી. તો પછી આજીવિકા માટે, રહેઠાણ માટે કંઈક કરવું પડે. ઈશાનને ત્રિશંકુ યાદ આવ્યો. એને માટે જો વ્યોમમાં કોઈક જગ્યા મળી શકી તો પોતાને પણ ધરતી ઉપર કોઈક જગ્યા મળી રહેશે. ઈશ્વરે નિશ્ચિત કરી જ હશે. શોધવીયે નહીં પડે. એની મેળે જ મળી રહેશે.

બાળક જેવા વિશ્વાસથી ઈશાન જમીન પર પોતાની ચાદર પાથરીને સૂઈ ગયો અને એકાદ બે મિનિટમાં તો ગાઢ નિદ્રામાં વીંટળાઈ ગયો.

(વધુ આવતા અંકમાં)

નોંધ : ધીરુબહેન પટેલની નવલિકા આગન્તુકનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

સૌજન્ય : મીનાબેન વિદ્યુત શેઠ, મુંબઈ

મૂર્તિમાન મોક્ષ... એ જ માર્ગ

ગુરુ અને શિષ્યનો સંબંધ આ જગતથી વેગળો, અનન્ય, અલૌકિક પ્રેમસંબંધ હોય છે. શિષ્યના ઘડતરમાં ગુરુનું મહાત્મ્ય અપરંપાર છે. યોગ્યતાવાળા શિષ્ય મારફત જ ગુરુની ઓળખાણ થાય છે. ગુરુ કેટલા મહાન છે એ શિષ્ય જ બતાવી શકે છે. જેવી રીતે પરમ કૃપાળુ દેવની વિચારસરણી પ્રભુશ્રીજી દ્વારા પ્રકાશમાં આવી અને આપણને અદ્‌ભુત એવું આત્મતત્વ સાંપડ્યું.

o સાધકના જીવનમાં ગુરુની આવશ્યકતા શું અને ગુરુ કેવા હોવા જોઈએ ? કેટલાય ભવોથી આપણે સંસારમાં રઝળપાટ કરીએ છીએ છતાં સંસારની એક નાની વાત આપણે આપણી રીતે શીખી શકતાં નથી, તો આધ્યાત્મમાં પોતાની રીતે ગુરુના અવલંબન વગર શીખી શકવી અશક્ય જ છે. એટલે પરમાર્થે આત્માનો વિકાસ કરવા માટે સાધકને એવા ગુરુની આવશ્યકતા હોય છે જેણે (૧) એ વિષયને અનુભવે જાણેલો હોય (૨) એમનામાં વાણીનો અતિશય હોય, જેનાથી એમણે કહેલી વાત સાધકને અંતરના ઉંડાણથી સમજાય. આવા આત્મપ્રાપ્ત દેહધારી પુરુષ જ મોક્ષ સુધીની કેડીને કંડારી શકે છે.

શિષ્ય જ્યારે ગુરુના સમાગમમાં આવે છે ત્યારે ગુરુના હૃદયમાંથી અરાગાત્મક આંદોલનો શિષ્યના હૃદયને અથડાય છે જેથી શિષ્યની ચેતના જાગૃત થાય છે. એની યોગ્યતા પ્રગટ થઈ તેનો આધ્યાત્મિક વિકાસ શરૂ થાય છે. ગુરુની કૃપાથી તેનામાં ક્રિયાત્મક આત્મચિંતવન શરૂ થાય છે અને આત્મજ્ઞાનમાં એનું દિવ્ય રૂપાંતર થાય છે અને શિષ્યને વિશ્વાસ થઈ જાય છે કે થોડાક ભવની અંદર એને ચોક્કસ એના આત્માનો અનુભવ થશે.

o આવા આત્મપ્રાપ્ત ગુરુને ઓળખવા કઈ રીતે ?

ગુરુને ઓળખવા એક રીતે અઘરા છે પણ અશક્ય તો નથી જ. પૂર્વ ભવમાં શિષ્યએ આરાધન કરેલું હોય, ગુરુનું મહાત્મ્ય અમુક અંશે સમજાયું હોય ત્યારે આ ભવમાં ગુરુની શોધ ચાલે છે અને પુણ્યના યોગે શ્રી ગુરુનો પરિચય પણ થાય છે. આવા આત્માનુભવી સત્પુરુષ/સદ્‌ગુરુના અમુક ગુણો હોય છે જેનાથી એ બીજાથી અલગ તરી આવે છે.

(૧) ગુરુ જ્યારે શિષ્ય સાથે સંસારની વાત કરતાં હોય ત્યારે પણ એ વાતના મૂળમાં તો પરમાર્થ જ હોય છે.

(૨) જુદી જુદી પ્રકૃતિના જીવો સાથે તેઓનો અત્યંત સુમેળ હોય છે.

(૩) તેમનામાં અવલોકન, નિરીક્ષણ, પરિક્ષણની વિશિષ્ઠ શક્તિ હોય છે

(૪) જીવને પોતાની શક્તિઓનું ભાન ન હોય, પણ શ્રીગુરુ એ શક્તિઓને બહાર કાઢવામાં સહાયભૂત થાય છે.

(૫) શ્રી ગુરુમાં નિરહંકારીપણું, નિર્મમત્વપણું, અપાર નિઃસ્પૃહતા, તત્વ માટે અત્યંત સ્પૃહા, રાગ છતાં રાગનો અભાવ, કર્મના ઉદય વખતે સહજ વર્તન, અત્યંત ધીરજ જેવા ગુણો હોય છે.

o શ્રીગુરુથી થતું સાધકનું જીવન ઘડતર અને આત્મવિકાસ.

જ્યાં સંસારના પારંગત ગુરુનું કાર્ય પુરુ થાય છે, ત્યાંથી સદ્‌ગુરુનું કાર્ય શરુ થાય છે. ઉપદેશાત્મક કે આજ્ઞાત્મક વાણીનો ઓછામાં ઓછો ઉપયોગ કરતાં હોવાથી ઘણાને તેઓ નિષ્ક્રિય લાગે છે, છતાં આશ્ચર્યની વાત એ છે કે શિષ્યના વિકાસ માટે અદ્રશ્ય રીતે તેઓ અત્યંત કાર્યશીલ હોય છે. તેઓ જ્યારે બોલતાં નથી ત્યારે સહુથી વધારે બોધ આપે છે. પોતાના જે દોષો જીવે અનાદિકાળથી જાણેલા નથી એવા દોષોનું દર્શન કરાવે છે. સાધકની નિદ્રા અવસ્થા વખતે પણ ગુરુ તેને માર્ગદર્શન આપે છે. પોતાના પૂર્વકર્મની નિર્જરા અને જગતના સર્વ જીવોનું કલ્યાણ આ બે વસ્તુમાં જ શ્રી ગુરુનો લક્ષ હોય છે.

અલગ અલગ પ્રકૃતિવાળા જીવો સાથે શ્રી ગુરુનો અલગ અલગ વ્યવહાર પક્ષપાતી લાગતો હોવા છતાં શિષ્યના આત્મકલ્યાણ માટેનો જ હોય છે. શિષ્યની યોગ્યતાં થતાં જ્યારે તેને શ્રી ગુરુના આ રહસ્યની ખબર પડે છે ત્યારે તેને ગુરુ માટે અનહદ પ્રેમ જાગે છે. ઘણી વખત તેઓ શિષ્યને જાણી જોઈને મૂંઝવણમાં મૂકે છે જેથી કરીને એ ચિંતન-મનન કરી શકે અને આવનારા ઉદય કર્મ માટે પહેલેથી તૈયાર થઈ જાય. દેખીતી રીતે ગુરુની આ બધી ક્રિયાઓ ખોટી લાગતી હોવા છતાં એ શિષ્યના આત્મકલ્યાણ માટે જ હોય છે. શિષ્યનો આત્મવિશ્વાસ જગાડવા માટે ગુરુ નિર્દયી બનીને પણ ગુપ્ત સહાય કરે છે. ગુરુની આવી ચેષ્ટાઓથી શિષ્યને દુઃખદ પરિણામ થાય છે, પણ જો તેની શ્રદ્ધા બળવાનપણે ટકી રહે તો જલ્દીથી આગળ વધવાનું કારણ બને છે. શિષ્યની જેમ જેમ પ્રગતિ થતી જાય છે તેમ તેમ શિષ્યને શ્રી ગુરુનું મહાત્મ્ય વેદાતું જાય છે.

આમ કોઈને ગુરુ વ્યવસ્થિત અને કાળજીવાળા લાગે, કોઈને ચાકસાઈવાળા લાગે, કોઈને સાવ બેદરકાર લાગે, કોઈને ભૌતિક અને સંસારી લાગતા હોવા છતાં આશ્ચર્યકારક એ છે કે બધાને એ પોતાના ગમતા ગુણોવાળા લાગે છે. ગુરુના જ્ઞાનીપણાની હૃદય અને મસ્તકથી સમજણ આવી હોય પછી શિષ્ય ગુરુની દરેક ક્રિયામાં પોતાના આત્માનું કલ્યાણ જ જુએ છે. ક્રમશઃ તેનું ગુરુ પ્રત્યેનું આકર્ષણ વધતું જાય છે. શ્રી ગુરુ સાથે ઐક્યભાવ થતાં શિષ્ય પરાભક્તિની છેવટની દશાએ પહોંચે છે.

o જ્યારે ગુરુની માન્યતા કરવામાં આવે ત્યારે....

(૧) જેને ગુરુ માનીએ છીએ એમના આરાધ્ય દેવ વીતરાગ પ્રભુ જ હોવા જોઈએ.

(૨) જેઓ તીર્થંકરે પ્રરૂપેલ ધર્મની જ આરાધના - સ્તવના કરતાં હોય.

(૩) જેઓ પોતાને ક્યારેય 'ગુરુ' માનતા નથી કે કોઈને પોતાના શિષ્ય માનતા નથી.

(૪) જેમને આત્માનો સ્પષ્ટ સાક્ષાત અનુભવ થયો છે.

આ રીતે જ્યારે ગુરુની માન્યતા થાય ત્યારે સત્‌દેવ-સત્‌ધર્મ-સત્‌ગુરુ સમજાય. આજે આત્મલક્ષ વગર ઘણા લોકો માનવસેવા વિગેરેને 'ધર્મ' કરીએ છીએ એમ સમજે છે. પરંતુ જો રાગ-દ્વેષ-અજ્ઞાનથી રહિત નથી તો એ ધર્મ નથી. જ્યાં જ્યાં દ્રષ્ટિ પડે ત્યારે એક જ ભાવ રહેવો જોઈએ કે, 'હું આ નથી, મારું કંઈ નથી.' તો સહજતાએ રાગ-દ્વેષ રહિત થવાય છે. મારાપણાના ભાવ એ જ કર્મબંધન અને દુઃખનું કારણ છે. ધર્મને નામે જે ક્રિયા કરીએ છીએ એનું ફળ શું હોય એ ખબર ન હોય તો ધર્મ કરવાનો કોઈ અર્થ નથી.

આમ આ પર્યુષણ પર્વ દરમિયાન આપણા શ્રી ગુરુએ એમની અસ્ખલિત વાણીથી ગુરુ-શિષ્યના સંબંધે મન મૂકીને ઉપદેશ આપ્યો. આપણું કર્તવ્ય તેને ગ્રહણ કરીને એ પ્રમાણે આચરણમાં ઉતારવાનું છે. પરમ કૃપાળુ દેવની અને જ્ઞાની ભગવંતની ઉલ્લાસથી ભક્તિ, તત્વની સમજણ સાથે થાય એ લક્ષ રાખવાનો છે. આપણા સહુ માટે એજ મોક્ષનો માર્ગ, રાજમાર્ગ બની રહેશે.

પર્યુષણ પર્વના ત્રીજા દિવસે 'સ્પર્શ'ના કલાકારો દ્વારા હૃદયસ્પર્શી ભક્તિના રંગમાં સહુ રંગાઈ ગયા. મહાવીર જયંતિના પાવન દિવસે, શ્રી રૂપેશભાઈ વોરા અને કલાકારો દ્વારા 'વીર વંદનાવલી'માં મહાવીર પ્રભુના જન્મ કલ્યાણક રૂપે ભક્તિની રમઝટ થઈ. તદ્‌ઉપરાંત સાતમે દિવસે 'ગુરુ ગુણ વંદના' કાર્યક્રમમાં શ્રી ગુરુ ભગવંતના ગુણગાન ગાતાં ગાતાં સર્વ મુમુક્ષઓ ગુરુભક્તિના રંગમાં મન મૂકીને નાચ્યા.

પર્યુષણ પર્વના અંતિમ ચરણમાં સાંવત્સરિક પ્રતિક્રમણમાં સહુએ સાથે મળી, જ્ઞાની ભગવંતની નિશ્રામાં, પોતાનાથી જાણતા-અજાણતા થયેલા પાપદોષોની સંગીતમય રીતે, હૃદયના શુદ્ધ ભાવોથી આલોચના કરી.

પૂજ્યશ્રીના શ્રી મુખેથી ''ગુરુ શિષ્ય સંબંધ''નું આપણા જીવનમાં મહાત્મ્ય સમજી, બળવાન શ્રદ્ધાના બળે, મોક્ષ તરફ પગલાં પાડીએ. ◆

સૌજન્ય : સંઘરાજકા પરિવાર, બેંગલોર

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્ત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર, પર્લીના

કોલકાતા સેન્ટર મધ્યે પર્યુષણ પર્વ આરાધના

પર્વાધિરાજ પર્યુષણ પર્વના ઉપલક્ષે સંસ્થાના કોલકાતા સેન્ટરના પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ભવ્ય મંદિર મધ્યે આઠ દિવસીય ધર્મ આરાધનાનું સફળ આયોજન કરવામાં આવ્યું. વાતાનુકુલિત મંદિર મધ્યે મોટી સ્ક્રીનમાં મુંબઈથી પ્રસારીત થઈ રહેલાં પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજીના પરમ સત્સંગ તથા અન્ય ધાર્મિક કાર્યક્રમોનું જીવંત પ્રસારણ દેખાડવામાં આવ્યું. પ્રતિદિન આશરે ૨૫૦ મુમુક્ષુઓએ સવાર અને સાંજે દરેક ધાર્મિક કાર્યક્રમોને માણ્યા. પ્રતિદિન બપોરે ભોજન તથા સાંજે ચૌવિહારની વ્યવસ્થા હરેશભાઈ માલાણી અને તેમના કમિટિ મેમ્બર્સે અત્યંત સુંદર રીતે બજાવી. પર્યુષણ પર્વ દરમિયાન મંદિર મધ્યે આવનાર દરેક વ્યક્તિને સવારના પ્રભાવનાનો લાભ સંપ્રાપ્ત થયો.

મહાવીર જયંતિના ઉપલક્ષે સાંજના કોલકાતા સેન્ટર દ્વારા 'વીર જન્મોત્સવ'નો કાર્યક્રમ રાત્રે ૮.૩૦ કલાકે પ્રસ્તુત કરવામાં આવ્યો જેમાં ભગવાન મહાવીર સ્વામીના પારણાનો લાભ કોલકાતા સેન્ટરના મુમુક્ષુ વિવેકભાઈ જસવંતરાય મહેતા પરિવારે લીધો હતો. આશરે ૫૭૦ મુમુક્ષુઓ તથા તેમના પરિવારજનોએ અદ્‌ભુત ઉલ્લાસ અને આનંદ સાથે આ કાર્યક્રમમાં પ્રસ્તુત થયેલી 'વીર ભક્તિ' માણી તથા 'ભક્તિરાસ'માં ઉલ્લાસપૂર્વક ભાગ લઈ મહાવીર સ્વામીનો જન્મોત્સવ માણવામાં સહભાગી થયા.

પર્યુષણ મહાપર્વના અંતિમ દિવસે બપોરે આલોચનાપાઠ તથા ભાવ પ્રતિક્રમણનું જીવંત પ્રસારણ દેખાડવામાં આવ્યું અને અંતે સંસ્થાના કોલકાતા સેન્ટરના પ્રમુખ શ્રી નિલેશભાઈ ગાંધીએ પોતાની ભાવવાહી શૈલીમાં આ પર્યુષણ પર્વમાં આરાધના કરવા બદલ સર્વે મમુમુક્ષુઓનો આભાર માન્યો તથા તપસ્વીઓની અનુમોદના કરી અને સર્વેને મિચ્છામિદુક્કડમ કહી ક્ષમાયાચના કરી.

મંગળવાર તા. ૬-૯-૨૦૧૬ના સંસ્થાના મુમુક્ષુઓએ પર્યુષણ પર્વ દરમિયાન જે તપસ્યા કરી હતી તેઓના પારણા કરાવવાનો લાભ અન્ય મુમુક્ષુઓએ ભાવપૂર્વક લીધો. અત્રે ઉલ્લેખનીય છે કે પર્યુષણ પર્વ દરમિયાન સંસ્થાના મુમુક્ષુઓ નિશિતભાઈ વોરા, આમ્રપાલીબેન વોરા, દિશાબેન દોશી, ધારીણીબેન મહેતા તથા અનેરીબેન ખારાએ આઠ ઉપવાસની તપસ્યા કરી હતી તથા અઠ્ઠમ, બિયાસણા, એકાસણા અને નાની મોટી એવી ૫૦ જેટલી તપસ્યા અન્ય મુમુક્ષુઓ દ્વારા કરવામાં આવી હતી. આમ આ વર્ષના પર્યુષણ પર્વની આરાધના હર્ષોલ્લાસ સહિત સમાપન થઈ.

સંસ્થાના આશરે ૫૦ પ્રશિક્ષિત મુમુક્ષુઓ દ્વારા હરિભાઈ તથા મીરાબહેનોના સાપ્તાહિક સત્સંગ પ્રતિદિન જુદા જુદા સમયે મંદિર મધ્યે થતાં રહે છે તથા પખવાડીક જાહેર સત્સંગનું આયોજન રવિવારે સવારે ૯ કલાકે નિયમીત રીતે થતું રહે છે. દર્શનાર્થીઓ માટે મંદિર દરરોજ સવારે ૭ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લુ મુકવામાં આવે છે. ◆





Shree Raj Educational Centre

New School Building

August 15, 2016 marked a NEW chapter in the lives of students of SHRI KAKUBHAI JAMNADAS TANNA BALWADI & HIGH SCHOOL, when they moved into the new school building. SHREE RAJ EDUCATIONAL CENTRE, with rock solid support of the very benevolent Shri Deepakbhai Tanna & Family, had provided them this large, extra-ordinary facility.

From the majestic structure with attractively painted façade to the huge courtyard flanked on all sides by large corridors and spacious class rooms, so appropriately furnished – the overall impact was quite overpowering. Seems, the Construction Team has been able to bring alive the picture of how the School was envisioned by Pujyashree, in exactness.



By the time Param Pujya Premacharyaji's car arrived a little after 10 am, the audience of about 200+ guests, apart from the students, was deeply immersed in bhakti. After sthapana of Chitrapat of Param Krupalu Dev in Principal and Vice Principal office rooms, Pujyashree,Pu.Nileshbhai and the Trustees took their respective seats with the audience.

The tri-colour was solemnly hoisted by Pu. Nileshbhai accompanied by Principal Dr J K Joshi Sir and everyone stood up to the National Anthem and the DhwajGeet, sung melodiously by the young students.

Pu. Nileshbhai in his address said that the largeness of School can be measured when it's students are able to attain the level of Corporate CEOs and reach out to the world. With uniquely implemented "Brain-Gym" and "E-learning", he felt, these rural students were at par, rather much better than average urban students.

Young achiever, Ms. Kashmira Sogam from 2nd standard had appeared for the National Scholar Search Examination conducted by National Institute of Brain Skill Development & Research Centre, Pune and stood 4th in the Merit List, with 8th rank all over Maharashtra. The feat was applauded heartily by all and Pujyashree presented a memento to Ms Kashmira.

The Construction Team's untiring and relentless efforts were much appreciated. Shri Pranlalbhai Shah, Shri Prashantbhai Badheka, the stalwarts, associated with all construction activities at the Research Centre, right from the beginning were felicitated for the superb completion of this humongous task by Pu.Nileshbhai. Although a vendor, but more like the Team member, Shri Suhas Gandekar was always at hand in all times of need. Pujyashree felicitated him with a garland. Shri Dhananjay Kakade and Shri Hanumanta Kapre are our very loyal employees, associated with various activities since inception of the Research Centre and have evolved to be an integral part of the Construction Team. ShriHanumantaKapre, was felicitated by Pujyashree.

After the vote of thanks, the Team members took Pujyashree, Pu.Nileshbhai and the Trustees for a tour. Colourful round tables with oh-so-cute tiny chairs for the tiny tots in the Nursery Sections floored everyone. "Wish I could join!" was on everyone's mind. Smart seating, TV (for E-learning), PA speaker, large, bright and airy classrooms, well thought low height basin counter and urinals for the tiny tots, filtered and cold water dispenser stations, computer labs, a well-stocked library, 3 science labs, music academy, dance academy, sports facility the list can go endlessly. The entire facility is kept under 24x7 CCTV surveillance, backed by alert and pro-active security guards for the safety of the students.

The event ended with aso-palav saplings, blessed by Pujyashree, being planted by Pu.Nileshbhai. ◆

Best wishes : Jayvantiben Mavji Vora, Mumbai

વિશેષ અહેવાલ

શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટરની તદ્દન નિરાળી માનવ સેવા યોજના - ''રાજરોટી''

''રોટી'' અથવા ભોજન, ખાવાનું, ખોરાક ઈ.- જે મનુષ્યદેહ ટકાવી રાખવા માટે અનિવાર્ય છે. જગતના મોટામાં મોટા બિલ્યોનર્સથી માંડીને સમાજના છેક નીચલા સ્તરે રહેલા લોકોને બીજી કોઈપણ વસ્તુઓ વગર ચાલી શકે પણ 'રોટી' વગર નહીં. ભારતમાં આટઆટલી પ્રગતિ દ્રશ્યમાન હોવા છતાં, આજે પણ લાખો લોકો એક ટંક રોટી માટે ફાંફા મારે છે અને કેટકેટલીય સામાજિક સંસ્થાઓ, મંદિરો, ટ્રસ્ટો વિગેરે આ માનવ સેવા કાર્યમાં રત છે.

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર પણ આ ક્ષેત્રે કાર્યરત છે, પણ તદ્દન નિરાળી રીતે. રીસર્ચ સેન્ટરના પ્રણેતા પરમ પૂજ્ય પ્રેમઆચાર્યજીનું માનવું છે કે ધર્મ પ્રેક્ટીકલમાં ઉતરવો જોઈએ. જીવની શારીરિક ભૂખ સંતોષાઈ હશે તો જ તેને સત્ધર્મ બાબત, કર્મ બાબત વિચારવાનો અવકાશ મળશે અને અવ્યાબાધ સુખ મેળવવાની ભુખ લાગશે.

પૂજ્યશ્રીનું એક વચન ''જે બીજાના સુખનો વિચાર કરે એ ક્યારેય દુ:ખી ન હોઈ શકે'' એ ''રાજ રોટી'' સેન્ટરની શરૂઆતનું બીજરૂપ બન્યું.

જરૂરિયાતમંદો, જેમ કે સિનિયર સીટીઝન્સ, શારીરિક રીતે અસક્ષમ અને એકલાં રહેતાં લોકો, વૃદ્ધો, રૂા. ૫૦૦૦/- થી પણ ઓછી માસિક આવક ધરાવતાં એવા માણસો માટે આ ''રાજરોટી''ની માનવ સેવા યોજના, સૌ પ્રથમ મુલુંડ (વેસ્ટ)માં ૩જી મે ૨૦૧૦ના શરૂ થઈ. મુલુંડના જવાહર ટોકીઝ કંપાઉન્ડમાં, શ્રીમતી નિર્મલાદેવી જૈન ટ્રસ્ટના સહયોગથી રાજરોટી સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો.

શરૂઆતમાં ૩ વર્ષ, ૫ રૂા.માં ૬ રોટલી, શાક અને ૧ કેળુ આપવામાં આવતું હતું જેના હવે રૂા. ૧૦ લેવામાં આવે છે. આટલા રૂપિયા પણ એટલા માટે લેવામાં આવે છે કે લેનારને એમ ન લાગે કે પોતે ભીખનું ખાઈ રહ્યો છે અને એના સ્વાભિમાનને ઠેસ ન લાગે.

મુલુંડ સેન્ટર



મહાદેવભાઈ નલાવડે, જેઓ હેન્ડીકેપ્ડ છે અને આ સેવાનો લાભ છેલ્લા ઘણાં વર્ષોથી લઈ રહ્યા છે કહે છે, ''મૈં યહ ખાના લેકર બહુત ખુશ હું.'' જયેન્દ્ર શાસ્ત્રી, જેમની પત્ની એક વર્ષ પહેલા ગુજરી ગયા કહે છે, ''રાજરોટી સેન્ટરકી વજહ સે મુજે ખાને કી કોઈ તકલીફ નહીં ઓર યહાં કા ખાના ખાકર મેરા પેટ કભી ભી ખરાબ નહીં હુઆ હૈ.'' પ્રમીલા પરમાર કહે છે, ''મને અહીં મનની શાંતિ મળે છે.''

મુલુંડ રાજરોટી સેન્ટરના હેડ શ્રી હેમંતભાઈ ગોગરી અને તેમની સમસ્ત ટીમ આ સેન્ટર ખૂબ જ ખંત અને સેવા ભાવથી ચલાવી રહ્યા છે.

તા. ૧૦-૦૪-૨૦૧૬ના રોજ કોલકાતા ખાતે, શ્રી વિરેનભાઈ મહેતા અને શ્રી કેતનભાઈ વોરાના નેતૃત્વ હેઠળ ''રાજરોટી સેન્ટર, કોલકાતા''ની શરૂઆત થઈ પૂરી, ચણાની દાળ, બ્રેડ, ફળ તથા બિસ્કીટ્સના પેકેટ્સ નિ:શુલ્ક રીતે દર રવિવારે આશરે ૨૦૦ ગરીબજનોને

આપવામાં આવે છે.

તા. ૦૯-૦૫-૨૦૧૬ના અખાત્રીજના શુભ દિવસે, મુંબઈના માટુંગામાં પણ રાજરોટી સેન્ટરની શરૂઆત થઈ. જેનું સંચાલન ફક્ત મીરા બહેનો કરી રહી છે.

રાજરોટી સેન્ટર કાર્યાન્વિત કરવા પાછળ પૂજ્યશ્રીનો હેતુ એ પણ હતો કે, જે મુમુક્ષુઓ રાજરોટી સેન્ટરમાં સેવા આપી રહ્યા છે તેમની વચ્ચે મૈત્રીભાવ કેળવાઈ, અન્યોનય શુભ પરમાર્થ ઋણાનુંબંધ બંધાય તથા લેનારનું પણ પરમ કૃપાળુ દેવ સાથે શુભ ઋણ બંધાઈ આત્મધર્મની આરાધનામાં જોડાય. પૂજ્યશ્રીનો આ પવિત્ર આશય સેવા આપનાર પ્રત્યેક મુમુક્ષુઓના ઉલ્લાસમાં અને લાભ લેનાર દરેકના સંતોષમાં વર્તાઈ રહ્યો છે. સેવા આપનાર દરેક મુમુક્ષુ ખૂબ ઉત્સાહપૂર્વક વર્ષના ૩૬૫ દિવસ પોતે સેવા આપી શકે એવો ઉલ્લાસિત ભાવ ધરાવે છે. આમ પૂજ્યશ્રીના માર્ગદર્શનથી 'રાજરોટી' જેવા સેવાના માધ્યમથી પૂર્વકર્મની ચૂકવણી, અંતરાયનું તૂટવું, અન્ય જીવો સાથે શુભ ઋણનું બંધાવું, સર્વ જીવો સાથે મૈત્રીભાવ કેળવવો જેવા પરમાર્થિક લાભનો અનુભવ સેવા આપનાર મુમુક્ષુઓ અનુભવી રહ્યા છે.

'રાજરોટી'ની આ તદ્દન નિરાળી માનવસેવાથી પ્રભાવિત થઈ ઘણાય દાતાઓ પોતાની મરજી અને યથાશક્તિ અનુસાર આર્થિક યોગદાનમાં જોડાઈ રહ્યા છે. પોતાના સ્વજનની તિથિ હોય, જન્મદિન કે લગ્નદિન હોય કે અન્ય બીજુ કોઈ કારણ હોય, તેમ છતાં આ સેવાને વધુ વ્યાપક રીતે વિસ્તારવા ઘણા મોટા ભંડોળની આવશ્યકતા છે. રાજરોટી સેવાનો લાભ લેનાર વ્યક્તિઓ રાજીપો અનુભવી રહ્યા છે અને સંસ્થાને આથી સંતોષ તો છે જ પરંતુ આ સેવાનો ફેલાવો વધુ અને વધુ થાય એ ભાવના પણ રહ્યા કરે છે..◆

માટુંગા સેન્ટર



કોલકાતા સેન્ટર



સૌજન્ય : મીનાબેન સુધીર શેઠ, મુંબઈ

"अहो! उपकार तूमारड़ो, संभारू दिनरात..."



■ **कल्पना दुग्गड़,** राजपुर(रायपुर)

तुमसे मिल के ऐसा लगा... तुमसे मिल के...
अरमान हुए पूरे दिल के.....

२१ मई २०११ को दोपहर लगभग ३:३० को पहली बार पूज्यश्री से मैं मिली। लगभग ५ मिनिट का समागम, बस तब यही लगा कि मुझे जो चाहिए वो मिल गया। (उससे पहले मैं उनके बारे में थोड़ा बहुत ६ महीने पहले से कुछ सुन रही थी)। इस मीटिंग के दौरान उनके चेहरे का आनंद, हाथोंसे आशीर्वाद की वात्सल्यता एवं मुख से ये वचन कि –**'मुझे लग नहीं रहा है हम पहली बार मिले हैं, हम पहले भी मिल चुके हैं'**, इन सबने मुझे खुशी से भर दिया। जब मैं उनसे मिल कर रूम से बाहर आई तो किसी विश्व विजेता की सी फीलिंग आ रही थी। लग रहा था जैसे खुशियों का ढेर लग गया है।

वहाँ से लौटने के तुरंत बाद जैसे ही घर पहुँची, पता चला कि मायके मैं दादीसा को अंतिम स्टेज का कैंसर है। मुझे उनसे बहुत ही लगाव था, पर मेरी सोच के विपरीत उस दु:खद प्रसंग में मुझे कोई आर्तध्यान नहीं हुआ। बल्कि उस समय भी अंदर पूज्यश्री के समागम का आनंद बरकरार था। एवं लगभग १५ दिनोंके अंदर ही घर(ससुराल) से लगभग २०० लोगोंका संघ श्री पालिताणा आदि ७ दिवसीय तीर्थयात्रा के लिए निकला, जिसमें निकलते ही मेरे साथ कुछ अनगमा प्रसंग घटित हुआ पर वहाँ पर भी पूज्यश्री का पूर्व समागम ने अपना असर दिखाया और मुझे फिर से एक बार आर्तध्यान से बचाया। पूरी यात्रा के दौरान लगभग हर समय वो मेरे स्मृतिमें रहे। हर मंदिर, हर प्रतिमाजी में दर्शन के समय लगता वो अद्भुत तरीके से मेरे साथ रह रहे हैं। यात्रा में रात्रि के सफर के दौरान तो बहुत ही विरह वेदना होती थी। मैं सबकी नजरे बचाकर उनकी याद मैं बहुत रोती थी। हर समय प्रभु से बस पूज्यश्री की ही मांगणी करती थी। उस इतने कम समय के समागम का इतना उनका अखूट प्रेम का असर अब समझ मे थोड़ा आने लगा है। एवं परम कृपालु देव के इस वचन कि उन्होने

प्रतीति करवाई कि:- **''सत्पुरुष का क्षण भर का समागम अमूल्य लाभ देता है''।**

यात्रा पूरी होने के लगभग एक सप्ताह के बाद ही गुरुपूर्णिमा के दिन रायपुर मे सत्संग प्रारम्भ करवाकर पूज्यश्री ने दिव्य प्रसादी दे दी। और ऐसे धीरे-धीरे पूज्यश्री सत्संग, शिविर के माध्यम से अपने प्रेम में मुझे और भी ज्यादा भिगोते चले गए और भक्ति मार्ग प्रवेश के लिए तैयार कराते गए।

फिर २०१३ दिसंबर में मिला मुझे वो अद्‌भुत पल, अनमोल वादा- **'जमीं और आसमां की दोस्ती है जहाँ - उस फ़लक तक ये वादा है उनका, मेरा हाथ थामकर रखेंगे वो-वहाँ तक....'** और उनके इस एक वादे में मेरे स्वयं के सभी से किए सारे वादे धीरे-धीरे विलीन होते जा रहे हैं। फिर जैसे-जैसे पूज्यश्री से समागम बढ़ता गया, उनके प्रेमल स्वरुप का अधिकाधिक परिचय होता गया, एवं उस प्रेम के आ-इने में मुझे मेरे वास्तविक स्वरुप से धीरे-धीरे परिचय होने लगा। उसका परिणाम ये हुआ:-

अपने ही दोषों से परिचय होना।

फिर उन दोषों के लिए हृदय में स्वीकार भाव विकिसत करना।

उन्हें दूर करने की सहज इच्छा उत्पन्न होना एवं,

दूर करने के लिए पूज्यश्री से 'सत समझन' मिलते जाना।

हर बार पूज्यश्री से मिलने के बाद ये उपरोक्त प्रक्रिया होती ही है एवं स्व के ओर करीब बढ़ने का विश्वास आता है।

पूज्यश्री यह समझन जीवन के हर क्षेत्र में चाहे वो पारिवारिक हो, या सामाजिक हो, या व्यवसायिक, सभी जगह अपने बहुमूल्य वचनों के माध्यम से सतत देते ही चले जाते हैं। जैसे कि:-

मेरी आदत थी कि मुल्यवान वस्तुओं में मैं सेविंग का प्रयत्न करती थी पर अन्य छोटी वस्तुओं में नहीं, परंतु पूज्यश्री ने मुझे कागज के एक छोटे से टुकड़े की भी सेविंग करने को कहा। और सभी पदार्थों के प्रति एक जैसी दृष्टि डेवेलप करने प्रेक्टिस करवाई।

रसोई के क्षेत्र में भी जहाँ मेरा ध्यान अधिकतर स्वाद में रहता था वहाँ पर पूज्यश्री ने दृष्टि बदल कर used पदार्थ के गुण की ओर कराई। जिसके परिणामस्वरुप स्वाद में और बढ़ोतरी, कार्य में पहले से ज्यादा निपुणता और अंत में पदार्थ के गुण का बोध होने से स्वयं के कर्तापने का भाव क्रमश: मंद होते जाना, ऐसे रिज़ल्ट मिलते चले आ रहे हैं।

जब भी पूज्यश्री से मिलती हूँ तो उनका वो अद्‌भुत प्रेम बरसाना, मुझ जैसे पामर को भी इतना मान देना- इत्यादि से सब मुझे मेरे पारिवारिक सम्बन्धों में मधुरता लाने, कटुता दूर करने इतना सहायक हो रहा है कि हर एक संबंध में उनके साथ वाली प्रेम माधुर्यता विकसित हो, ये चाह पनपने लगी है। हर एक ऋणानुबंध में अब जहाँ भी मुझे अशुभ की गंध आती है, तुरंत ही उसे प्रेम में बदलने का ऐसा अपूर्व विपरीत भाव-पूज्यश्री निरंतर कराते जा रहे हैं।

सत्संग के माध्यम से जो इतना प्रेममय मुमुक्षु परिवार से नाता जुड़ा है वहाँ भी पूज्यश्री ने हमेंशा ये बलवान समझन दी कि प्रभु के वचनों को समझने के प्रयास में परिवार बहुत उपकारी हैं, बहुत ही बलवान निमित्त है। अत: उन सबके नय को समझने का सतत प्रयास करना। उन सबके भावों को पूज्यश्री तक पहुँचाने की हमेंशा कोशिश करना।

इस तरह पूज्यश्री निरंतर सत समझन का अनमोल खजाना हमेशा लुटाते रहें, बस अब प्रभु से यही विनंती है कि- पूज्यश्री के प्रति, उनके वचनों के प्रति, वचनों के आशय के प्रति निरंतर प्रीति, भक्ति बढ़ते चलें एवं जैसा वो चाहते हैं वैसा ही सत पुरुषार्थ कर सकूँ.....

पूज्यश्री आपके वचनों से मिलती वो अनमोल समझन जो कर्म बंधन से हमेशा बचाती रहती है, उसके लिए अब हृदय से यही भाव निकलते हैं:..

''अहो उपकार तूमारड़ो संभारू दिनरात.....
आवे नयने नीर बहू सांभलता अवदात..... ◆

सौजन्य : शशीकांत जेठालाल कुंभाणी, मुंबई

પુરુષાર્થની પાઠશાળા

તા. ૧૨ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬ના ચાર દિવસીય ઓલ ઈન્ડિયા હરીભાઈ શિબિર, ''પુરુષાર્થની પાઠશાળા''નું સફળ આયોજન શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર - પર્લી મધ્યે કરવામાં આવ્યું, જેમાં સંસ્થાના વિવિધ સેન્ટર્સ મુંબઈ, કોલકાતા, પુણે, હૈદ્રાબાદ, ચેન્નઈ, જમશેદપુર, જામનગર, આણંદ, રાજકોટ, રાયપુર, રાજનાંદગાંવ વિગેરેથી આશરે ૧૪૦ મુમુક્ષુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઓલ ઈન્ડિયા સ્પીરીચ્યુઅલ ટીમના સદસ્ય અને શિબિર કમિટિના હેડ, જિતેનભાઈ શાહના નેતૃત્વમાં આ શિબિરનું અત્યંત સુંદર રીતે સંચાલન થયું હતું.

પ્રથમ દિવસે દરેક સેન્ટર્સના હરીભાઈઓને ભેગા કરી ૮ ગ્રુપ અને તેના હેડ્સ બનાવવામાં આવ્યા હતાં. આનો હેતુ એ હતો કે જુદા જુદા સેન્ટર્સથી હાજર રહેલા હરીભાઈઓ એકબીજા સાથે હળેમળે, પોતાના અનુભવો શેઅર કરે તથા મૈત્રીભાવ કેળવી એકસાથે પુરુષાર્થ કરે. પાઠશાળાની મુખ્ય થીમ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજીના ૩ પત્રાંકને આધારે મુમુક્ષુતા ઉત્પન્ન ન થવામાં જીવના ૯ મુખ્ય દોષો અને તેના નિવારણ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો તથા તે કઈ રીતે દૂર થઈ શકે તેની પ્રેક્ટીકલ ટીપ્સ પણ આપવામાં આવી. જેમાં મુખ્ય ઉપાયરૂપે 'પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ પ્રત્યેની પ્રેમભક્તિ અને તેને અનુસરીને તેમના પ્રત્યે સર્વાર્પણ બુદ્ધિ ઉત્પન્ન થવી' તે વિષયને અત્યંત સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો. સવારનું સેશન તથા ભોજન પત્યા બાદ દરેક ટીમના હરીભાઈઓને એક કલાકનો સમય આપવામાં આવ્યો હતો જેમાં તેઓ સાથે મળી અને સવારના સેશનમાં જે મુદ્દાઓ આલેખવામાં આવ્યા હોય તેની ઉપર ચર્ચા વિચારણા કરી શકે. દરેક સેશન દરમિયાન હરીભાઈઓને એક પ્રશ્નપત્ર આપવામાં આવ્યું હતું જેમાં મુમુક્ષુતા ઉત્પન્ન થવામાં અને યોગ્ય પુરુષાર્થ થવામાં પોતાના વ્યક્તિગત બાધારૂપ કારણોને લઈને પ્રેક્ટિકલ પ્રશ્નો મૂકવામાં આવ્યા હતાં જે દરેક હરીભાઈએ પોતાની રીતે વિચારી અને જાહેરમાં કહેવાના હતા. પુરુષાર્થની પાઠશાળાની આ આગવી રીતને કારણે દરેક હરીભાઈઓને પોતાના વ્યક્તિગત પુરુષાર્થમાં બાધારૂપ કારણોના સરળ ઉપાયો મળી રહ્યા. સવારના ૬ થી ૭ વાગ્યા સુધી મુંબઈના મુમુક્ષુ આરતીબેન શાહ દ્વારા ફીઝીકલ ટ્રેનીંગના ક્લાસ પણ લેવામાં આવ્યા હતા.

આ ચાર દિવસીય શિબિરના બે દિવસે સાંજનાં સેશનમાં દરેક હરીભાઈઓને પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજીના પરમ સત્સંગનો લાભ સંપ્રાપ્ત થયો તથા શંકા સમાધાનના સેશન દ્વારા તેમની વિવિધ શંકાઓનું સરળ સમાધાન પણ પૂજ્યશ્રી દ્વારા કરવામાં આવ્યું.

તા. ૧૫-૦૮-૨૦૧૬ના સવારે ૧૦ કલાકે રાજનગર, પરલી મધ્યે શરૂ કરવામાં આવેલી અત્યાધુનિક સ્કુલના ઉદ્ઘાટનમાં સર્વેએ ભાગ લીધો હતો. તે જ દિવસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી એક નવિનતમ ગેમ શો ''KYC - Know Your Centre''નું આયોજન કરવામાં આવ્યું જેનું સંચાલન મુંબઈ સેન્ટરના યુવા મુમુક્ષુ વિરલભાઈ પટેલે સુંદર રીતે કર્યું હતું. આ ગેમ શોના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક હરીભાઈઓને આપણા રીસર્ચ સેન્ટરની જુદી જુદી ગતિવિધીઓથી અવગત કરાવવાનો રહ્યો હતો. શિબિરના અંતે રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી દરેક સેન્ટર્સના હરીભાઈઓ દ્વારા પરમાર્થસખા પૂજ્યશ્રી નિલેશભાઈના સાંનિધ્યમાં ''રાત્રી જાગો'' કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો જેનો મુખ્ય હેતુ દરેકના હૃદયમાં પૂજ્યશ્રી પ્રત્યે પોતાના હૃદયમાં વહી રહેલાં પ્રેમમય ભાવોને અભિવ્યક્ત કરવાનો રહ્યો હતો અને દરેક હરીભાઈઓ સંકોચ મૂકીને પોતાના હૃદયના ભાવો આ કાર્યક્રમમાં વ્યક્ત કર્યા હતાં.

અંતે તા. ૧૬-૮-૨૦૧૬ના સવારે પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજીના આશીર્વાદ મેળવી સૌ પોતપોતાને સ્થાને જવા રવાના થયા ત્યારે દરેક હરીભાઈના મુખ પર કંઈક અનેરો આનંદ વર્તાતો હતો.◆

The Ghass-Phuss Life !

■ Utsavi Chheda

Are you one of them who frets over eating salads or lazy enough to carry them to your office? Salads or 'ghass-puss' is often defamed being food for those sprinting towards weight loss but seldom does one know that salads are much more than being just a dieters food!

Traditionally salads were known to be prepared of only raw vegetables like cucumber, tomatoes, cabbage and onion which are cut into slices and sprinkled with a pinch of salt and lemon. They were either served as the smallest portion among the other food items in the meal plate or totally ignored. If you have also been doing the same, it's now time to change.

Salads are a host to almost all the vitamins and mineral. So what???

Well without these vitamins and minerals the protein that you are trying to pump in does not get synthesized in the body. Without proteins you cannot build muscles and your strength is affected. Hundreds of enzymes and hormone are made from proteins. Nobody can swip you off your feet like a hormonal imbalance can and hey your immunity is also dependent on proteins.

The greens alone have calcium, iron, potassium and B vitamins. Many salad basics, including tomatoes, sweet peppers and the greens, are chock-full of antioxidants

Energy which your body is trying to process day in and out is incomplete without vitamins and minerals.

If your intestines are gummed up with gooey, fiber-free, processed foods they aren't going to be properly absorbing nutrition. Almost every ingredient in a salad contributes fiber that cleans the digestive system, carrying leftover gunkwith it and leaving intestinal and colon walls free to absorb all the virtuous vitamins you're eating every day. What good is a nutrient if it never really gets into you? Not much.

Fiber gives you a feeling of satiety which prevents you from helping yourself with anotherserving of food.

Most Salads have a good amount of water and is a great way to send your skin the liquid it longs for, to perform and look at its best.Despite the fact that we know we're supposed to drink a lot of water many people still don't get enough, making consumption of moisture-rich foods a way to add hydration to your system. When your body is dehydrated so is your skin. Dehydrated skin can have an increase in roughness, sensitivity, flaking, and fine lines or even cracking. Both for appearances and comfort and dealing with summer's warm temperatures hydration is required, making veggies a great way to send your skin the liquid it longs for to perform and look its best.

Nutrients present in salad work for maintaintence of a good vision, consists of antioxidants, synthesize collagen, cell regeneration, protect against wrinkling and sagging of skin, improve dark circles under the eye, is neuro and cardio protective.

Phew too much of a work for these vitamins and minerals...

And lastly, what you wish to hear, yes it is very low on calories!!!

If you're thinking, "Sounds great -- if I had the time," you're in luck. If you spend a little bit more time pre planning your meals, you're looking at a heart-clearing, blood sugar–controlling, cancer-fighting, skinny-jeans-friendly salad in about five minutes. ◆



શ્રી કૃષ્ણનો 'રાધા-મહાભાવ'

''**રાધા-મહાભાવ**''ની આવી અલૌકિક મનોદશામાં સમય પસાર કરી રહેલા શ્રી કૃષ્ણને એક રાતે એવો વિચાર આવ્યો કે, ''ગાંધારી-શાપનિર્મિત કે વિધિનિર્ણીત દુર્ઘટનાઓ સાકાર થવા માંડે તે પૂર્વે, દ્વારિકાના રાજમહેલનું અને અંતઃપુરના આવાસોનું સમગ્ર વાતાવરણ ''શ્રીરાધામય'' બની જાય. પ્રત્યેક વ્યક્તિનાં રોમ રોમ, સુરમ્ય વ્રજભૂમિનાં રોમાંચક સંસ્મરણોથી ભીંજાઈને તરબતર થઈ જાય. 'કૃષ્ણાવતાર'ની મારી અવિસ્મરણીય 'બાળલીલાઓ' પુનર્જીવિત થઈને, જાણે નજરોનજર તાદૃશ થઈ રહી હોય એવી ભૂમિકાનું સર્જન થઈ શકતું હોય તો કોઈ દિવ્ય 'લીલા'નો આવિર્ભાવ કેમ ન કરી શકાય?

અને યોગેશ્વર શ્રી કૃષ્ણે મનમાં જ્યાં આટલો વિચાર જ કર્યો ત્યાં તો સદાય એમની ઈચ્છાવશવર્તિની યોગમાયાએ પોતાની દિવ્ય માયાશક્તિનો એવો પ્રબળ પ્રભાવ પ્રસારિત કર્યો કે દ્વારિકાના રાજમહેલોમાં નિવાસ કરતાં, શ્યામસુંદરનાં તમામ સ્વજનો જ નહીં, ખુદ રાધારમણ, ઘનશ્યામ પોતે પણ માયાવી પ્રભાવના પ્રવાહથી ભીંજાયા વિના ન રહી શક્યા!

એકવાર એવું બન્યું કે, દસબાર દિવસની લાંબી પ્રવાસયાત્રા દરમ્યાન, રાજકાજની અનેક આંટીઘૂંટીઓ



ઉકેલીને માનસિક રીતે થાકેલા દ્વારિકાધીશ રાત્રિનો બીજો પ્રહર પૂરો થવાની તૈયારી હતી ત્યારે રાજભવનમાં પરત આવ્યા. અત્યારે ભોજન કરવાની ખાસ રુચિ ન હતી અને લાંબી મુસાફરીનો થાક પણ લાગ્યો હતો એટલે સીધા પટરાણી રુક્મિણીના આવાસે પધાર્યા. હાથપગ મોં ધોઈ, શયનવસ્ત્રો પરિધાન કરી, થોડું દૂધ પીને પ્રભુ એમના શયનકક્ષમાં ચાલ્યા ગયા.

આ બાજુ અન્ય સાતેય રાણીઓને જેવા સમાચાર મળ્યા કે સ્વામીનાથ ઘેર પધાર્યા છે એટલે એમનું ક્ષેમકુશળ જાણવા અને દર્શન કરવા સત્યભામા, જામ્બવતી, કાલિન્દી, મિત્રવિન્દા, ભદ્રા, સત્યા અને લક્ષ્મણા ઝટપટ પોતપોતાના આવાસોમાંથી નીકળીને સીધી 'કૃષ્ણભવન' તરફ ચાલી નીકળી. પણ શ્રીકૃષ્ણના સારથિ પાસેથી જાણવા મળ્યું કે દ્વારિકાધીશ સીધા 'રુક્મિણી ભવન'માં જ ગયા છે. કદાચ ભોજન લેતા હશે યા વાતો કરતા હશે એમ સમજીને સીધી પટરાણીના મહેલ તરફ જવા આગળ વધી.

કોઈપણ રાત્રિના સમયે અને એમાંય તે જો સ્વામી પોતાના આવાસમાં પધાર્યા હોય ત્યારે તો કદી અહીં ન આવનારી આ સપ્ત રાણીઓને એકસાથે આવી ચડેલી જોઈને રુક્મિણીને ભારે આશ્ચર્ય થયું! કદાચ કંઈક અજુગતું બની ગયું હશે યા કોઈ અગત્યના સમાચાર પ્રભુને આપવાના હશે તો જ આ લોકોએ આવું સાહસ કર્યું હશે એમ સમજીને રુક્મિણીએ એ સૌને આવકાર્યા, આસન ગ્રહણ કરવા જણાવ્યું અને પછી શાંતિથી એમના આગમનનું કારણ પૂછ્યું.

ઘણા દિવસે મહેલમાં પધારેલા સ્વામીનાથનાં દર્શન કરવા અને ચરણસ્પર્શ કરી, એમના સ્વાસ્થ્યની ખબર પૂછવા જ આ સૌ રાણીઓ તો આવી છે એટલું સાંભળ્યા પછી, કંઈક હળવાશ અનુભવતાં પટરાણી ધીરેથી બોલ્યાં:

''સ્વામીનાથ તો કશું જ ખાધાપીધા વિના અને ઝાઝી વાતચીત કર્યા વિના, 'હું ખૂબ થાકી ગયો છું... મારે સૂઈ જવું છે,' એમ કહીને એમના શયનકક્ષમાં ચાલ્યા ગયા છે. હમણાંથી તો મારી સાથે પણ ખપ પૂરતી જ વાત કરે છે... એમને શયનકક્ષ સુધી વળાવીને, એમની આજ્ઞા મુજબ ત્યાંથી પાછી વળીને હું સૂઈ જવાની તૈયારી જ કરતી હતી ત્યાં, સેવીકાએ સમાચાર આપ્યા કે આપ સૌ આ બાજુ પધારી રહ્યા છો; એટલે રોકાઈ ગઈ બોલો હવે શું કરવું છે?''

સત્યભામાએ સૂચવ્યું: ''એક કામ કરીએ.. ચુપચાપ અંદર જઈને જોઈ લઈએ કે સ્વામીનાથ જાગે છે કે ઊંઘી ગયા છે! જો ખરેખર પોઢી ગયા હશે તો, ચરણસ્પર્શ કરવાથી એમનો નિદ્રાભંગ થઈ જશે માટે, કેવળ મુખદર્શન કરીને જ અમે સંતોષ માની લઈશું... અને જો જાગતા હશે તો ચરણસ્પર્શ કરીને થોડી ઔપચારિક વાતો કરી અમે વિદાય લઈશું. બોલો, કેમ લાગે છે?'' સૌએ કહ્યું: 'બરાબર છે,' એટલે રુક્મિણીથી કંઈ બોલાયું નહીં. 'જેવી ભગવાનની મરજી' એમ મનમાં વદીને એમણે કહ્યું: 'તો ચાલો, હું પણ તમારી સાથે આવું છું... અવાજ ન થાય એ રીતે સૌ ચુપચાપ મારી પાછળ પાછળ ચાલ્યાં આવો...'

રુક્મિણી સહિત આઠેય રાણીઓ ભગવાન શ્રી કૃષ્ણના શયનકક્ષમાં ધીમે પગલે પ્રવેશી, જોયું તો શ્યામસુંદર દ્વારની વિરુદ્ધ બાજુ પડખાભેર સૂઈ રહ્યા હતા અને ખરેખર નિદ્રાધીન હતા કેમકે એમના નસકોરાંનો આછો ધીમો અવાજ પણ સંભળાઈ રહ્યો હતો. મુખકમળનાં દર્શન પણ શી રીતે થાય? સિવાય કે સ્વામીનાથ આ તરફ પાસું બદલે!... પટરાણીના ઈશારા મુજબ સૌ રાણીઓ, પ્રભુના છત્રપલંગની પાંગતે ને ડાબે પડખે

સૌજન્ય : નીશા ઝવેરીલાલ શાહ, મુંબઈ

હારબંધ ઊભી રહી ગઈ અને બેઉ કર જોડીને નિદ્રાધીન પ્રાણેશ્વરને મનોમન વંદી રહી, મનમાં એ આશા ધરીને કે કદાચ સ્વામીનાથ પડખું ફેરવે તો એમના મુખારવિંદના એકવાર દર્શન તો થઈ જાય!

આટલી ક્ષણોમાં તો અંતર્યામી અને એમની ઈચ્છાવશવર્તિની યોગમાયા વચ્ચે કદાચ આવી કંઈક મસલત થઈ ગઈ હશે કે ''લીલા કરવા માટેનો આવો ઉત્તમ મોકો જવા ન દેવાય!''

વાસુદેવે ઊંઘમાં ચીસ પાડીઃ ''રાધે!... રાધે!... આ તે શું કર્યું, દેવી?'' અને આટલું કહેતાંની સાથે જમણા પડખેથી ડાબા પડખે ફરી જઈને શ્રીકૃષ્ણ, કોઈ નાનુ બાળક બિહામણું સ્વપ્ન જોઈને ઊંઘમાં હીબકાં ભરે તેમ, આક્રંદ સહ ઊંહકારા કરવા લાગ્યા! જિંદગીમાં ક્યારેય ન જોયેલી પ્રાણેશ્વરની આવી પરિસ્થિતિ નજરોનજર જોઈને રુક્મિણી સહિત બધી જ રાણીઓ ગભરાઈ ગઈ, હેબતાઈ ગઈ!

એક બાજુ, થોડી થોડી વારે 'રાધે!... રાધે!!...' નો શ્રીમુખે થઈ રહેલો જાપ અને વચ્ચે વચ્ચે છત્રપલંગમાં, ઘડીમાં આ પડખે તો ઘડીમાં પેલે પડખે થઈ રહેલા ત્રિલોકપતિ! રાણીઓથી પોતાના પતિપરમેશ્વરની આ અકલ્પ્ય અવદશા જોવાઈ નહીં અને સૌની આંખમાંથી ડળકડળક આંસુ સરી પડ્યાં. સૌ પોતપોતાની રીતે મનમાં દુઃખી થવા લાગ્યા કે,

''અરેરે! દ્વારિકાના ધણીની આ દશા? એક તો, કેટલાયે દિવસોથી નિરાંતે બેસવાયે નથી પામતા, અને હવે તો રાતમાંયે કેવાં બિહામણા સ્વપ્ન આવે છે! પરંતુ ઊંઘમાં સ્વામીનાથ જે કંઈ બોલ્યા, એનો શો અર્થ? એવું તે શું જોયું હશે પ્રભુએ સપનામાં, કે એમના જેવા મહાપુરુષથી આમ ચીસ પડાઈ ગઈ? હજીપણ શું ચાલી રહ્યું હશે એ સપનામાં કે પ્રાણેશ્વર ક્યારના દુઃખી દુઃખી થઈ રહ્યા છે? હવે તો આ સ્વપ્ન તૂટી જાય એવો કોઈ ઉપાય કરવો જ પડશે ને પ્રભુને ગમે તે ભોગે એકવાર ઊંઘમાંથી જગાડી દેવા જ પડશે.''

સાતેય રાણીઓએ પટરાણી રુક્મિણી ભણી દયાભરીને આજીજીભરી દ્રષ્ટિના ઈશારે અનુરોધ કર્યો કે, 'પ્રાણનાથને આ દુઃસ્વપ્નની આઘાતજનક અસરમાંથી મુક્ત કરવા આપ કૃપા કરો.' જે કોઈ યુક્ત-પ્રયુક્તિ સૂઝે તે અજમાવીને, પતિદેવને જગાડવાનો એકમાત્ર અધિકાર અત્યારે શ્રી રુક્મિણીને જ હતો કેમ કે, પ્રભુ અત્યારે પટરાણીના શયનકક્ષમાં હતા. નિદ્રાવશ સ્વામી જે રીતે આક્રંદ અને વલોપાત કરી રહ્યા હતા તે તો હવે સ્વામીના સ્વાસ્થ્યને પણ જોખમમાં મૂકી દે એવું ગંભીર ભાસતું હતું. એમના ચહેરા પરની ચિંતા ને અજંપો જોઈને શ્રી રુક્મિણીએ મનોમન પ્રભુની ક્ષમા યાચીને પ્રથમ સ્વામીનો ચરણસ્પર્શ કર્યો અને પછી ધીરેથી પલંગ નીચે બેસી જઈને હળવે હાથે વ્હાલાજીની પગચંપી કરવા માંડી.

'ઊંઘતા બોલે પણ જાગતો ન બોલે' એના જેવી પરિસ્થિતિમાં ક્યારનીયે દ્વિધા અનુભવી રહેલા શ્યામસુંદરને તો આટલુંજ જોઈતું હતું. જાણે ભરઊંઘમાંથી ઝબકીને જાગ્યા હોય એવા ભાવથી, આંખો ચોળીને બેઠા થતાં થતાં શ્રીકૃષ્ણે આઠેય રાણીઓના શંકાશીલ ચહેરા પરના મનોભાવ નિરખીને 'લીલા' સફળ થયાનો સંતોષ અનુભવ્યો. પછી પોતે કંઈ જાણતા નથી એવા નિખાલસ ભોળપણથી આશ્ચર્યભાવે પૂછવા લાગ્યાઃ

''કેમ, કેમ? શું થયું? બધાં ક્ષેમકુશળ તો છોને? કેમ અત્યારે બધાં ભેગાં થઈને...'' રાણીઓ શરમાઈ ગઈ. શું બોલવું તે સૂઝયું નહીં. બધી એકબીજાની સામે

જોવા લાગી. ચતુર સત્યભામાએ બાજી સંભાળી લીધી.

''કંઈ થયું નથી, પ્રભુ! સર્વ કુશળમંગળ છે, આ તો ઘણા દિવસે આપ દ્વારિકામાં પુનઃપધાર્યા છો એવા સમાચાર મળતાં રહેવાયું નહીં! આપના દર્શન અને પાયલાગણ કરવા આવેલાં, પરંતુ આપ તો,'' સત્યભામા આગળ બોલી ન શક્યા.

યોગેશ્વર ખડખડાટ હસી પડ્યા અને બોલ્યાઃ ''ભલે, ભલે! સુખી થાઓ! સતત ચાર દિવસથી ધરાઈને ઊંઘવા મળ્યું ન હતું અને એકધારી લાંબી મુસાફરીનો થાક પણ હતો એટલે હું તો પડતાંવેંત ઊંઘી ગયો. ચાલો સવારે નિરાંતે વાતો કરીશું, બસ! અત્યારે શાંતિથી જાઓ ને સૂઈ જાઓ. શુભ રાત્રિ!'' કહીને ભગવાને સૌને વિદાય થવાની આજ્ઞા આપી એટલે, વારાફરતી ચરણસ્પર્શ કરીને સૌ એક પછી એક બહાર નીકળવા લાગ્યાં. છેલ્લે એક અર્થસૂચક નજર અંતર્યામી પર ફેંકીને પટરાણી રુક્મિણી પણ ધીમે પગલે શયનકક્ષની બહાર ગયાં એટલે શ્યામસુંદર પલંગમાં પડખાભેર પોઢી ગયા ને મનમાં હસતાં હસતાં વિચારી રહ્યાઃ ''આજે આટલી 'લીલા' પર્યાપ્ત છે; જોઈએ હવે આનો કેવો પ્રતિભાવ કાલે પડે છે!''

શ્રીકૃષ્ણની સાત રાણીઓમાંથી એકેયને પછી તો ઊંઘ જ ન આવી. સૌના મનમાં ભારે ખળભળાટ મચ્યો હતો. સૌનું ચિત્ત ગહન વિચાર ચકડોળના ચકરાવે ચડ્યું હતું.

''કોણ છે આ રૂપસુંદરી રાધા, જે હજીયે શ્યામસુંદરનો કેડો મુકતી નથી? એવી તે કેવી હશે એ ગોકુળની ગોવાલણી, કે એની સાથેનો બાળપણનો નેડો યદુનંદન તોડી શકતા નથી? એવા તે કેવા ગાઢ સંબંધો હશે એની સાથે કે વર્ષોના વહાણાં વાયા તોયે એને ભૂલી શકતા નથી? ઊંઘમાં યે જેનું નામ જીભ પર રમ્યા કરે છે? એવું તો પછી શું બન્યું હશે સપનામાં, કે હૃષીકેશના હૃદયને આટલી વ્યથા પહોંચી?''

આવી તો જાતજાતની શંકા અને કલ્પનાઓથી ભગવાનની ભાર્યાઓની નિંદ વેરણ થઈ ગઈ. માનવ-સ્ત્રીસહજ આવી ઝંખનાથી ખુદ રુક્મિણી પણ બાકાત ન રહી શક્યા. એમના ચિત્તનાં પણ ચેનશાંતિ હણાઈ ગયાં. એ પણ રાતભર પલંગમાં પડખાં ફેરવતાં જ રહ્યા!

બીજા દિવસની સવાર પડી. બધી જ રાણીઓ શય્યાત્યાગ કરીને ઝટપટ નિત્યકર્મથી પરવારી જવા પ્રવૃત્ત થઈ. આ બાજુ, યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતાનું પ્રાતઃકર્મ તથા ધ્યાન-આરાધનાની વિધિ 'રુક્મિણીભવન'માં જ પરિપૂર્ણ કરીને રાજકાજમાં પ્રવૃત્ત થવા પોતાના 'કૃષ્ણભવન'ના મુખ્ય કક્ષમાં પધાર્યા ત્યારે, દાઉ બલરામ તેમની રાહ જોતા ત્યાં બિરાજમાન હતા.

બન્ને બંધુઓ વચ્ચે ક્યાંય સુધી અનેક મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા થઈ અને પછી રાજદરબારમાં જવાનો સમય થવા આવતાં અલ્પાહાર લઈ બન્ને ભાઈઓ રથારૂઢ થઈ વિદાય થયા. સૌ રાણીઓને હવે ભેગાં થઈને ચર્ચા કરવાનો સરસ લાગ મળી ગયો. એકબીજાને બોલાવવા મોકલીને સાતેય રાણીઓ ઝડપથી શ્રી રુક્મિણીના ભવન પર પહોંચી ગઈ.

જામ્બવતીએ પહેલ કરીઃ ''મોટા બહેન! ગઈકાલ રાતનું દ્રશ્ય આંખો આગળથી ખસતું નથી. સ્વામીનાથના શિરે યાદવોના ક્ષેમકુશળની અત્યારે કેટકેટલી ચિંતાઓ છે તે તો આપણે સૌ જાણીએ છીએ. છતાં એમને બીજું કંઈ યાદ ન આવ્યું ને પેલી રાધા જ કેમ યાદ આવી? બીજા કોઈનું સ્વપ્ન ના આવ્યું ને એમની બાળસખીનું એવું સ્વપ્ન કે અંતર્યામીને ઊંઘમાં આટલું આક્રંદ કરવું પડ્યું? કંઈ સમજાતું નથી, પણ

જરૂર કંઈક 'રહસ્ય' છે.''

ભદ્રાએ કહ્યું: ''દેવી! તમે તો બધું જ જાણતાં હશો, કેમકે સ્વામીનાથ તમારાથી તો કશું જ છુપાવતા નથી. વળી, તમારી દૈવીશક્તિના પ્રભાવે તમે તો, તેઓ ન કહે તો પણ, એમના હૃદયની બધી જ ભાવનાઓ જાણી લેવા સમર્થ છો.''

લક્ષ્મણા એકદમ બોલી ઊઠી : ''હા બહેન! તદ્દન સાચી વાત છે. તે દિવસે સ્વામીનાથ તો એમના બાળસખા સુદામાજી પાસેથી તાંદુલની ચબકી આંચકી લઈને, નાના બાળકની જેમ ફાકડા મારવા મંડી પડેલા ત્યારે અમે મોં પર હાથ દાબી, માંડ માંડ હસવું ખાળી રહ્યાં હતા. દ્વારિકાના ધણીના અંતરની વાત જાણી રહ્યા હતા કે તે પોતાના અજાચકવ્રતધારી નિર્ધન સખાને, તાંદુલના પ્રત્યેક ફાકે પોતાના જેવી જ રિદ્ધિસિદ્ધિ ને સમૃદ્ધિ બક્ષી રહ્યા હતા!

મિત્રવિન્દા બોલી: ''મોટી બહેન! જ્યારે જ્યારે ધર્મસંકટ આવ્યું છે ત્યારે આપે જ અમારું રક્ષણ કર્યું છે. આજે આ મહાસંકટ ટાણે પણ અમે આપના જ શરણે આવ્યા છીએ. આ રાધા કોણ છે, કેવી છે, ક્યાં છે, એ બધું આપના શ્રીમુખેથી જ સાંભળવાની અમારી ખાસ જિજ્ઞાસા છે.''

સત્યાએ તો પટરાણીના પગ જ પકડી લીધા અને આગ્રહભરી વિનંતી કરી: ''મહાદેવી! કહોને, કોણ છે આ રાધા? ક્યાં મળેલી એ મુરલીધરને? આપે એને જોઈ છે? સ્વામી અને એ છેલ્લે ક્યાં મળેલા? એ અત્યારે ક્યાં રહે છે? શું કરે છે? અમને કંઈક તો કહો!'' અને આટલું સાંભળ્યા બાદ, સત્યભામાએ સૌની જિજ્ઞાસામાં પોતાનો સૂર પુરાવ્યો ત્યારે રુક્મિણીજી સૌને આસન ગ્રહણ કરવાનો અનુરોધ કરીને સ્વયં આસનસ્થ થયાં અને પછી હળવેથી બોલ્યા:

''જે જિજ્ઞાસા તમને સૌને થઈ રહી છે તે મને પણ થઈ રહી છે. તમે સૌ જે પૂછી રહ્યા છો તેમાંનું તો હું કાંઈ જાણતી નથી. માત્ર એટલું જ જાણું કે, રાધા નામની એક નાનકડી ગોપાંગના જ્યારે સ્વામીનાથ નંદબાબા અને યશોદામૈયાના ત્યાં બાળપણ ગુજારી રહ્યા હતા ત્યારે વ્રજભૂમિમાં મળેલી! ત્યાર પછી એ મથુરામાં આવ્યા ને કંસવધ કર્યો ત્યારે તો એમની સાથે એ નહોતી આવી! પછી તો એ ગુરુને ત્યાં ભણવા ગયા ને પાછા આવ્યા બાદ મથુરાની પ્રજાનું ને યાદવોનું રક્ષણ કરવાની સતત દોડાદોડીમાં પડી ગયા એટલે એ દિવસોમાં પ્રભુ મથુરાની યમુના નદી ઓળંગીને પેલે પાર ગયા જ નથી એ હું બરાબર જાણું છું! પછી તો મારા સ્વયંવરનું જે 'નાટક' રચાયું હતું તેમાંથી મને બચાવી લેવા મેં એમને દ્વારિકા મુકામે પત્ર મોકલ્યો અને તેમણે મારી ઈચ્છા મુજબ મારું અપહરણ કર્યું. બસ, ત્યારથી માંડીને આજની ઘડી સુધી હું પ્રભુની પાસે જ છું અને તેથી ચોક્કસ કહું છું કે, રાધાની ને સ્વામીનાથની મુલાકાત આ બધાં વર્ષો દરમ્યાન ક્યારેય થઈ નથી.''

સત્યભામા બોલ્યા: ''મોટી બહેન! માની લીધું કે એમની વચ્ચે મુલાકાત નહીં થઈ હોય, પરંતુ પ્રભુ એને ભૂલ્યા નથી. એ વિના ઊંઘમાં એનું નામ જીભ પર આવે નહીં! વળી, એમને એ પણ ખાતરી છે કે પ્રભુએ એના વિશે ઘણી બધી વાતો તમને તો કરી જ હશે. અમારે તો તમારી પાસેથી જ એ જાણવું છે.''

રુક્મિણીજી નીચું જોઈ ગયાં અને એટલું જ બોલ્યા: ''તમને મારા પર વિશ્વાસ તો છે ને? હું મારા જીવના જ નહીં, આપણા સૌના પ્રાણેશ્વરના પ્રાણના સોગંદ ખાઈને કહું છું કે, જીવનમાં ક્યારેય પણ એમણે મારી સમક્ષ આ 'રાધા' નામ પણ ઉચ્ચાર્યું નથી, પછી એના વિશે કોઈ વાત કહેવાનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો. તમારી

સૌની હાજરીમાં કાલે રાત્રે પહેલી જ વાર મેં એમના મુખારવિંદમાંથી 'રાધા' નામનું રટણ થતું સાંભળ્યું અને ત્યારથી હું પણ એવી ડઘાઈ ગઈ છું કે...'' બોલતાં બોલતાં રુક્મિણીજી ગળગળાં થઈ ગયાં.

થોડી વાર પછી હળવેથી કાલિન્દીએ પ્રસ્તાવ મુક્યો: ''દેવી! આજે રાત્રે તમે પ્રભુને પૂછી ન શકો કે આ 'રાધા' કોણ છે અને ઊંઘમાં એના નામની ચીસ પાડીને જે બોલાયું તે શું હતું ? ગઈકાલ રાતનો પ્રસંગ ટાંકીને જો તમે પ્રેમવશ લાગણીથી પૂછશો તો સ્વામીનાથ તમારાથી કશું જ છુપાવશે નહીં ને બધું કહી દેશે !

રુક્મિણી એકદમ ઊભા થઈ ગયાં અને ધીમા પણ મક્કમ અવાજે બોલ્યાં: ''ના... ના! હરગિજ નહીં ! સંસારની કોઈ પત્ની પોતાના પતિને આવું ન પૂછી શકે અને હું દ્વારિકાધીશને આવું પૂછું ? અશક્ય! મારાથી એ ન બને, મને માફ કરો! રુક્મિણીના ગળે ડૂમો બાઝી ગયો અને આટલું કહેતાં કહેતાં તો એમની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. પછી તો આવી ભાવસ્થિતિમાં થોડો સમય પસાર થઈ ગયો. રુક્મિણીજી ધીરે ધીરે સ્વસ્થ થતાં ગયાં. તેમણે સૌના માટે અલ્પાહારની વ્યવસ્થા કરી. છેલ્લે ઊઠતાં સત્યભામાએ કહ્યું: ''તમારા સૌના ગળે જો વાત ઊતરે તો હું એક રસ્તો બતાવું ?'' રુક્મિણી સહિત સૌએ મૂક સંમતિ દર્શાવી કેમકે સત્યભામાની શક્તિ, સાહસ અને સૂઝબૂદ્ધિ પર સૌને પહેલેથી અહોભાવ હતો.

સત્યભામા બોલ્યા: ''હું જાણું છું ને માનું છું ત્યાં સુધી દ્વારિકાના રાજમહેલમાં આપણા સ્વામી સિવાય, બીજી બે વ્યક્તિઓ આવી છે જેમણે બંસીધરની બાળસખી શ્રીરાધાને નજરોનજર જોઈ છે એટલું જ નહીં, આ બન્ને વચ્ચે ત્યાં જે કંઈ બનેલું તેના પ્રત્યક્ષ સાક્ષી પણ આ બે જણ છે. એક વ્યક્તિ, પ્રભુના જ્યેષ્ઠ ભ્રાતાશ્રી દાઉજી બલરામને કાંઈપણ પૂછવા જવાની આપણી કોઈની હિંમત ન ચાલે: પરંતુ જે બીજા વ્યક્તિ છે તે કદાચ આપણી મનોકામના પૂર્ણ કરે એવાં દયાળું ને માયાળું છે, શ્યામસુંદરનાં જ્યેષ્ઠ માતુશ્રી રોહિણીમા! તેઓ એ સમયગાળામાં વ્રજભૂમિમાં જ રહેતાં હતાં અને રાધાના શ્રીકૃષ્ણ સાથેના સંબંધો વિશે તેઓ ઘણું બધું જાણતાં હશે.''

દેવકીમા કરતાં રોહિણીમા પ્રત્યે બધી પુત્રવધૂઓને સવિશેષ માયા મમતા હતી કેમકે એમનો સ્વભાવ જ એવો હસમુખો, સ્નેહાળ અને વાત્સલ્યસભર હતો કે એમની પાસે જવામાં ને કંઈ પૂછવામાં કોઈને કદી પણ ક્ષોભસંકોચ થયાં ન હતાં !

રુક્મિણીજી ને સત્યભામાની આ દરખાસ્ત ગમી ગઈ અને તેમણે જ્યારે આ પ્રસ્તાવને અનુમોદન આપ્યું પછી તો સૌ હર્ષવિભોર થઈ ઊઠ્યાં. ઘડી પહેલાંનું ભારેખમ વાતાવરણ હવે એકદમ હળવુંફૂલ થઈ ગયું. ચર્ચાવિચારણા કરીને એવું ગોઠવી કાઢયું કે બને તો આજે જ બપોરે બાદ, સૌએ સમૂહમાં રોહિણીમાના આવાસે, એમની ખબરઅંતર પૂછવાના બહાને જવું અને ધીરે રહીને શ્યામસુંદરના બાળપણ વિશે જાણવાની જિજ્ઞાસા વ્યક્ત કરવી. પછી તો જે થાય તે ખરું !

નંદકિશોરે નીંદમાં, લીધું 'રાધા' નામ,
સ્વપ્નરૂપે લીલા કરી, હરખ્યા ઉર ઘનશ્યામ!
રાણી સૌ અધીરી બની, સૂઝે ન કોઈ કામ;
'રાધા... રાધા' હૃદયમાં રટણ રટે અવિરામ!! ◆

નોંધ : શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

સૌજન્ય : અલ્પા નિમીષ ઝવેરી, મુંબઈ

સાયંકાળની સ્તુતિ (સાયંકાલીન દેવવંદન)

(ગતાંકથી ચાલુ)

अज्ञानतिमिरान्धानां,
ज्ञानांजनशलाक्या;
चक्षुरुन्मीलितं येन,
तस्मै श्री गुरवे नमः

ध्यानधूपं मनःपुष्पं,
पंचेन्द्रिय हुताशनम्;
क्षमाजाप संतोषपूजा,
पूजयो देवो निरंजनः

- **अज्ञानतिमिरान्धानां** - અજ્ઞાનરૂપ અંધકારથી આંધળા બનેલા અમને,
- **ज्ञानांजनशलाक्या** - જ્ઞાનરૂપી અંજન આંજવાની સળીથી જેણે દેખતા કર્યા છે.
- ચક્ષુરુન્મીલિતં યેન -જ્ઞાનરૂપી આંખો ઉઘાડી છે.
- **तस्मै श्री गुरुवे नमः** - એવા ગુરુને હું નમન કરું છું.

અજ્ઞાનરૂપી અંધકારથી આંધળા બનેલા અમને, જ્ઞાનરૂપી અંજન આંજવાની સળીથી જેણે દેખતા કર્યા છે, અર્થાત જ્ઞાનરૂપી આંખો ઉઘાડી છે, એવા ગુરુને હું નમન કરું છે.

- **ध्यानधूपं मनःपुष्पं** - ધ્યાન રૂપી ધૂપ અને મન રૂપી પુષ્પ,
- **पंचेन्द्रिय हुताशनम्:** - પાંચ ઈન્દ્રિયોરૂપી અગ્નિ,
- **क्षमाजाप संतोषपूजा** - ક્ષમા આપવાનો જાપ કરવો અને સંતોષથી પ્રસન્ન ચિત્ત રાખવારૂપે પૂજા કરવી,
- **पूजयो देवो निरंजनः** - કર્મરૂપી અંજનથી રહિત જે નિરંજન દેવ છે તે પૂજવા લાયક છે.

પાંચ ઈન્દ્રિયોરૂપી અગ્નિનો ધ્યાનરૂપી ધૂપ સાથે સમાગમ કરવો અને મનરૂપી પૂષ્પ પ્રભુને ચઢાવવું.ક્ષમા રાખવાનો જાપ કરવો અને સંતોષથી પ્રસન્ન ચિત્ત રાખવારૂપે પૂજા કરવી. એ રીતે કર્મરૂપી અંજનથી રહિત જે નિરંજન દેવ છે તે પૂજવા લાયક છે.

દેવેષુ દેવોસ્તુ નિરંજનો મે,
ગુરુર્ગુરુષ્વસ્તુ દમી શમી મે;
ધર્મેષુ ધર્મોસ્તુ દયા પરો મે,
ત્રીણ્યેવ તત્ત્વાનિ ભવે ભવે મે.

પરાત્પરગુરવે નમઃ
પરંપરાચાર્ય ગુરવે નમઃ
પરમગુરવે નમઃ સાક્ષાત્,
પ્રત્યક્ષ સદ્‌ગુરવે નમો નમઃ

- **દેવેષુ દેવોસ્તુ નિરંજનો મે** - સર્વ દેવોમાં જે નિરંજન, કર્મ રહિત હોય તે મારા દેવ હો.
- ગુરુર્ગુરુષ્વસ્તુ દમી શમી મે; - ગુરુઓમાં ઈન્દ્રિયોને દમન (વશ) કરનારા અને કષાયને શમાવનારા હોય તે મારા ગુરુ હો.
- ધર્મેષુ ધર્મોસ્તુ દયા પરો મેં- માત્ર દયામયી ધર્મ જ મારો ધર્મ હો.
- ત્રીણ્યેવ તત્ત્વાનિ ભવે ભવે મે - આ ત્રણે તત્ત્વો (દેવ, ગુરુ અને ધર્મ) મને દરેક ભવમાં મળો.

સર્વ દેવોમાં જે નિરંજન, કર્મરહિત હોય તે મારા દેવ હો. ગુરુઓમાં ઈન્દ્રિયોને દમન (વશ) કરનારા અને કષાયને શમાવનારા હોય તે મારા ગુરુ હો. માત્ર દયામયી ધર્મ જ મારો ધર્મ હો. આ ત્રણે તત્ત્વો (દેવ, ગુરુ અને ધર્મ) મને દરેક ભવમાં મળો.

- પરાત્પરગુરવે નમઃ - સર્વેમાં ઉત્કૃષ્ટ ગુરુને નમસ્કાર હો.
- પરંપરાચાર્ય ગુરવે નમઃ - પૂર્વે થઈ ગયેલા ગુરુઓને નમસ્કાર હો.
- પરમગુરવે નમઃ - પરમ ગુરુને નમસ્કાર હો.
- સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્‌ગુરવે નમો નમઃ - વર્તમાન પ્રગટ પ્રત્યક્ષ સદ્‌ગુરુને નમસ્કાર હો.

સર્વેમાં ઉત્કૃષ્ટ ગુરુને નમસ્કાર હો, પૂર્વે થઈ ગયેલા ગુરુઓને નમસ્કાર હો, પરમ ગુરુને નમસ્કાર હો, વર્તમાન પ્રગટ પ્રત્યક્ષ સદ્‌ગુરુને નમસ્કાર હો.

કર્તવ્યનો ત્યાગ બિનજરૂરી છે

મધ્યયુગનો જમાનો. બીજી ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે ભારતના લગભગ બધા ભાગોમાં ભક્તો, સંતો, અથવા તો આચાર્યો અને ભાવિકોનો જમાનો. સંતો તથા વિદ્વાનોની વિપુલતાનો એવો સુવર્ણકાળ દેશે લાંબા વખત લગી જોયો ન હતો. વિદ્વાનો પણ કેવા? એકેકથી ચઢિયાતા.

કાશી એ વખતે દિગ્ગજ પંડિતો અને વિદ્વાનોની નગરી ગણાય. ત્યાં રામાનંદ કરીને એક મહાત્મા નિવાસ કરે. અદ્‌ભુત બૌદ્ધિક પ્રતિભા, નિર્મળ ચારિત્ર, લાંબા વખતની તીવ્ર તપસ્યા અને જાન્હવી જેવી સ્વચ્છ જીવનચર્યા, રામાનંદની આગવી વિશેષતા હતી. એને લીધે કાશીનગરીના પ્રસિદ્ધ સંતોમાં એમનું સ્થાન આગવું તરી આવતું. તારામંડળની વચ્ચે જેમ ચંદ્ર શોભે, તેમ એ એક અસાધારણ, અજોડ કે વિરલ બનીને વિદ્વાનોની વચ્ચે શોભી ઊઠતા. એ વખતના ભારતવર્ષના બહુશ્રુત અને બહુમાન્ય જ્ઞાની પુરુષોમાં એમની ગણના થતી.

ધન્ય ભારત વર્ષ! તારે ખોળે આવા કેટકેટલા વિદ્વાનો, સંતો, ભક્તો અને સાક્ષાત્કારી પુરુષોએ જન્મ લીધો અને કેટલા બધા લોકોત્તર પ્રતિભાથી સંપન્ન મહાપુરુષોએ તારા અંતરને આલોકિત કર્યું? માટે જ તું વિશ્વવંદનીય છે, એક અને અજોડ છે.

વહેલી સવારે એ રામાનંદ સ્વામીના ચરણોમાં એક યુવાને નમસ્કાર કર્યા.

'કોણ?' રામાનંદે પૂછયું.

આગંતુકે ઉત્તર આપ્યો: 'હું તમારું નામ સાંભળીને તમારી પાસે સંન્યાસ લેવાની ઈચ્છાથી આવી પહોંચ્યો છું.'

'લગ્ન થયું છે કે નહિ?'

'લગ્ન થયેલું પરંતુ હમણાં જ વિધુર થયો છું.'

'સંતાન?'

'સંતાનમાં કોઈ જ નથી. એકલો જ છું. કોઈ જાતની જવાબદારી નથી. વૈરાગ્યની તીવ્રતા થવાથી ઘરનો ત્યાગ કરીને મેં તમારું શરણ લીધું છે, મારો અંગીકાર કરો તો હું તમારો ઋણી રહીશ.'

રામાનંદે એને આશ્રમમાં રહેવાની રજા આપી અને થોડા દિવસો પછી સંન્યાસની વિધિપૂર્વક દીક્ષા પણ પૂરી પાડી. યુવકને આનંદ થયો. એની અભિલાષા પૂર્ણ થઈ.

વખતને વીતતાં કાંઈવાર લાગે છે? જોતજોતામાં તો લાંબો વખત વીતી ગયો અને એક દિવસ દક્ષિણ ભારતનાં તીર્થોની યાત્રા કરીને તીર્થશિરોમણી રામેશ્વરનું દર્શન કરવાની ઈચ્છાથી, રામાનંદ સ્વામી આશ્રમ છોડીને નીકળી પડ્યા. ફરતાં ફરતાં એ દૈવયોગે એકવાર મહારાષ્ટ્રનાં આળંદી ગામમાં આવી પહોંચ્યાં. ગામના મંદિરમાં એમણે ઉતારો કર્યો. લોકોના ટોળેટોળાં એમનું દર્શન કરવા માટે આવવા લાગ્યા. દર્શનાર્થી લોકોમાં એક સ્ત્રી પણ હતી. રામાનંદને એ પગે લાગી એટલે રામાનંદે એને આશીર્વાદ આપ્યોઃ પુત્રવતી ભવ. આશીર્વાદ સાંભળીને સ્ત્રી તો રડવા માંડી.

રામાનંદને મહાન આશ્ચર્ય થયું. એમણે કહ્યુંઃ 'બેન, તું કેમ રડવા માંડી? મેં કાંઈ ખોટું કહ્યું?'

સ્ત્રીએ કહ્યુંઃ ભગવાન! તમે મને પુત્રવતી થવાનો આશીર્વાદ આપ્યો છે, પરંતુ હું તો એકલી છું. મારા પતિ મારો ત્યાગ કરીને ક્યારનાય ચાલી નીકળ્યા છે. આ સંજોગોમાં તમારો આશીર્વાદ કેવી રીતે ફળી શકવાનો છે?

રામાનંદ વિચારમાં પડ્યા છતાં પણ બોલ્યાઃ 'બેન, મારા મુખમાંથી જે નીકળ્યું છે તે સાચું પડશે જ.' એ પછી કેટલીક વાતો થઈ એના પરથી એમને કાશીના આશ્રમમાં સંન્યાસ લેવા આવેલા પેલા યુવાન પર શંકા આવી. પરિણામે દક્ષિણની યાત્રા ને સ્થગિત કરીને, પેલી સ્ત્રી તથા તેના ભાઈની સાથે એ કાશી તરફ પાછા ફર્યા.

કાશીના આશ્રમમાં આવીને એમણે પેલા નવયુવાન સંન્યાસીને બોલાવ્યો. પોતાની પત્ની તથા પોતાના સાળાને જોઈને સંન્યાસી મહારાજ નવાઈ તો પામ્યા, પરંતુ હવે એમનું સાચું સ્વરૂપ ખુલ્લું થઈ ગયું. સ્ત્રીનો ત્યાગ કરીને એ ચોરીછૂપીથી કાશી આવ્યા હતા એ હકીકત છૂપી ના રહી. પછી તો રામાનંદ સ્વામીએ એ યુવાનને ફરી ગૃહસ્થાશ્રમ કરવાની આજ્ઞા કરી. એ પ્રમાણે યુવાને ભગવાં વસ્ત્રોનો ત્યાગ કર્યો અને આળંદી આવીને પૂર્વવત્ જીવન જીવવા લાગ્યા.

એ યુવાનનું નામ વિઠ્ઠલ પંત હતું. પોતાના સ્વધર્મ પ્રત્યે આંખમિચામણાં કરીને એમણે જે અપરાધ કર્યો હતો, તેનું રામાનંદ સ્વામીએ આ રીતે પ્રાયશ્ચિત કરાવ્યું. દુનિયાના આધ્યાત્મિક ઈતિહાસમાં સંન્યાસીએ ફરીવાર ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા હોય એવાં ઉદાહરણ અતિ વિરલ છે, છતાં પણ દુનિયાને તો એ પરિવર્તનથી લાભ જ થયો. જગતમાં જેમનો જોટો ના જડે એવા જ્ઞાનેશ્વર, નિવૃત્તિનાથ, સોપાન ને મુક્તાબાઈના દર્શનનો લાભ મળ્યો. જગતને માટે એમનું અવતરણ આશીર્વાદ રૂપે થયું.

ફરજનો ત્યાગ કરીને ક્ષણિક વૈરાગ્યના આવેગનો આધાર લઈને, માણસ કર્તવ્યવિમુખ બની જાય તો સંસારની વ્યવસ્થા ચાલે નહીં. એવા માણસો જરૂરી યોગ્યતાના અભાવને લીધે, યોગ કે સન્યાસને તો શોભાવી જ ના શકે. એ વિશાળ સંદર્ભમાં જોઈએ તો આ ઘટનામાંથી ઘણું શીખવાનું છે. ◆

સૌજન્ય : સ્મિતા દિપક સોમૈયા, મુંબઈ

What is Sufi ?



■ Contributed by a Reader

What is Sufi – is it Islamic Or Vedic?

Sufi is a universal tradition of human purity and it is as ancient as known History or pre-historic. Sufi tradition was followed by ancient Egyptians, Zorastrians prior to Christianity and by Islam and also by Buddhist, in the East, in China & Japan.

Origins of Sufi come from Vedas and were practiced by Indians during the Vedic period – symbolic of system of universe – whirling of all matters around the central supreme BINDU in the Cosmos – all put to perfect equilibrium bounded in the state of unification. Sufi dance is a whirling, similar to Vedic process of universal rotations in only one pure setting – one pure form without any variations.

Sufi movement is uni-direction whirling of motion around self central, with the centrifugal force throwing outward or throwing away thus maintaining the equilibrium of mind and body as supreme unification (similar to the planetary orbit around the supreme centre).

In ancient Indian tradition, RAAS-LILA was synonymous to Sufi, wherein Gopis performed whirls around Lord Krishna in state of pure exaltation. Radha used to perform whirls for Lord Krishna in the state of pure devotion. Similarly, Mira performed for Lord Krishna in her own unvested love. Heer used to whirl around Ranjha in state of pure love (Punjabi saga of love).

Bulleh Shah, the famous Sufi faqir, learnt the Sufi whirling from the woman Dancers known as Kanjrian who used to perform whirling dances on the occasion of celebrations of Islamic festival of URUS. Bulleh Shah adorned lady dancers' attire of petticoat gown to hide his identity while performing whirling to seek the attention of his master, and thereafter all men folks wear the unisex gown attire representing the neutral as a whole nature of the pure Sufi dance form. It is also after the Bulleh Shah episode in the 17th Century in the Moghul Era of Punjab, Sufi traditions of dance, music and poetry has found more prominence with Islamic culture.

In the medieval / modern era "George Gurdjieff", the Russian spiritual teacher during the 19th Century, has given to the modern society the awareness of the purity of Sufi tradition and the modern society craves for seeking the universal purity synonymous with Sufi – by way of Sufi poetry, Sufi music and Sufi whirling performed by both men and women by following Sufi traditions devoid of bonds of religion and faith, because Sufi itself is tradition of universal purity of all faiths as the ultimate pure "The SUFI". ◆

Kidzone

■ Neepa Parekh

Kidzone is an exclusive space in our magazine Ananya Parivartan, especially for the little ones to get entertained & learn the basics in a fun way.

Here the kids can rack their brains with the puzzles & brain teasers & also unwind by indulging in some creative art & craft activities that we have for them.

We even have a story section for the kids to brush up on their reading skills and at the same time imbibe qualities & virtues to better one's self.

Kidzone encourages fun learning...

So to all the kids out there Enjoy... ♦





Best wishes : Shobhaben Yogesh Desai, Mumbai

Compiled by Forum Shiyad



HIGHLIGHTS of Prime Minister Narendra Modi's speech on 70th Independence Day at Red Fort in New Delhi:

Earlier, 55-77 km of rural roads used to be laid per day. Now we lay upto 100 km of rural roads a day.

In the field of solar power we have seen a growth of 116 per cent. It is unprecedented.

30,000-35,000 km of transmission lines used to be laid in the past. Now at least 50,000 km per day are being laid.

Cooking gas was available to 14 crore people in the last 60 years. In the last seven months alone, four crore people got these connections.

Out of 18,000 villages, more than 10,000 villages have been electrified and I have been told they are with us, watching this celebration of Independence Day.

Govt has made LED bulbs available at Rs. 50 per bulb.

We haven't allowed inflation to go beyond 6 per cent. There were two years of successive drought in the country. Production of pulses became a concern but despite all that we tried our best to control the situation and compared to previous governments, I and my government did not allow the cost of a poor man's thaali (plate) to be unaffordable.

Our scientists have created 171 types of high yielding variety seeds, so that we maximise output. I congratulate them. The shortage of fertiliser is like something out of a bad dream of the past. That shortage is history.

We have decided to raise pensions for freedom fighters by 20 per cent.

The Government will bear the health-care expenditure upto Rs 1 lakh per annum for the BPL families.

POLITICS:

- Government approves more Facilities for Minority Refugees from Neighboring Countries
- Najma Heptulla becomes Governor of Manipur
- Vijay Rupani takes oath as New Gujarat CM
- Sheila Dixit becomes Congress's Face for upcoming UP Election
- PM extends support to Balochistan in his Independence Day speech

ECONOMIC:

- Deputy Governor Urjit Patel to be the new RBI Governor
- Gadkari offers Tesla Land near major Indian ports to Make in India
- Govt clears bill seeking complete ban on commercial surrogacy
- Following the Presidential assent to the GST Bill, the Finance Ministry has notified for setting up the GST Council.

INTERNATIONAL:

- Morari Bapu's 9 day Ram Katha organised in Athens, Greece by the youth
- US asks Indian Govt to Protect Citizens amid "Rising Intolerance"
- British Secretary says GST will make India more attractive to Foreign Investment

TRAGEDIES:

- Terrorists kill 14 in Kokrajhar, Assam
- 24 dead in Mahad Bridge collapse on Mumbai-Goa highway
- Earthquake hits India-Myanmar Border Region
- 250 killed in an earthquake in Italy

SPORTS:

- India finishes Olymics'16 with two medals
- PV Sindhu helps India bag First Ever Women's Olympic Silver
- India's Sakshi Malik gets Bronze in women's wrestling
- Indian "Produnova" Dipa Karmakar misses Olympic Bronze by a Whisker
- India beats West Indies in Test Series of 4 Matches by 2-0
- Former Field Hockey Player Mohammed Shahid Passes Away

NATIONAL:

- Spiritual Guru Pramukh Swami Maharaja dies at 95 in Gujarat
- Bombay HC lifts Ban of Women inside the Haji Ali Dargah
- 'Nirbhaya' case convict attempts Suicide in Jail
- Ex-CM of Arunachal Pradesh Commits Suicide
- India declared the 66th most innovative economy
- Chargesheet filed against Chhota Rajan in J Dey Murder Case
- Manipur's Irom Sharmila breaks her fast after 16 years
- Judith D'Souza, Indian abducted in Kabul, Rescued
- INS Vikramaditya to be Ready for Action after Eight Months
- Salman Khan Acquitted in Blackbuck Case
- NGT to Ban Over 10 Year Old Diesel Vehicles in Delhi
- Kanhaiya Kumar & others granted regular bail

Best wishes : Anilaben Hemant Modi, Mumbai

૧ સ	ત્	૨ ધ	ર્મ		૩ ભ	ક્તિ		૪ વિ	
ત્		ર્મ			ક્તિ			ચા	
સં			૫ પા		મા		૬ શ	ર	ણ
ગ			ત્ર		ર્ગ				
	૭ યો	ગ્ય	તા			૮ સ	દ્	ગુ	રુ
૯ આ	ત્મ	પ	રિ	ણા	મ		૧૦ પ		
						૧૧ પ	ર	મા	ણુ
૧૨ જ	ન	૧૩ ક	વિ	૧૪ દે	હી		મા		
ડ		ર્મ		હ			ર્થ		



આડી ચાવીઓ :

૧) જે ધર્મ કરવાથી કર્મની નિર્જરા થાય તે..... છે. (૪)
૩) સકામ ..... થી જ્ઞાન થાય નહીં નિષ્કામ ..... થવી જોઈએ. (૨)
૬) જ્ઞાનીનું..... અને નિશ્ચય કર્તવ્ય છે. (૩)
૭) ..... વિના ઉપદેશ પરિણામ પામતો નથી. (૩)
૮) જેને સત્ પ્રાપ્ત છે તે ..... છે (૪)
૯) શ્રી જિન .....ની સ્વસ્થતાને સમાધિ કહે છે (૬)
૧૧) પુદ્ગલનાં નાનામાં નાના ભાગને..... કહે છે (૪)
૧૨) ..... સંસારમાં રહેવા છતાં અસંગ રહી શક્યા એ જો કે મોટું આશ્ચર્ય છે. (૬)

ઊભી ચાવીઓ :

૧) આત્માને સત્ય રંગ ચઢાવે તે..... છે.
૨) પદાર્થ પોતાનાં સ્વભાવમાં રહે એ એનો ..... છે. (૨)
૩) સત્ પુરુષોએ ..... સર્વોત્તમ પ્રકાશ્યો છે (૪)
૪) ..... વિના જ્ઞાન નહીં. (૩)
૫) સદ્ગુરુના ઉપદેશ વિના અને જીવની સત્..... વિના એમ થવું અટક્યું છે. (૩)
૧૦) જીવને ..... પામવામાં અપાર અંતરાય છે. (૪)
૧૨) ચેતન અને ..... બન્ને સ્પષ્ટ દ્રવ્ય છે (૨)
૧૩) ..... ખરેખર છે અને તે જડ છે. (૨)
૧૪) અહો ! આ ..... ની રચના (૨)

FORTHCOMING EVENTS

24 - 25 Sept 2016
- Readers Forum - *Rajnagar, Parli*

2 Oct 2016
- Param Gyaan Sabha - *Mumbai*

8 Oct 2016
- Special Shibir - *Rajnagar, Parli*

12 - 14 Oct 2016
- Hindi Shibir - *Rajnagar, Parli*

16 Oct 2016
- Aatmasiddhi Poojan - *Rajnagar, Parli*

28 - 31 Oct 2016
- Diwali Mantra Mala - *Rajnagar, Parli*

6 Nov 2016
- Param Gyaan Sabha - *Mumbai*

11 - 14 Nov 2016
- Senior Couples- Sadhna Shibir - *Parli*

Om Shree Prem Acharayaji's Satsang DAILY relay on **ARIHANT CHANNEL** at 9 am/11 pm
Om Shree Prem Acharayaji's Satsang is available live on
www.vitraagvigyaan.org

PUBLISHED BY: Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

EDITOR : Dr. Meena Goshar.

DESIGN : Hari Creation - 9561437108

CORRESPONDENCE ADDRESS

Spiritual Impressions Private Limited

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020
Tel: +91 22 22060477 Email: info@simpl.in

From Us... to You

ANANYA PARIVARTAN is the Bi-monthly spiritual magazine and an initiative of the **SHRIMAD RAJCHANDRA AATMA TATVA RESEARCH CENTRE**, located at Parli, Khopoli-Pali Road, Tal: Sudhagad, Dist: Raigad, Maharashtra.

ANANYA PARIVARTAN means an unprecedented change – a change which has never before come about in our lives since ages, a change which leads to improved life, relationships, positive creative thinking, self confidence, reduction of negativities like anger, malice etc. and a change ultimately leading to permanent bliss. It attempts to introduce you to your own true self.

ANANYA PARIVARTAN contains ample material for spiritual deep thinking such as discourses by an Enlightened Master, real life changing experiences of aspirants, motivational stories, health and fitness articles, funny anecdotes, puzzles and much more in 3 languages, Gujarati, Hindi and English.

Embark on a great adventure by subscribing for 1 year (Rs.400/-), 2 years (Rs. 750/-) or 3 years (Rs.1000/-).

Gift a Subscription to your near and dear ones, relatives, friends, colleagues ..... and earn punya.

For Inquiries, contact – info@simpl.in or 22060477 or visit www.vitraagvigyaan.org

For Subscription and Other Details Contact

Ahmedabad	Priti Shah	09898701070	pritishah927@gmail.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kirankjs@yahoo.com
Chennai	Paresh Sanghvi	09840202363	pareshsanghvi@rediffmail.com
Delhi	Keatanbhai Shah	09958916680	keatan.shah@gmail.com
Delhi	Shakunji Jindal	09971947111	
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Dubai	Satishbhai Pai	07045378287	
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.co.in
Hyderabad	Paras Vora	09505278201	parasvora9@hotmail.com
Jabalpur	Kirtibhai Savla	09300103641	kirti_savla@yahoo.com
Jamshedpur	Meena Bhayani	09430315223	bhayanimeena10@gmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@gmail.com
Mumbai	SIMPL Office	022 22060477	info@simpl.in
Pune	Rupesh Gopani	07875786100	rgopani@gmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gmail.com
Rajnandgaon	Sagar Jain	09827977880	sagar.sagarjain@gmail.com
Raipur	Vikas Kocheta	08871912349	kocheta.vk@gmail.com
USA	Hetalbhai Shah	+1 (647)283-4292	
USA	Reenaben Shah	+1(818) 859-8183	
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.co.in

SPONSORSHIP – GYAN DAAN

For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

Annual	**: Rs. 3,00,000/- (For all 6 issues)**
One Issue	**: Rs. 50,000/-**
Back Cover	**: Rs. 9,000/-**
Inside Front Cover	**: Rs. 7,500/-**
Inside Back Cover	**: Rs. 6,000/-**
Centre Spread	**: Rs. 11,000/-**

FOR SPONSORSHIP, PLEASE CONTACT:

Dr. Meena Goshar : 09819317038, mgoshar@gmail.com

Sanjiv Rawell : 09820186548, sanjurawell@gmail.com

Pratibha Chheda : 09324715450, pratibhachheda@yahoo.com

Ami Shah : 09820833166, info@simpl.in

Spiritual Impressions Private Limited

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 Email: info@simpl.in

Subscription Year : April to March

SUBSCRIPTION RATES

❖ **One Year : Rs. 400/-** ❖ **Two Years : Rs. 750/-** ❖ **Three Years : Rs. 1000/-**

ANANYA PARIVARTAN

SPIRITUAL IMPRESSIONS PVT. LTD

703, Sharda chambers,15 New Marine Lines, Mumbai-400020

Contact No: 022-22060477 **Email:** info@simpl.in **website:** www.vitraagvigyaan.org

Annual Subscription Form

(Please fill the form in capital letters)

Name of the Subscriber: _____

Address of Delivery : _____

_____ Landmark: _____

City: _____ PinCode: _____ State:_____ Country: _____

Tel: (R)_____ (O)_____

Mobile:_____E-mail:_____

Mode of payment: Cash / Cheque / DD No. _____ Dated _____

Drawn on Bank _____ for **Rs.** _____/-

(Rupees _____ **only).**

Date: ___/___/_____ Signature of the subscriber

* Subscription form should be sent to the above address.

Any amount payable can be directly deposited by cheque in any branch of **HDFC Bank, Current A/c No. 01432320011590** (Crawford Market, Mumbai) for credit of "**Spiritual Impressions Private Limited".** Please email to info@simpl.in after making deposit in HDFC Bank.

SHREE RAJ EDUCATIONAL CENTRE

NEW SCHOOL BUILDING INAUGURATION - 15 AUGUST 2016

















પર્યુષણ મહાપર્વ - ૨૦૧૬ : ગુરુ ગુણ વંદના, સંવત્સરી















